શાસનૈકલક્ષી વિવિધ વિષયક
ગ્રન્થમાળા પુષ્પ-૧૬

# સ્વાધ્યાય મંજરી

સંપાદક:
મુનિ ભુવનચંદ્રવિજય

"ગગનતણું જેમ નહિ માન,
તેમ અનંત ફળ જિનગુણગાન."

(પૂ. ઉ. શ્રી. સકળચંદ્રજી)

: સમ્યગ્-જ્ઞાન-પ્રચારક :

ગણપતચંદ પદમચંદ--બિજાપુર.

શાસનૈકલક્ષી વિવિધ વિષયક
ગ્રન્થમાળા પુષ્પ-૧૬

# સ્વાધ્યાય મંજરી


સંપાદક :

મુનિ ભુવનચંદ્રવિજય


"ગગનતણું જેમ નહિ માનં,
તેમ અનંત ફળ જિનગુણગાનં."

(પૂ. ઉ. શ્રી સકળચંદ્રજી)


ગજપાલ એસ. કાપડીઆ
વડોદરા

અરવિંદ એમ. પારેખ
મુંબઈ

# અમૃત

અનંત ઉપકારી અનંતજ્ઞાની વીતરાગ પરમાત્મા શ્રી તીર્થંકર દેવોની દોમદોમ બાહ્ય સાહ્યબી, અતિશયો, વાણીના પાંત્રીશ ગુણ અને વીતરાગતાનો વૈજ્ઞાનિક સુમેળ અને સંગતિ એ છે ખૂબી અનોખી અને અનુપમ શ્રી જૈનશાસનની

મણિખચિત સિંહાસન બેઠા શ્રી અરિહંત,<br>
દીએ દેશના વિરાગની શ્રીમુખે ભગવંત.

તીર્થંકર પરમાત્માની સંસારતારક સમૃદ્ધ દેશના, વિરાગની ઉછળતી છોળો, દાવાનલ તુલ્ય દુનિયાનું દુઃખ વર્ણન. મોક્ષના અવ્યાબાધ અનંત સુખની સ્થાપના. તે માટે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગનું વિશદ વિવેચન, નવતત્ત્વ અને પંચાચારની સ્યાદ્વાદ શૈલિથી પ્રરૂપણા. પુણ્ય અને પાપના અનાદિના ખેલનો પાકો ખ્યાલ. મોહે પેદા કરેલો ખુલ્લો અંધાપો. જડની જીવ–જગત્–પરની અનંતકાળની પકડ. કર્મોના પાશથી આત્માને–ભવ્યાત્માને મુક્ત કરવાની શ્રી તીર્થંકર દેવોની દ્રવ્યદયામય ભાવદયાનો સદા વહેતો મીઠો મધુરો, કલકલ સંગીતમય અમૃતઝરો.

આ અને આવા અનેક સુતત્ત્વોનો મીઠો મહેરામણ ભર્યો છે આ '**સ્વાધ્યાય મંજરી**'માં. શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા–રૂપક મહાગ્રંથના રચયિતા **પૂ. શ્રીસિદ્ધર્ષિ**

ગણિરચિત–૧. **શ્રી જિનસ્તવનમ્** શ્લોક૩૫–એટલે દીન હતાશ ભવ્યાત્માની આરજુ. સાદા પણ અપાર ભાવવાહી શબ્દોમાં નિજનું નિવેદન. પરમાત્માના પારાવાર ગુણોનું આડકતરૂં આલેખન. મહામહોપાધ્યાય–મહાતાર્કિક–ન્યાય વિશારદ–ન્યાયાચાર્ય–આરાધ્યપાદ ઉ. શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજાની–૨. **'પરમાત્મ પંચવિંશતિકા'**–શ્લોક–૨૫ પરમાત્મપદની આગવી મહત્તા–પરમાત્મ શુદ્ધ સ્વરૂપ–જ્ઞાન-માર્ગની વિશિષ્ટતા. રાગદ્વેષની ભયંકરતા, સિદ્ધસુખ વર્ણના-તીત, ધ્યાન અને ધ્યેયની ઉચ્ચ કક્ષાએ એકતા. વિ.વિ. અજબગજબનું અધ્યાત્મ પીરસે છે. પૂ. ઉપાધ્યાયજી એટલે સત્તરમી સદીના અનુપમ જ્ઞાન–સીતારા. તેઓશ્રીની શૈલિ અને રચના હરકોઈ ભાષામાં અધ્યાત્મના સ્પષ્ટ ઉંડાણમાં લઈ જઈ આત્માને આત્માનંદમાં તરબોલ બનાવી દે છે.

પરમાર્હત્ શ્રેષ્ઠજીવદયાપાલક–રાજાધિરાજ–**શ્રીકુમાર-પાલ મહારાજા**–વિરચિત–૩. **'સાધારણ જિન સ્તવનમ્'** શ્લોક ૩૩ સ્વનિન્દા–પરમાત્મસ્તુતિ સ્વ સ્વચ્છ લાઘવ. સ્વામીના સત્ય અતિશયોક્તિ વિનાની વિશદ સ્તવના. કમાલ કરી છે અમારા ભાવી ગણધરના આત્મા કુમારપાળે આ સ્તવનામાં. છેલ્લા ૩૩મા શ્લોકમાં થતી માગણી અને ન્યોછાવરતા આત્માને થંભાવી દે છે.

સરસ્વતીપુત્ર, અદ્ભુત શ્રદ્ધાધારક, મહાકવિ ધનપાળ વિરચિત–૪. **'શ્રીઋષભપંચાશિકા'**–૫૦ ગાથા. વર્ણન-વખાણ–એપ્રિશીએશન માટે શબ્દો જડતા નથી. એનો

આંશિક અર્ક આલેખવા માટે ક્ષયોપશમ નથી–કલમ એ સ્તવની સ્તવના કરવા શક્તિમાન નથી. આત્મા પરની કર્મોની કાલિમા દૂર કરી, શુક્લધ્યાનની શ્રેણિએ ચઢાવનાર એ અદ્ભુત કાવ્યના શબ્દેશબ્દમાં, વીતરાગવાણીનો, દ્વાદશાંગીનો, અર્ક ભર્યો છે. એની ઉપમાઓ અનુપમ છે. એનો ભાવ સંસાર ભાવને વિદારી મોક્ષ ભાવને પેદા કરનાર છે. હૂબહુ ચિત્ર આલેખન છે એ હૈયા ભાવનું. પરિણત આત્માની શુદ્ધ–વિશુદ્ધ ભાવનાનું.

આત્મા ધર્મના શુદ્ધ સ્વરૂપને આત્મસાત્ કરે. હૈયાની કોરે આલેખી લે. વીતરાગની વીતરાગતાને પામી જાય. આત્મપ્રદેશે–પ્રદેશે મુક્તિનો રણકાર જાગે, ત્યારે કેવા કેવા ભાવમાં, કેટલા ઉચ્ચકક્ષાના અધ્યવસાયોમાં રમતો રહે છે. એનો આ છે નાજુક નમણો ભાવોત્પાદક નમુનો અને... અને ૨૧મી ગાથામાં પ્રરૂપણા–ઉપયોગ કેટલો ઉંચી કોટિનો ! વિધિ–અપવાદનો કેવો સુંદર ખ્યાલ !

આ મહાભાગની કૃતિ દ્વારા સ્તુતિ–સ્તવના કરી કલિકાલ સર્વજ્ઞ–શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ શ્રી સિદ્ધાચળ તીર્થ પર, દાદાના દરબારમાં, શ્રીકુમારપાળ મહારાજાની હાજરીમાં.

એજ મહામહાશાસન–પ્રભાવક આરાધ્યપાદ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની અપૂર્વકૃતિ–૫. '**શ્રી વીતરાગ સ્તોત્રમ્**' પ્રકાશ–૨૦. શ્લોક ૧૮૮, એની તે શી પ્રશસ્તિ

આલેખવી? કરે કુમારપાળ અધ્યયન વીશે પ્રકાશનું હરહંમેશ. આ છે તત્ત્વજ્ઞાનનો દરિયો, મહાશાસનની જીવંત જ્યોત. અષ્ટપ્રાતિહાર્યનું સાદશવર્ણન–વીતરાગતાની સ્વયંભૂ ઓળખ. લોકોત્તર દેહની લાલિમા. અતિશયોનું હૂબહુ ચિત્ર. પ્રકૃતિની પારમાર્થિક વ્યાખ્યા. વીતરાગતા અને ઉત્કૃષ્ટ આઢ્યતાનો અલૌકિક સંયોગ. ચમત્કૃતિના ચમકારા. સુદેવ–કુદેવનો ચિતાર. સૃષ્ટિસર્જનતાનો સ્પષ્ટ પરિહાર. નિત્યાનિત્યની ફીલોસોફી. સ્યાદ્‌વાદની શુદ્ધપ્રરૂપણા, અનેકાંતવાદની અસ્મિતા. ઉત્પાદ–વ્યય–ધ્રુવાત્મક તત્ત્વત્રયી.

મારે તો સતયુગ કરતાં કલિયુગ વડો
મળ્યો મુજને જ્યાં શ્રી વીતરાગ બડો.

સ્વામી સેવક ભાવની અદૃશ્યતા. નારક જીવો માટે પણ સ્વામી સુખકારણ. વિરોધી તત્ત્વોમાં સમન્વય અને સાદશતા. એમાં રહેલી નાથની નરી ઉપકારિતા. તેના મૂળ કારણરૂપ સ્વામીનો સ્વરૂપ વિરાગ. નિષ્કારણ વાત્સલ્ય મૂર્તિ. મન–વચન–કાયાના યોગની સંહતિમાં રહેલી સ્વાભાવિકતા. ધ્યાતા–ધ્યેય–ધ્યાનની એકાત્મક ત્રિમૂર્તિ. મહાશાસન અને શાસનાભાસની તુલા. અમૃત અને ઝેરની ખુલ્લી ઉપમા. પ્રભુગુણગ્રામ લમ્પટતામાં જ મુક્તિની રમણીયતા. તેમાંથી પ્રગટતી સ્વરૂપસમતા અને અલૌકિક સમાધિ. દુષ્કૃતનિન્દા સુકૃત અનુમોદના. સિદ્ધો–મુનિઓ–અને શાસનને સમર્પિતતા. ક્ષમાપના અને વિશ્વમૈત્રીભાવ, એકત્વ ભાવના અને અરિહંતનું શરણ, નાથના નાથને કઠોર શબ્દોમાં વિજ્ઞપ્તિ.

વીતરાગની આજ્ઞાનું પાલન એટલે શિવસંપદ–મુક્તિ. આજ્ઞાની વિરાધના એટલે સંસારમાં રખડપટ્ટી. આશ્રવ હેય સંવર ઉપાદેય. પરમાત્માના પાદરજની મહત્તા, દાસ ભાવે–સેવક ભાવે–કિંકરભાવે ન્યોછાવરતા.

શું બાકી રાખ્યું સર્વજ્ઞપુત્રે? સર્વજ્ઞપુત્ર અને સ્તુતિ પસંદગી–ધનપાળ સદશ શ્રમણોપાસકની કૃતિની. છે નમ્રતા અને ગુણાનુરાગનો જોટો? મહાપુરુષોના મન–વચન–કાયાના ખેલજ અનેરા. મન ઉદાર અને વિશદ વાણી મીઠી–મધુરી, નમ્ર અને પરમાત્મ ગીતિથી ભરેલી. કાયા–માયા મૂકતી–મૂકાવતી–તપાદિસહ પરોપકારને સાધતી. ધન્ય છે કૃતિ! ધન્ય છે જીવન!

આ રીતે માત્ર ૩૦૬ શ્લોક ગાથાની બનેલી–સંગ્રહેલી આ નાનીશી કૃતિ. માટેજ એનું નામ 'મંજરી'. સ્વાધ્યાય પૂ. સાધુસાધ્વી ગણનો પ્રાણ. એજ કરે શ્રી ચતુર્વિધ સંઘનું ત્રાણ. સ્વાધ્યાય શ્રાવક–શ્રાવિકાઓ માટે વિશેષ ઉપકારી. 'સ્વાધ્યાય મંજરી' કિન્નરીગણ પણ ગાય. આનંદ હૈયે ન માય. ભવપીડથી છૂટાય. મુક્તિમાં જઈ સમાય. અનંત અવ્યાબાધ સુખ મનાય. પૂ પં. શ્રી. **ભદ્રંકર વિજયજી** ગણિવર–સંપાદિત જિન–ભક્તિ ઉપકારક ગ્રંથમાંથી–સશબ્દ ઉદ્ધૃત–આ કૃતિ માટે પૂ. શ્રી. નોજ ઉપકાર યાદ કરવો.

ભવોદધિતારક–પરમોપકારી–શાસન તેજ–સરસ્વતીપુત્ર–આરાધ્યપાદ–ગુરુભગવંત સમર્થ ગચ્છાધિપતિ–**શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાનો** ચરણકિંકર **બાલ ભુવનચંદ્ર** આપે હૈયાની નતિ માર્ગાનુસારી શ્રી શ્રમણગણને.

મુનિ. ભુવનચંદ્રવિજય

# શ્રદ્ધાંજલિ

## અદ્‌ભુત અદ્‌ભુત

પરમારાધ્ય શ્રી **સિદ્ધર્ષિગણિ મહારાજા** એક અદ્‌ભુત સાહિત્યકાર, રૂપકકથાકાર અને શ્રી જૈનેન્દ્ર શાસનના સમૃદ્ધ આરાધક થઈ ગયા. 'ઉપમિતિ–ભવ–પ્રપંચિકા રૂપકકથા એક અનોખી પ્રતિભા અને અદ્‌ભુત સ્મરણ શકિત સાથે પાત્ર ગુંથણીની આલ્હાદક અસ્મિતા બતાવે છે.

તેઓ શ્રી માટે કિંવદન્તી છે કે ત્રણ (કે એકવીસ) ફેરા અન્ય મતથી આકર્ષાયા અને પાછા અનાદિકાલીન શુદ્ધ સૈદ્ધાંતિક માર્ગમાં સ્થિર થયા. સ્થિર થયા એટલું જ નહિ પણ અનેકોને સનાતન સત્યમાં સ્થિર કરતા વિપુલ સાહિત્યની રચના કરી

"ઉપમિતિ" નો ગુર્જર ગિરામાં અનુવાદ પણ થયો છે. લગભગ સાતસો સાતસો પાનાના ત્રણ ભાગમાં સમાય. વાંચો અને આનંદો. 'વસંત' ઋતુનું વર્ણન તો જાણે તમે 'વસંતમાં બેઠા છો.' ક્રોધનું વર્ણન તો જાણે સાક્ષાત્ ક્રોધ સામોજ ઉભો છે. સ્નાત્ર મહોત્સવનું વર્ણન દિવ્ય દુનિયામાં ખડા કરી દે છે. આતો માત્ર અણસાર.

આવા એક મહાપૂજ્યની, અત્યંત ભાવભરી, આત્માનું આક્રંદન રજુ કરતી કૃતિથી આ લઘુગ્રંથની શરૂઆત કરતાં, એક અનેરો આનંદ અનુભવ્યો.

'અપાર ઘોર સંસાર' શબ્દોથી શરૂઆત કરતા મહાપુરુષ સંસારના યથાસ્થિત સ્વરૂપનો ખ્યાલ ખડો કરી,

હૈયાની નતિ અને ભક્તિપૂર્વક પરમપ્રભુને મીઠો બોલ ભો કમાલ રીતે આપે છે. સ્તવના કરતા ભક્તને ભક્તિમાં તરબોળ બનાવી દે છે. પરમાત્માના ચરણમાં અને શરણમાં સમર્પિત બનાવે છે.

## અસ્મિતા

પરમારાધ્યપાદ કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વર મહારાજાએ** પોતાના બાલ્યકાળમાં પૂ. ગુરુદેવને આકર્ષ્યા. શ્રી સંઘસહ પૂ. ગુરુદેવ માતા પાસે શાસનરત્નની માગણી કરે. માતા મુક્તભાવે સમર્પણ કરે. ઉદયનમંત્રી સૌમ્યકળા-યુક્ત સમર્પણથી તેઓશ્રીના પિતાની સમ્મતિ મેળવે. સાધુપણાના ગણવેશમાં ગરિમા ઝબકી ઉઠે. કોયલાના રૂપમાં દેખાતું સુવર્ણ, દૃષ્ટિપાતથી સુવર્ણ દેખાય. સ્પર્શમાત્રથી સુવર્ણરૂપમાં ઝબકે. ગુર્જરેશ સિદ્ધરાજ 'ધર્મલાભ' ના આશીર્વાદથી પ્રભાવિત અને પુલકિત બને. રાજ્યસભામાં પૂ. શ્રી અગ્રિમ સ્થાન ધરાવે. સિદ્ધહૈમ વ્યાકરણ બને.

ગુર્જરેશ્વર કુમારપાળ ૭૦ વર્ષની ઉમરે પરમાર્હત બને, અસ્થિમજ્જા પ્રભુશાસનને અને પૂ. શ્રી ને સમર્પિત બને. આચરણા અને પાલન આશ્ચર્ય પમાડે તેવું. અહિંસાના પ્રચાર અને પ્રસર માટે આ કાળનું શ્રેષ્ઠ દૃષ્ટાન્ત. બધું સર્જાયું પૂ. શ્રી ની અપ્રતિમ પ્રતિભા, શાસન સમર્પિતતા અને હૈયાની વિશાળ ઉદારતાથી.

સારાએ ભારતવર્તને અનુપમ શ્રેષ્ઠ સાહિત્ય લાખો શ્લોક પ્રમાણનું પુ. શ્રીએ અનેકવિધ સાહિત્યની શાખાઓ દ્વારા અર્પણ કર્યું છે. કાવ્ય-વ્યાકરણ-ઇતિહાસ-ધર્મ-સાહિત્ય દાર્શનિક ગ્રંથો વિ. વિ. દ્વારા સારાએ ઉપકારક ક્ષેત્રોમાં, વિશાળ દૃષ્ટિયુક્ત ખેડ કરી છે. માટે તો દાઢી મૂછવાળી 'સરસ્વતી' તરીકે પૂ. શ્રીની વિદ્દ્વર્ગમાં પણ ઓળખ હતી અને છે.

સૂર્યનું વર્ણન આગીઓ કરી શકે ? આ તો થોડી લકીરોમાં બાળ પ્રયાસ. માત્ર અંગુલિનિર્દેશ. પ્રાકૃતજનો માટેની અલ્પ પ્રસ્તાવના. સર્વતોમુખી અસ્મિતાનો ઉપોદ્‌ઘાત.

## સાહિત્ય સમ્રાટ

પરમારાધ્યપાદ **મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા** એટલે સત્તરમી સદીના જ્યોતિર્ધર. શ્રી જૈન શાસનના સમર્થ સિતારા બાળવયમાં માત્ર શ્રવણથી ભક્તામર મુખે માતાને સંભળાવે અને પારણું કરાવે. નાની વયમાં શ્રેષ્ઠ સાધુપણાનો સ્વીકાર. પૂ. ગુરુદેવ પ્રત્યે સ્વાભાવિક સમર્પિતતા. સ્વાધ્યાય અને સંયમની એકધારી વણથંભી ઉપાસના. પાંડિત્ય પારાવાર. બુદ્ધિ-કુશળતા માંધાતા પંડિતોના માન મૂકાવે.

સાહિત્ય સર્જન વિવિધ ભાષામાં. લોકભોગ્ય સરળ

સાહિત્ય સિદ્ધાંતો અને દૃષ્ટાંતોથી ખીલી ઉઠતું. ન્યાય વિશારદ ન્યાયાચાર્યનું બિરૂદ કાશીના અભેદ્ય કિલ્લામાં બ્રાહ્મણ પંડિતોદ્વારા. પૂ. શ્રીના ન્યાયના ગ્રંથો એટલે વિશદ સાધન ન્યાયના અભ્યાસીઓ માટે. ૧૨૫–૧૫૦–૩૫૦ ગાથાદિનાં સ્તવનો, સજ્ઝાયો અને સ્તુતિઓ ઉપાસકને આત્માનંદમાં રમાડે, હૈયાને ડોલાવે. મનને મલકાવે. એક-ધ્યાન એકતાન બનાવે. સંસારના રંગરાગ ભૂલાવે. વિરાગ અને વૈરાગ્યમાં તરબોળ બનાવે–ભેદજ્ઞાન જન્માવે.

સંકટ અને ઉપદ્રવો સહ્યા અનેક. હાથે લખેલ સાહિત્યની એકની એક પ્રત બાહ્ય અભ્યંતર વિરોધી વર્ગ સમય પામી બાળી નાખે. અનેક કુયુકિતઓ રચે, પણ અડગતા અને હૈયાદિલી એની એજ. ક્રિયાનુષ્ઠાનમાં પણ સરસ રતતા.

ખૂબી તો જુઓ. ગુર્જર ગિરામાં–દ્રવ્યગુણ–પર્યાયનો રાસ અને એ ગ્રંથ ઉપર સંસ્કૃત ટીકાઓ પારાવાર. તત્વાર્થાધિગમ એન્સાયકલોપીડીઆ ઓફ જૈનીઝમ ગણાતો ગ્રંથ. પાછળથી ઉત્પન્ન થએલ સંપ્રદાયને પણ પૂર્ણ માન્ય. એમાં સૂચિત છે મોક્ષનો માર્ગ. સંપૂર્ણ તત્ત્વજ્ઞાનનો ખજાનો. વિશ્વનું સ્વરૂપ અને વિશ્વકલ્યાણનો અહોભાવ.

## કવિ–સમ્રાટ

કવિશેખર–**પરમશ્રાવક શ્રી ધનપાલ** કવિ. નું શ્રેષ્ઠ સર્જન તિલકમંજરી. કવિવર શ્રી કાળીદાસના કાદંબરી

ગ્રંથને ઘડીભર ભૂલાવે. અસલમાં પણ્ડિત બ્રાહ્મણ. જૈનધર્મ પર પૂરો દ્વેષ. પણ વડીલ સાધુભ્રાતાએ સુતત્ત્વનું ભાન કરાવ્યું. સાન સાચા સ્વરૂપમાં ઝબકી ઉઠી. વિદ્વત્તાના વમળમાંથી નીકળી આત્મ સ્વરૂપના શુદ્ધ ભાનની શરણાઈના સૂરે આત્મા રંગાઈ ગયો.

અને પછી...પ્રાપ્તબુદ્ધિ અને સુંદર ક્ષયોપશમ સોળે કળાએ આત્મનાદથી ગાજી ઉઠયા. રાજા ભોજ જેવા પણ વારંવાર ધનપાળ કવિની પ્રજ્ઞા, હાજરજવાબી અને સમય પ્રાયોગ્ય સ્ફટિક સ્વચ્છ આચરણાથી છક્ક બની ગયા.

પણ...પણ અભિમાનનો પારો એક પ્રસંગમાં રાજા ભોજને અવળમતિમાં નાખી દે છે. ઉચ્ચકોટિની કૃતિને 'અગ્નયે સ્વાહા' કરી દે છે. મહાકવિ અને પરમાત્માના પરમ ભક્તને મહાન ધાર્મિક સાહિત્યગ્રંથના વિનાશથી આઘાત તો જબ્બર લાગે જ ને! પણ સ્વપુત્રીના તીવ્ર ક્ષયોપશમે કરી સારોએ ગ્રંથ પુનઃ સર્જન થાય છે. અને તેથી જ તે ગ્રંથનું નામ 'તિલકમંજરી' નિર્માણ થાય છે.

શ્રદ્ધાબળ–વિવેક અને સ્વાભાવિક માનસિક ઉદારતા. પ્રભુશાસનના બળે વૃદ્ધિંગત થએ જ ગયા અને અધ્યાત્મભાવ એવો અનેરો કોટિનો પરમાત્મભાવ સાથે તાદાત્મ્યભાવને પામતો ગયો કે એમની એક કૃતિ ઋષભપંચાશિકા પ્રત્યેનો પૂ. હેમચંદ્રાચાર્યશ્રીનો અહોભાવ સાકાર રૂપમાં

ગિરિરાજ પર પરમાર્હત કુમારપાળ મહારાજાને જોવા—અનુભવવા મળ્યો.

મહાકવિ અને શ્રેષ્ઠ શ્રાદ્ધવર્ય સર્વજ્ઞપુત્ર સાચા અર્થમાં ગણાતા અનેક પ્રસંગો તેમના જીવનમાં તેની સાબીતિ આપતા ગુંથાયા છે.

## સાત્વિક અહિંસા

પરમાર્હત ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજા માટેની સુંદર–સ્વચ્છ હકિકતમાં પૂર્ણસત્ય પ્રશસ્તિ છે કે :

ન સ્વર્ગે ન ક્ષિતિમણ્ડલે ન વડવાવક્ત્રે ન લેભે સ્થિતિં ।
ત્રૈલોક્યૈક હિત પ્રદાપિ, દીના યયા યા ચિરમ્ ॥
ચૌલુક્યેન કુમારપાલવિભુના પ્રત્યક્ષ માવાસિતા ।
નિર્ભીકા નિજમાનસૌકસિ વરે, કેનોપમીયેત સઃ ॥

'અહિંસા' ને રાજ્યકારભારમાં પણ ઝીણવટ
ભર્યું સ્થાન આપનાર,
'મકોડા' નો જીવ બચાવવા પગના માંસને
છરી વડે કાપી દૂર મૂકનાર,
યુદ્ધના મેદાનમાં પણ પોતાની ધાર્મિક
આવશ્યકક્રિયાને ન ચૂકનાર,
સારીએ સેના ફૂટી જવા છતાં રિપુને જીતનાર
અને સેના પર રોષ ન કરનાર,

અન્યાન્ય દેશોમાં અને યવન રાજ્યમાં પણ
કળથી અહિંસાને ફેલાવનાર,
'વિષ' આપનાર પ્રત્યે પણ મૈત્રી ભાવ
ધરી સમાધિમાં રહેનાર,
પરાપૂર્વથી ચાલતી નીતિથી પણ અપુત્રીયાનું
અઢળક ધન ન લેનાર,
સામાન્ય ઉપકારીને પણ યાદ કરી ગામના
ગામ દાનમાં આપનાર,

અનુપમ શ્રદ્ધાવાન, સદાએ વીતરાગ મહાસ્તોત્રના વીસેય પ્રકાશનો સ્વાધ્યાય કરનાર. અઢાર દેશનું એકચક્રી રાજ્ય કરવા છતાં વિરાગદશામાં રમતા. ન્યાય અને નીતિથી પ્રજાનું પુત્રવત્ પાલન કરનાર. પરસ્ત્રીને કદી છાતી ન આપનાર, યુદ્ધ ભૂમિમાં કદી પીઠ ન બતાવનાર, સંસ્કૃત ભાષાનો અતિવૃદ્ધ ઉંમરે અભ્યાસ કરી ભક્તિસ્તોત્ર બનાવનાર, અરિહંત પરમાત્માના અદકા સેવક, મહારાજા કુમારપાળની ગુણ રાશિને કલમ કઈ રીતે આલેખી શકે ?

જીવન જીવી જાણ્યું. મરણ આત્મસમાધિમય બનાવી દીધું. ગણધર પ્રાયોગ્ય નામ કર્મ પેદા કરી લીધું.

# શુદ્ધિપત્ર

| પેજ | શ્લોક | શુદ્ધ |
|---|---|---|
| ૪ | ૧૩ | वर्जिते |
| ૨૭ | (શિર્ષક) | कविश्री |
| ૨૯ | ૫ | धरावसम्मुह |
| ૩૨ | ૧૨ | विसज्जिअ |
| ૩૨ | ૧૨ | च्छडाहिं |
| ૩૩ | ૧૪ | खेअराहिवा |
| ૪૭ | ૪૧ | यैः |
| ૪૭ | ૪૧ | परसमया |
| ૫૧ | ૫૦ | कम्मिंधण |
| ૫૩ | ૫ | रसःश्रुतिः |
| ૫૬ | ૧૭ | जागरेऽपि |
| ૬૨ | ૭ | कुवाहं |
| ૬૩ | ૨ | मवासित |
| ૬૫ | ૧ | सर्वथा |
| ૬૭ | ૭ | मारयो |
| ૭૨ | ૮ | તાર્કિકોની |
| ૭૬ | ૬ | दशां |
| ૭૯ | ૬ | वञ्च्यते |
| ૭૯ | ૭ | मुक्तान् |

| | | |
|---|---|---|
| ૮૧ | ૧૧ | लोकम्पृण |
| ૮૯ | ૬ | वह्निनी |
| ૯૦ | ૧ | इत्यन्योन्याश्रयं |
| ૯૮ | ૮ | औदासीन्येऽपि |
| ૯૮ | ૮ | विश्वविश्वपिकारिणे |
| ૧૦૪ | ૪ | योगे |
| ૧૦૬ | ૨ | गरिष्ठेभ्यो |
| ૧૧૫ | ૮ | मुञ्च |
| ૧૧૯ | ૨ | कांश्चित्तुष्टया |
| ૧૨૩ | ૫ | ज्योत्स्नासु |

આ લઘુપણ ભાવવાહી 'સ્વાધ્યાય-મંજરી'ના પ્રુફ સુધારવામાં અને શુદ્ધિપત્ર તૈયાર કરી આપવામાં પૂ. વિદ્વાન મુનિરાજશ્રી **રત્નભૂષણવિજયજી મ. ની** ચીવટ અને કાળજી અમારી અનુમોદનાનો વિષય બની રહે છે.

પ્રકાશકો

કલિકાલ સર્વજ્ઞ ગુર્જરેશ્વર
કુમારપાળ પ્રતિબોધક
સાર્વીય સાહિત્યકાર પૂ. આ ભ.

## શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મહારાજા.



કોટિશ: વંદનાવલી
ગણપતચંદ પદમચંદ—બીજાપુર

ન્યાય વિશારદ ન્યાયાચાર્ય

મહાતાર્કિક સાહિત્ય શેખર પૂ. મહોપાધ્યાય

## શ્રી યશોવિજયજી મહારાજા.



કોટિશઃ વંદનાવલી

ગણપતચંદ પદમચંદ—બીજાપુર

श्रीउपमितिभवप्रपंचामहाकथारचयिता
श्रीसिद्धर्षिगणिविरचितम्

# ॥ श्रीजिनस्तवनम् ॥

---:●:---

**अपारघोरसंसार–निमग्नजनतारक! ।**
**किमेष घोरसंसारे, नाथ! ते विस्मृतो जनः? ॥१॥**

પાર વગરના મહા ભયંકર સંસાર સમુદ્રમાં ડૂબી ગયેલા પ્રાણીને તારનાર હે નાથ! આ ભયંકર સંસાર સમુદ્રમાં શું તમે મને ભૂલી ગયા છો? (૧)

**सद्भावप्रतिपन्नस्य, तारणे लोकबान्धव! ।**
**त्वयाऽस्य भुवनानन्द! येनाद्यापि विलम्ब्यते? ॥२॥**

કે જેથી હે લોકબાંધવ! ત્રણ ભુવનને આનંદ આપનાર! મેં સાચા ભાવથી આપને સ્વીકાર્યા છે, છતાં આપ મને સંસારમાંથી તારવાને હજુ પણ ઢીલ કરો છો? (૨)

**आपन्नशरणे दीने, करुणाऽमृतसागर! ।**
**न युक्तमीदृशं कर्तुं, जने नाथ! भवादृशाम् ॥३॥**

અહો કરૂણામૃતના સમુદ્ર! શરણે આવેલા દીન જનની ઉપર આપના જેવા દીનવત્સલે એ પ્રમાણે કરવું કોઈ પણ રીતે ઉચિત નથી. (૩)

**भीमेऽहं भवकान्तारे, मृगशावकसन्निभः ।**
**विमुक्तो भवता नाथ!, किमेकाकी दयालुना ? ॥४॥**

હે નાથ! આપના જેવા દયાળુએ ભયંકર એવા આ ભવરૂપી જંગલમાં હરણના બચ્ચાની જેમ મને એકાકી કેમ મૂક્યો છે? (૪)

**इतश्चेतश्च निक्षिप्त—चक्षुस्तरलतारकः ।**
**निरालम्बो भयेनैव, विनश्येऽहं त्वया विना ॥५॥**

આમતેમ ચક્ષુને ફેંકતો ચંચલ કીકીવાળો અને આધાર વિનાનો હું ભયનો માર્યો આપના વિના અવશ્ય નાશ પામીશ. (૫)

**अनन्तवीर्यसम्भार!, जगदालम्बदायक! ।**
**विधेहि निर्भयं नाथ!, मामुत्तार्य भवाटवीम् ॥६॥**

હે અનંત વીર્યના સંભાર! જગતને આલંબન દેનાર! નાથ! મને સંસારરૂપી અટવીથી પાર ઉતારીને ભય વગરનો કરો. (૬)

**न भास्कराहते नाथ! कमलाकरबोधनम् ।**
**यथा तथा जगन्नेत्र!, त्वदृते नास्ति निर्वृत्तिः ॥७॥**

હે નાથ! કમળના વનનો વિકાસ કરનાર જેમ સૂર્ય સિવાય બીજું કોઇ નથી, તેમ હે જગતના

ચક્ષુ! આપના વગર મારી નિર્વૃત્તિ (મોક્ષ) કોઈથી થનાર નથી. (૭)

**किमेष कर्मणां दोषः?, किं ममैव दुरात्मनः?।**
**किं वाऽस्य हतकालस्य?, किं वा मे नास्ति भव्यता?॥**

હે ત્રણ ભુવનના ભૂષણરૂપ ભગવાન! શું આ મારા કર્મનો દોષ છે? અથવા દુરાત્મા એવા મારો પોતાનો દોષ છે? અથવા શું આ અધમ કાળનો દોષ છે! અથવા શું મારામાં ભવ્યતા નથી? (૮)

**किं वा सद्भक्तिनिर्ग्राह्य!, सद्भक्तिस्त्वयि तादृशी।**
**निश्चलाऽद्यापि संपन्ना, न मे भुवनभूषण!॥९॥**

અથવા હે સદ્‌ભક્તિથી ગ્રાહ્ય થનાર! ભુવન ભૂષણ! મારી હજી આપનામાં એવી નિશ્ચલ ભક્તિ જ થઈ નથી? (૯)

**लीलादलितनिःशेषकर्मजाल! कृपापर!।**
**मुक्तिमर्थयते नाथ!, येनाद्यापि न दीयते?॥१०॥**

હે લીલા માત્રમાં સમસ્ત કર્મની જાળને કાપી નાખનાર! કૃપાતત્પર! નાથ! તે કારણથી મુક્તિને માંગવા છતાં હજુ પણ મને આપતા નથી? (૧૦)

**स्फुटं च जगदालम्ब!, नाथेदं ते निवेद्यते।**
**नास्तीह शरणं लोके, भगवन्तं विमुच्य मे॥११॥**

હે જગતના આલંબન! નાથ! હું સ્પષ્ટપણે જણાવું છું કે આ લોકમાં મારે આપના સિવાય બીજું કોઈ શરણ નથી. (૧૧)

**त्वं माता त्वं पिता बन्धु-, स्त्वं स्वामी त्वं च मे गुरुः।**
**त्वमेव जगदानन्द!, जीवितं जीवितेश्वर! ॥१२॥**

હે જગદાનંદ! જીવિતેશ્વર! આપ મારા માતા છો, આપ મારા પિતા છો, આપ મારા બંધુ છો, આપ મારા સ્વામી છો, આપ મારા ગુરુ છો, અને આપ જ મારા જીવન છો. (૧૨)

**त्वयाऽवधीरितो नाथ!, मीनवज्जलवर्जिते।**
**निराशो दैन्यमालम्ब्य, म्रियेऽहं जगतीतले ॥१३॥**

હે નાથ! આપનાથી તિરસ્કાર કરાયેલો હું નિરાશ થઈને જળ વગરના માછલાની પેઠે નિરાધાર બની પૃથ્વી ઉપર મરી જઈશ. (૧૩)

**स्वसंवेदनसिद्धं मे, निश्चले त्वयि मानसम्।**
**साक्षाद्भूतान्यभावस्य, यद्वा किं ते निवेद्यताम्? ॥१४॥**

હે ભગવાન્! મારૂં મન નિશ્ચલ એવા આપનામાં લીન થઇ ગયું છે, એ વાત મને જાત અનુભવથી સિદ્ધ છે. અથવા સાક્ષાત્ થયા છે અન્ય પ્રાણીઓના

ભાવો જેમને એવા આપને શું તે જણાવવાની જરૂર છે? (૧૪)

मच्चित्तं पद्मवन्नाथ !, दृष्टे भुवनभास्करे ।
त्वयीह विकसत्येव, विदलत्कर्मकोशकम् ॥१५॥

હે નાથ! ત્રણ ભુવનને વિષે સૂર્ય સમાન એવા આપને દેખતાં કમળની પેઠે મારૂં ચિત્ત અહીં કર્મરૂપી કોશેટાને ભેદતું અવશ્ય વિકાસને પામે છે. (૧૫)

अनन्तजन्तुसन्तान,–व्यापाराक्षणिकस्य ते ।
ममोपरि जगन्नाथ !, न जाने कीदृशी दया! ॥१६॥

હે જગન્નાથ! અનંતપ્રાણિઓના સમૂહના વ્યાપારને વિષે અક્ષણિક–વ્યાપૃત એવા આપને મારા ઉપર કેવી દયા છે, તે હું જાણતો નથી! (૧૬)

समुन्नते जगन्नाथ !, त्वयि सद्धर्मनीरदे ।
नृत्यत्येष मयूराभो, मद्दोर्दण्डशिखण्डिकः ॥१७॥

હે જગન્નાથ! સદ્ધર્મરૂપી વાદળ ચઢી આવતાં આ મારા ભુજા દંડરૂપી મયુરો મયુરની જેમ નાચ કરે છે. (૧૭)

तदस्य किमियं भक्तिः?, किमुन्मादोऽयमीदृशः? ।
दीयतां वचनं नाथ !, कृपया मे निवेद्यताम् ॥१८॥

હે નાથ ! આ તે શું એની ભક્તિ છે કે ગાંડાઇ છે ! તે વચન વડે મને જણાવો, કૃપા કરીને મને કહો. (૧૮)

**मञ्जरीराजिते नाथ !, सच्चूते कलकोकिलः ।**
**यथा दृष्टे भवत्येव, लसत्कलकलाकुलः ॥१९॥**

હે નાથ ! મંજરીથી સુશોભિત સુંદર આમ્ર-વૃક્ષને જોતા જેમ મનોહર કોયલ કલકલ શબ્દ કરવા લાગે છે, (૧૯)

**तथैव सरसानन्दबिन्दुसन्दोहदायके ।**
**त्वयि दृष्टे भवत्येव, मूर्खोऽपि मुखरो जनः ॥२०॥ युग्मम्**

તેમ સરળ—રસવાળા આનંદબિંદુના સમૂહને આપનાર આપને જોતાં આ મૂર્ખ માણસ પણ વાચાલ થઈ જાય છે. (૨૦)

**तदेनं माऽवमन्येथा, नाथासंबद्धभाषिणम् ।**
**मत्वा जनं जगज्ज्येष्ठ !, सन्तो हि नतवत्सलाः ॥२१॥**

તે કારણે હે જગતના શ્રેષ્ઠ પુરૂષ ! હે નાથ ! આ અસંબદ્ધ ભાષણ કરનાર છે, એમ માનીને નમન કરનાર પ્રાણીઓ પ્રત્યે વત્સલભાવ ધારણ કરનારા હોય છે. (૨૧)

किं बालोऽलीकवाचाल, आलजालं लपन्नपि ।
न जायते जगन्नाथ ?, पितुरानन्दवर्धनः ? ॥२२॥

હે જગતના નાથ ! એક બાળક અસ્તવ્યસ્ત, કાલું ઘેલું કે સાચું ખોટું બોલે છે તો પણ શું પિતાને આનંદ વધારનાર થતું નથી ? (૨૨)

तथाऽश्लीलाक्षरोल्लापजल्पाकोऽयं जनस्तव ।
किं विवर्धयते नाथ !, तोषं किं नेति कथ्यताम् ? २३॥

હે નાથ ! હું અશ્લીલ અક્ષરોના ઉલ્લાપરૂપ જેવી તેવી ભાષામાં બોલું છું તેથી આપના આનંદમાં વધારો થાય છે કે નહિ, તે આપ મને કહો. (૨૩)

अनाद्यभ्यासयोगेन, विषयाशुचिकर्दमे ।
गर्ते सूकरसंकाशं, याति मे चटुलं मनः ॥२४॥

હે નાથ ! અનાદિકાળના અભ્યાસથી મારૂં ચંચળ મન વિષય રૂપ અપવિત્ર કાદવમાં ભૂંડની જેમ ચાલ્યું જાય છે. (૨૪)

न चाहं नाथ ! शक्नोमि, तन्निवारयितुं चलम् ।
अतः प्रसीद तद्देवदेव ! वारय वारय ॥२५॥

હે નાથ ! એ મારા ચપલ મનને અટકાવવાને હું સમર્થ નથી, તો હે દેવના દેવ ! મારા ઉપર કૃપા

કરો અને તેને વિષયરૂપ અશુચિમાં જતું અટકાવો, અટકાવો. (૨૫)

**किं ममापि विकल्पोऽस्ति, नाथ! तावकशासने।**
**येनैवं लपतोऽधीश!, नोत्तरं मम दीयते? ॥२६॥**

હે નાથ! શું મને આપની આજ્ઞા સંબંધમાં કંઈ શંકા છે? જેને પરિણામે હું આટલું કહું છું છતાં મને ઉત્તર આપતા નથી? (૨૬)

**आरूढमीयतीं कोटीं, तव किङ्करतां गतम्।**
**ममाप्येतेऽनुधावन्ति, किमद्यापि परीषहाः? ॥२७॥**

હે નાથ! હું આપના કિંકરપણાને પામ્યો—આટલી હદે ચઢયો છતાં હજુ સુધી આ પરિષહો મારી પાછળ દોડે છે તેનું કારણ શું? (૨૭)

**किं चामी प्रणताशेष—, जनवीर्यविधायक!।**
**उपसर्गा ममाद्यापि, पृष्ठं मुञ्चन्ति नो खलाः? ॥२८॥**

હે નમનાર જનના વીર્યને વધારનાર! નાથ! આ દુષ્ટ ઉપસર્ગો હજુ સુધી પણ મારો કેડો કેમ છોડતા નથી? (૨૮)

**पश्यन्नपि जगत्सर्वं, नाथ! मां पुरतः स्थितम्।**
**कषायारातिवर्गेण, किं न पश्यसि पीडितम्? ॥२९॥**

હે નાથ ! આખા જગતને આપ જુઓ છો છતાં આપની સન્મુખ ઉભેલા અને કષાયરૂપી શત્રુઓથી પીડિત થયેલા આ સેવકને આપ કેમ જોતા નથી ? (૨૯)

**कषायाभिद्रुतं वीक्ष्य, मां हि कारुणिकस्य ते ।**
**विमोचने समर्थस्य, नोपेक्षा नाथ ! युज्यते ॥३०॥**

હે નાથ ! મને કષાયોથી પીડાએલો જોયા છતાં અને તેનાથી મૂકાવવાને સમર્થ છતાં આપ જેવા દયાળુને મારા પ્રત્યે ઉપેક્ષા ધારણ કરવી વ્યાજબી નથી. (૩૦)

**विलोकिते महाभाग !, त्वयि संसारपारगे ।**
**आसितुं क्षणमप्येकं, संसारे नास्ति मे रतिः ॥३१॥**

હે મહાભાગ ! સંસારથી પાર પામેલા એવા આપને જોયા બાદ આ સંસારમાં એક ક્ષણ પણ રહેવામાં મને આનંદ પડતો નથી. (૩૧)

**किं तु किं करवाणीह ?, नाथ ! मामेष दारुणः ।**
**आन्तरो रिपुसंघातः, प्रतिबध्नाति सत्वरम् ॥३२॥**

કિંતુ હે નાથ ! હું શું કરૂં ? આ અંતરંગ શત્રુનો સમૂહ મને સત્વર સખ્ત રીતે બાંધી લે છે. (૩૨)

विधाय मयि कारुण्यं, तदेनं विनिवारय।
उद्दामलीलया नाथ !, येनागच्छामि तेऽन्तिके ॥३३॥

હે નાથ ! મારા ઉપર કૃપા કરીને તે શત્રુ સમૂહને પ્રચંડ લીલાથી દૂર કરી આપો જેથી હું આપની પાસે આવી પહોંચું. (૩૩)

तवायत्तो भवो धीर!, भवोत्तारोऽपि ते वशः।
एवं व्यवस्थिते किं वा, स्थीयते परमेश्वर ? ॥३४॥

હે ધીર આ સંસાર તારા આધારે છે અને આ સંસારથી નિસ્તાર પણ તને આધીન છે. તો પછી હે પરમેશ્વર ! શા માટે બેસી રહેવાય છે ! (૩૪)

तद्दीयतां भवोत्तारो, मा विलम्बो विधीयताम् ।
नाथ ! निर्गतिकोल्लापं, न शृण्वन्ति भवादृशाः ? ॥३५॥

તે માટે હવે મને સંસારથી પાર ઉતારો, ઢીલ ન કરો. હે નાથ ! જેને બીજા કોઈનો આધાર નથી એવા મારા જેવાના ઉદ્‌ગારો શું આપ સરીખા નહિ સાંભળો ? (૩૫)

कलिकालसर्वज्ञश्रीहेमचंद्राचार्यचरणकजचञ्चरीक—

परमार्हतश्रीकुमारपालभूपालविरचितं

# ॥ श्रीसाधारणाजिनस्तवनम् ॥

———:●:———

नम्राखिलाखण्डलमौलिरत्न–
रश्मिच्छटापल्लवितांह्रिपीठ ! ।
विध्वस्तविश्वव्यसनप्रबन्ध !
त्रिलोकबन्धो जयताज्जिनेन्द्र ! ॥१॥

સમગ્ર ઇંદ્રોના મુકુટો ઉપર રહેલા રત્નોના કિરણોના ફેલાવાથી કાંતિમય થયું છે પાદપીઠ જેમનું, નાશ કર્યો છે જગતનો દુ:ખસમૂહ જેમણે, એવા ત્રણ લોકના બંધુ હે જિનેન્દ્ર ! આપ જય પામો. ૧

मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वा–
मपेतरागं भगवन् ! कृतार्थम् ।
न हि प्रभूणामुचितस्वरूप–
निरूपणाय क्षमतेऽर्थिवर्गः ॥२॥

હે ભગવન્ ! નિર્બુદ્ધિ એવો હું રાગરહિત અને કૃતાર્થ એવા આપને વિજ્ઞપ્તિ કરૂં છું. ખરેખર સેવક વર્ગ માલીકને ઉચિત સ્વરૂપ નિરૂપણ કરવા માટે સમર્થ થતો નથી. (૨)

मुक्तिं गतोऽपीश ! विशुद्धचित्ते
गुणाधिरोपेण ममासि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणेंऽशु-
सङ्गान्न किं द्योतयते गृहान्तः ? ॥३॥

હે સ્વામિન્ ! આપ મુક્તિને વિષે ગયા હોવા છતાં પણ મારા નિર્મલ ચિત્તને વિષે આપના ગુણોનો આરોપ કરવા વડે આપ મને સાક્ષાત્ છો. અત્યંત દૂર એવો પણ સૂર્ય, દર્પણમાં કિરણોના સંગથી, ઘરની અંદર શું પ્રકાશ નથી કરતો ? (૩)

तव स्तवेन क्षयमङ्गभाजां
भजन्ति जन्मार्जितपातकानि ।
कियच्चिरं चण्डरुचेर्मरीचि-
स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ? ॥४॥

આપના સ્તવનવડે પ્રાણીઓના અનેક ભવોના એકઠાં કરેલાં પાપો ક્ષય પામે છે. સૂર્યનાં કિરણોના સમૂહની હાજરીમાં અંધકાર ક્યાં સુધી ટકી શકે ? (૪)

शरण्य ! कारुण्यपरः परेषां
निहंसि मोहज्वरमाश्रितानाम् ।

मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना
शान्ति न यात्येष कुतोऽपि हेतोः ? ॥५॥

હે શરણ કરવા લાયક ભગવાન્ ! કરૂણા કરવામાં તત્પર એવા આપ, આપનો આશ્રય કરીને રહેલા એવા બીજાઓના મોહજ્વરને હણો છો પરંતુ આપની આજ્ઞાને મસ્તક ઉપર વહન કરતા એવા મારા આ મોહજ્વરની, કોણ જાણે કયા કારણથી શાન્તિ થતી નથી ? (૫)

भवाटवीलङ्घनसार्थवाहं
त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।
कषायचौरैर्जिन ! लुप्यमानं
रत्नत्रयं मे तदुपेक्षसे किम् ? ॥६॥

મુક્તિમાં જવાની ઈચ્છાવાળો હું ભવરૂપી અટવીનું ઉલ્લંઘન કરાવવામાં સાર્થવાહ સમાન એવા આપનો આશ્રય કરીને રહેલો છું તો પણ હે જિન ! કષાયરૂપી ચોરો વડે કરીને ચોરાતા એવા મારા અમૂલ્ય ત્રણ રત્નોની આપ ઉપેક્ષા કેમ કરો છો ! (૬)

लब्धोऽसि स त्वं मयका महात्मा
भवाम्बुधौ बंभ्रमता कथंचित् ।

आः पापपिण्डेन नतो न भक्त्या
न पूजितो नाथ ! न तु स्तुतोऽसि ॥७॥

ભવ સમુદ્રમાં રખડતા એવા મને કોઈ પ્રકારે મહા મુશીબતે આપ મહાત્મા મળ્યા છો. પરંતુ ખેદની વાત છે કે પાપપિંડ એવા મારાવડે ભક્તિથી હે નાથ ! આપને ન નમાયું, ન પૂજાયું કે ન સ્તુતિ પણ કરાયી. (૭)

संसारचक्रे भ्रमयन् कुबोध–
दण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डं
ततः प्रभो ! रक्ष जगच्छरण्य ! ॥८॥

આ સંસાર ચક્રમાં કર્મરૂપી મોટો કુંભાર કુબોધરૂપી દંડવડે ભમાવતો મને દુઃખના સમૂહનું ભાજન કરે છે. તે માટે હે પ્રભો ! હે જગતના શરણભૂત ! આપ મારૂં રક્ષણ કરો. (૮)

कदा त्वदाज्ञाकरणाप्ततत्त्व–
स्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्ति–
र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि ! नाथ ? ॥९॥

હે નાથ! આપની આજ્ઞાને કરવાથી પ્રાપ્ત થયું છે તત્ત્વ જેને એવો હું આ સંસારના મૂળ કારણરૂપ મમત્વાદિકનો ત્યાગ કરીને, આત્મા એ જ તત્વ છે એમ માનતો, સંસારથી નિરપેક્ષ વર્તનવાળો અને મોક્ષની પણ ઇચ્છા વિનાનો કયારે થઇશ? (૯)

तव त्रियामापतिकान्तिकान्तै-
गुणैर्नियम्यात्ममनःप्लवङ्गम् ।
कदा त्वदाज्ञाऽमृतपानलोलः
स्वामिन्! परब्रह्मरतिं करिष्ये? ॥१०॥

હે સ્વામિન્! આપના ચંદ્ર કાંતિ સરખા મનોહર ગુણોરૂપી દોરીવડે મારા મનરૂપી વાનરને બાંધીને આપની આજ્ઞારૂપી અમૃતના પાનમાં લય-લીન થએલો હું કયારે આત્મસ્વરૂપમાં આનંદ કરીશ? (૧૦)

एतावतीं भूमिमहं त्वदंह्रि-
पद्मप्रसादाद्गतवानधीश! ।
हठेन पापास्तदपि स्मराद्या
ही मामकार्येषु नियोजयन्ति ॥११॥

હે સ્વામિન્! હું આપના ચરણકમળની કૃપાથી આટલા ઉચ્ચ સ્થાનને પામ્યો છું. છતાં ખેદની

વાત છે કે બળાત્કારથી કામવિકારાદિ પાપકર્મો મને નહિ કરવા લાયક એવી પ્રવૃત્તિઓમાં અત્યંત જોડે છે. (૧૧)

भद्रं न किं त्वय्यपि नाथनाथे
सम्भाव्यते मे यदपि स्मराद्याः ।
अपाक्रियन्ते शुभभावनाभिः
पृष्ठिं न मुञ्चति तथापि पापाः ॥१२॥

આપ જેવા માલિક માથે હોયે છતે મને કયું કલ્યાણ સંભવતું નથી? અર્થાત્ બધું કલ્યાણ સંભવે છે. જો કે કામ વિકારાદિ શત્રુઓ શુભ-ભાવના વડે કરીને દૂર કરાય છે છતાં તે પાપીઓ મારો છેડો મૂકતા નથી. (૧૨)

भवाम्बुराशौ भ्रमतः कदापि
मन्ये न मे लोचनगोचरोऽभूः ।
निस्सीमसीमन्तकनारकादि
दुःखातिथित्वं कथमन्यथेश ! ॥१३॥

હે ઇશ! ભવસમુદ્રમાં ભમતા એવા મને કદાપિ આપનું દર્શન થયું નથી. એમ હું માનું છું. અન્યથા અમર્યાદિત દુઃખની ખાણરૂપ સીમંતક

નારક વગેરે દુઃખોને ભોગવનારો હું કેવી રીતે થાઉં ? (૧૩)

चक्रासिचापाङ्कुशवज्रमुख्यैः
सल्लक्षणैर्लक्षितमंह्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि
दुर्वारमोहादिविपक्षभीतः ॥१४॥

હે નાથ ! દુઃખે કરીને નિવારી શકાય તેવા મોહ વગેરે શત્રુથી ભય પામેલો હું ચક્ર, તરવાર, ધનુષ, વજ્ર પ્રમુખ શુભ લક્ષણોવડે અલંકૃત એવું જે આપનું ચરણયુગલ, તેના શરણે આવેલો છું (૧૪)

अगण्य कारुण्य ! शरण्य ! पुण्य !
सर्वज्ञ ! निष्कण्टक ! विश्वनाथ ! ।
दीनं हताशं शरणागतं च
मां रक्ष रक्ष स्मरभिल्लभल्लेः ॥१५॥

હે અગણિત કરૂણાવાળા ! હે શરણ કરવા લાયક ! હે પવિત્ર ! હે સર્વ જાણનારા ! હે નિષ્કંટક ! હે જગન્નાથ ! દીન, હતાશ અને શરણાગત એવા મારૂં કામદેવરૂપી ભીલના ભાલાઓથી રક્ષણ કરો, રક્ષણ કરો. (૧૫)

त्वया विना दुष्कृतचक्रवालं
नान्यः क्षयं नेतुमलं ममेश ! ।
किं वा विपक्षप्रतिचक्रमूलं
चक्रं विनाछेत्तुमलंभविष्णुः ? ॥१६॥

હે સ્વામિન્ ! આપના વગર મારા પાપના સમૂહને ક્ષય કરવાને બીજા કોણ સમર્થ છે ? અથવા તો શત્રુની સેનાના મૂળનો ઉચ્છેદ કરવાને ચક્ર વિના બીજા કોણ સમર્થ થઇ શકે છે ? (૧૬)

यद् देवदेवोऽसि महेश्वरोऽसि
बुद्धोऽसि विश्वत्रयनायकोऽसि ।
तेनान्तरङ्गारिगणाभिभूत-
स्तवाग्रतो रोदिमि हा सखेदम् ॥१७॥

જે કારણ માટે આપ દેવના પણ દેવ છો મહેશ્વર છો, બુદ્ધ છો, ત્રણે જગતના નાયક છો અને હું અંતરંગ શત્રુઓથી પરાભવ પામેલો છું, તે કારણ માટે આપની આગળ ખેદ સહિત રૂદન કરૂં છું. (૧૭)

स्वामिन्नधर्म्मव्यसनानि हित्वा
मनः समाधौ निदधामि यावत् ।

तावत्क्रुधैवान्तरवैरिणो मा-
मनल्पमोहान्ध्यवशं नयन्ति ॥१८॥

હે સ્વામિન્! જેટલામાં અધર્મો અને વ્યસનોને છોડીને હું મારા મનને સમાધિમાં સ્થાપન કરૂં છું, તેટલામાં તો જાણે ક્રોધથીજ ન હોય તેમ અંતરંગ શત્રુઓ મને અત્યંત મોહાંધતાને પમાડે છે. (૧૮)

त्वदागमाद्वेद्मि सदैव देव!
मोहादयो यन्मम वैरिणोऽमी।
तथापि मूढस्य पराप्तबुद्ध्या
तत्सन्निधौ ही न किमप्यकृत्यम् ॥१९॥

હે દેવ! આપના આગમ વડે હંમેશાં હું આ મોહાદિકને મારા શત્રુઓ છે, એમ જાણું છું. પણ મૂર્ખ એવા મને ઉત્કૃષ્ટ વિશ્વાસની બુદ્ધિ શત્રુમાં થઈ છે. તેથી મોહાદિકની પાસે રહીને મારાથી કયું અકાર્ય ન થાય? અર્થાત્ મોહાદિકને લીધે પુદ્ગલમાં વિશ્વાસમાં અગર પુદ્ગલમાં પોતાપણાની બુદ્ધિથી મૂઢ બનેલા એવા મારે કોઇ પણ વસ્તુ ન કરવા લાયક ન રહી, એ ખેદની વાત છે. (૧૯)

**म्लेच्छैर्नृशंसैरतिराक्षसैश्च**
**विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।**
**प्राप्तस्त्विदानीं भुवनैकवीर !**
**त्रायस्व मां यत्तव पादलीनम् ॥२०॥**

મ્લેચ્છ, નિર્દય અને રાક્ષસોને પણ ટપી જાય તેવા આ કામક્રોધાદિ વડે અનેક વખત હું દુઃખ પામ્યો છું. સારાએ ભુવનને વિષે એક વીર એવા હે પરમાત્મન્! હવે મેં આપને પ્રાપ્ત કર્યા છે. આપના ચરણમાં લીન એવા મારૂં રક્ષણ કરો. (૨૦)

**हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं**
**श्रद्धापवित्रीकृतसद्विवेकः ।**
**मुक्तान्यसङ्गः समशत्रुमित्रः**
**स्वामिन् ! कदा संयममातनिष्ये ॥२१॥**

હે સ્વામિન્! સ્વશરીરને વિષે પણ મમત્વ બુદ્ધિનો ત્યાગ કરીને, શ્રદ્ધા વડે પવિત્ર અંતઃકરણવાળો થઈને, હૃદયમાં શુદ્ધ વિવેક—હેયાદિકનો વિભાગ કરીને, અન્ય સર્વનો સંગ ત્યજીને તથા શત્રુ અને મિત્રને સરખા સમજીને ક્યારે હું સંયમને કરીશ? (૨૧)

**त्वमेव देवो मम वीतराग !**
**धर्मो भवद्दर्शितधर्म एव ।**

इति स्वरूपं परिभाव्य तस्मान्
नोपेक्षणीयो भवति स्वभृत्यः ॥२२॥

હે વીતરાગ! આપજ મારા દેવ છો અને આપે બતાવેલો ધર્મજ મારો ધર્મ છે. એ પ્રકારનું મારૂં સ્વરૂપ વિચારીને આપે આપના સેવક એવી મારી ઉપેક્ષા કરવી લાયક નથી. (૨૨)

जिता जिताशेषसुरासुराद्याः
कामादयः काममभी त्वयेश ! ।
त्वां प्रत्यशक्तास्तव सेवकं तु
निघ्नन्ति ही मां परुषं रुषैव ॥२३॥

હે ઈશ! જીત્યા છે સર્વ દેવ અને દાનવો જેણે એવા આ કામાદિક છે તેને આપે સર્વથા જીતી લીધા છે પરંતુ આપને જીતવાને અશક્ત નીવડેલા એવા તે કામાદિક, જાણે ક્રોધથીજ ન હોય તેમ, આપના સેવક એવા મને નિર્દયતાથી હણે છે, એ ખેદની વાત છે. (૨૩)

सामर्थ्यमेतद्भवतोऽस्ति सिद्धिं
सत्त्वानशेषानपि नेतुमीश ! ।
क्रियाविहीनं भवदंह्रिलीनं
दीनं न किं रक्षसि मां शरण्य ! ॥२४॥

હે ઈશ ! સમસ્ત પ્રાણીઓને મુક્તિમાં લઈ જવાનું આપનું સામર્થ્ય છે. તો પછી ક્રિયાવિહીન, દીન અને આપના ચરણ કમલમાં લીન એવા મને આપ કેમ બચાવતા નથી ?

त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र !
स्फुरत्यजस्रं हृदि यस्य पुंसः ।
विश्वत्रयीश्रीरपि नूनमेति
तत्राश्रयार्थं सहचारिणीव ॥२५॥

હે જિનેન્દ્ર ! જે પુરૂષના અંતઃકરણમાં આપના ચરણ કમળનું યુગલ હંમેશાં સ્ફુરાયમાન છે, ત્યાં નક્કી ત્રણે જગતની લક્ષ્મી, સહચારિણીની માફક, આશ્રય કરવાને આવે છે. (૨૫)

अहं प्रभो ! निर्गुणचक्रवर्ती
क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।
ही दुःखराशौ भववारिराशौ
यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः ॥२६॥

હે પ્રભો ! હું નિર્ગુણીઓમાં ચક્રવર્તી છું, ક્રૂર છું, દુરાત્મા છું, હિંસાખોર છું અને પાપી છું જે કારણથી આપનાથી છૂટો પડેલો એવો હું, દુઃખની

ખાણ એવા ભવસમુદ્રમાં, ડુબી ગયો છું-એ ખેદની વાત છે. (૨૬)

स्वामिन्निमग्नोऽस्मि सुधासमुद्रे
यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।
चिन्तामणौ स्फूर्जति पाणिपद्मे
पुंसामसाध्यो नहि कश्चिदर्थः ॥२७॥

હે સ્વામિન્! જે કારણથી આજે આપના દર્શન થયાં, તે કારણથી આજે હું અમૃતના સમુદ્રમાં ડૂબી ગયો છું. જેના હસ્તકમળમાં ચિંતામણિ રત્ન સ્ફુરાયમાન થયું છે, તેવા પુરૂષને કોઈ પણ વસ્તુ અસાધ્ય નથી જ. (૨૭)

त्वमेव संसारमहाम्बुराशौ
निमज्जतो मे जिन! यानपात्रम् ।
त्वमेव मे श्रेष्ठसुखैकधाम
विमुक्तिरामाघटनाभिरामः ॥२८॥

હે જિનદેવ! સંસારરૂપી મહા સમુદ્રમાં ડૂબતા એવા મને આપજ પ્રવહણ સમાન છો. અને આપજ ઉત્તમોત્તમ સુખના અદ્વિતીય ધામ છો. તથા મુક્તિરૂપી સ્ત્રીનો સંયોગ કરાવવામાં આપજ અભિરામ મનોહર છો. (૨૮)

चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ
कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः ।
नमस्कृतो येन सदाऽपि भक्त्या
स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥२९॥

હે જિનેશ્વર ! જેણે ભક્તિથી હંમેશાં આપને નમસ્કાર કરેલો છે. સ્તવનો વડે સ્તુતિ કરી છેઃ અને પુષ્પની માળાઓ વડે પૂજા કરી છેઃ તેના હાથમાં ચિન્તામણિ રત્ન પ્રાપ્ત થયું છે અને તેના ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ઉગ્યો છે. (૨૯)

निमील्य नेत्रे मनसः स्थिरत्वं
विधाय यावज्जिन ! चिन्तयामि ।
त्वमेव तावन्न परोऽस्ति देवो
निःशेषकर्मक्षयहेतुरत्र ॥३०॥

હે ભગવન્ ! હું મારા નેત્રો બંધ કરીને તથા મનને સ્થિર કરીને જ્યારે ચિંતવન કરું છું, ત્યારે આ જગત્‌માં સંપૂર્ણ કર્મક્ષયના કારણભૂત આપજ છો, પણ બીજો કોઇ નથી, એમ સ્પષ્ટ સમજાય છે. (૩૦)

भक्त्या स्तुता अपि परे परया परेभ्यो
मुक्तिं जिनेन्द्र ! ददते न कथञ्चनापि ।

सिक्ताः सुधारसघटैरपि निम्बवृक्षा

विश्राणयन्ति नहि चूतफलं कदाचित् ॥३१॥

હે જિનેન્દ્ર! ઉત્કૃષ્ટ ભક્તિથી સ્તુતિ કરાએલા પણ અન્ય દેવો, બીજા પોતાની સ્તુતિ કરવાવાળાને કોઈપણ પ્રકારે મુક્તિ આપતા નથી, તે યુક્તજ છે. કારણકે અમૃતના ઘડાઓથી સીંચાએલા પણ લીંમડાના વૃક્ષો કોઈપણ કાળે આંબાના ફળને આપતાજ નથી. (૩૧)

भवजलनिधिमध्यान्नाथ! निस्तार्य कार्यः

शिवनगरकुटुम्बी निर्गुणोऽपित्वयाऽहम्।

नहि गुणमगुणं वा संश्रितानां महान्तो

निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति ॥३२॥

હે નાથ! ગુણ રહિત એવા પણ મને આપે સંસાર સમુદ્રના મધ્યભાગથી નિસ્તાર કરીને મોક્ષનગરનો કુંટુંબી કરવો જોઈએ કારણ કે અદ્વિતીય દયાથી આર્દ્ર થએલા મહાન પુરુષો આશ્રયે આવેલાઓના ગુણ અગર અવગુણને સર્વથા ચિંતવતા નથી. (૩૨)

आप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता

निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभुः।

तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये
किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद्वर्धमानो मम ॥३३॥

ઘણા પુણ્યોએ કરીને ત્રણ જગતના મુકુટમણિ સમાન અને મોક્ષના સાક્ષી એવા આપ દેવ અને આ શ્રી હેમચંદ્ર પ્રભુ ગુરુ પ્રાપ્ત થએલા છે. તેથી કરીને હે સ્વામિન્! આનાથી બીજી કોઇ પણ ઉત્કૃષ્ટ ચીજ નથી કે જેની હું આપની પાસે યાચના કરૂં. કિન્તુ ભવોભવ આપના વચનોને વિષે મારો આદર વધતો રહે એવી હું અભ્યર્થના કરૂં છું. (૩૩)

## सिद्धसारस्वतमहाकविश्री धनपालविरचिता

## श्री ऋषभपञ्चाशिका ।

जयजंतुकप्पपायव ! चंदायव ! रागपंकयवणस्स ।
सयलमुणिगामगामणि ! तिलोअचूडामणि ! नमो ते १॥

( जगज्जन्तुकल्पपादप ! चन्द्रातप ! रागपङ्कजवनस्य ।
सकलमुनिग्रामग्रामणी-स्त्रिलोकचूडामणे ! नमस्ते ॥ )

હે જગતના જીવો પ્રતિ વાંછિત ફળ આપનાર હોવાથી કલ્પવૃક્ષ (સમાન યોગીશ્વર)! રાગરૂપી (સૂર્ય વિકાસી) કમલોના વન પ્રતિ (તેને નિમીલન કરનાર હોવાથી) ચન્દ્ર-પ્રભા (તુલ્ય પરમેશ્વર)! હે સકલ કળાથી યુક્ત એવા) મુનિ-ગણના નાયક! હે સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ (અથવા અધોલોક મધ્યલોક અને ઊર્ધ્વલોક) રૂપી ત્રિભુવનની (સિદ્ધ શિલારૂપી) ચૂડાને વિષે (તેના શાશ્વત મંડનરૂપ હોવાને લીધે) મણિ (સમાન ઋષભ-દેવ! સ્વામિન્!) આપને (મારો ત્રિકરણ શુદ્ધિપૂર્વક) નમસ્કાર હો. (૧)

जयरोसजलणजलहर ! कुलहर ! वरनाणदंसणसिरीणं ।
मोहतिमिरोहदिणयर!, नयर ! गुणगणाण पउराणं ॥२॥

(जय रोषज्वलनजलधर! कुलगृह! वरज्ञानदर्शनश्रियोः।
मोहतिमिरौघदिनकर! नगर! गुणगणानां पौराणाम्॥

હે ક્રોધરૂપી અગ્નિને (શાંત કરવામાં) મેઘ (સમાન)! હે ઉત્તમ (અપ્રતિપાતી) જ્ઞાન અને દર્શનની (અથવા જ્ઞાન અને દર્શનરૂપી) લક્ષ્મીઓના (આનંદ માટે) પિતૃ–ગૃહ (તુલ્ય)! હે અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો (અંત આણવામાં) સૂર્ય (સમાન)! હે (તપ, પ્રશમ ઈત્યાદિ) ગુણોના સમુદાયરૂપ નાગરિકોના (અથવા અનેક ગુણોના સમુદાયોના નિવાસ માટે) નગર (તુલ્ય)! આપ જયવંત–સર્વોત્કૃષ્ટ વર્તો. (૨)

दिट्ठो कहवि विहडिए, गंठिम्मि कवाडसंपुडघणंमि।
मोहंधयारचारयगएण जिण! दिणयरुव्व तुमं ॥३॥
(दृष्टः कथमपि विघटिते ग्रन्थौ कपाटसम्पुटघने।
मोहान्धकारचारकगतेन जिन! दिनकर इव त्वम्॥)

(અનેક ભવોથી એકત્રિત થએલ હોવાથી) દ્વારના યુગલ જેવી ગાઢ (રાગ–દ્વેષના પરિણામરૂપ) ગાંઠનો જ્યારે મહામહેનતે નાશ થયો, ત્યારે હે જિનેશ્વર! (૨૮ પ્રકારના) મોહરૂપી અંધકારથી વ્યાપ્ત એવા કારાગૃહમાં રહેલા મને સૂર્ય સમાન આપનું દર્શન થયું. (૩)

भविअकमलाण जिणरवि ! तुह दंसणपहरिसूससंताणं ।
दढबद्धा इव विहडंति, मोहतमभमरविंदाइं ॥४॥
(भव्यकमलेभ्यो जिनरवे ! त्वद्दर्शनप्रहर्षोच्छ्वसद्भ्यः ।
दृढबद्धानीव विघटन्ते मोहतमोभ्रमरवृन्दानि ॥ )

(મિથ્યાત્વરૂપી રાત્રિનો નાશ કરનારા અને સન્માર્ગનો પ્રકાશ કરનારા એવા) હે જિન-સૂર્ય ! આપના દર્શનરૂપી પ્રકૃષ્ટ આનંદથી વિકસિત થયેલાં ભવ્ય કમળોમાંથી-દઢ બંધાએલા એવા પણ-મોહાન્ધકારરૂપી ભ્રમરોના સમુદાયો છૂટા પડી જાય છે. (૪)

लट्ठत्तणाहिमाणो, सव्वो सव्वट्ठसुरविमाणस्स ।
पइं नाह ! नाहिकुलगर-, घरावयारुम्मुहे नट्ठो ॥५॥
( शोभनत्वाभिमानः सर्वः सर्वार्थसुरविमानस्य ।
त्वयि नाथ ! नाभिकुलकर,-गृहावतारोन्मुखे नष्टः ॥ )

હે નાથ ! જ્યારે આપ નાભિ (નામના સાતમા) કુલકરના ગૃહમાં અવતાર લેવાને તૈયાર થયા (જ્યારે આપ તેમના ઘરમાં અવતર્યા), ત્યારે સર્વાર્થસિદ્ધ નામના દેવ વિમાનનો સુંદરતા (પ્રધાનતા) સંબંધી સમસ્ત ગર્વ ગળી ગયો. (૫)

पइं चिंतादुल्लहमुक्खसुक्खफलए अउव्वकप्पदुमे ।
अवइन्ने कप्पतरू जयगुरु ! हित्था इव पओत्था ॥६॥

(त्वयि चिन्तादुर्लभमोक्षसुखफलदेऽपूर्वकल्पद्रुमे।
अवतीर्णे कल्पतरवो जगद्गुरो! ह्रीस्था इव प्रोषिताः॥)

સંકલ્પ વડે દુર્લભ એવા મોક્ષના સુખરૂપ ફળને આપનારા એવા આપ અપૂર્વ કલ્પવૃક્ષ (આ પૃથ્વી ઉપર) અવતર્યા એટલે હે વિશ્વના ગુરુ! કલ્પ વૃક્ષો જાણે શરમાઇ ગયા હોય તેમ અદૃશ્ય થઈ ગયા. (૬)

अरएणं तइएणं, इमाइ ओसप्पिणीइ तुह जम्मे।
फुरिअं कणगमएणं, व कालचक्किक्कपासंमि॥७॥

(अरकेण तृतीयेनास्यामवसर्पिण्यां तव जन्मनि।
स्फुरितं कनकमयेनेव कालचक्रैकपार्श्वे॥)

કાલ-ચક્રના એક પડખે આ અવસર્પિણી (કાલ)માં આપના જન્મને વિશે ત્રીજો આરો સુવર્ણ-મય હોય તેમ શોભી રહ્યો. (૭)

जम्मि तुमं अहिसित्तो, जत्थ य सिवसुक्खसंपय पत्तो
ते अट्ठावयसेला, सीसामेला गिरिकुलस्स॥८॥

(यत्र त्वमभिषिक्तो यत्र च शिवसुखसंपदं प्राप्तः।
तावष्टापदशैलौ, शीर्षापीडौ गिरीकुलस्य॥)

જે સુવર્ણના ગિરિ ઉપર આપનો (જન્મ) અભિષેક થયો તે એક અષ્ટાપદ (મેરુ) પર્વત તેમજ

જ્યાં આપ શિવ સુખની સંપત્તિ (નિર્વાણ)ને પામ્યા તે (વિનીતા નગરીની સમીપમાં રહેલો આઠ પગથીઆવાળો) બીજો અષ્ટાપદ પર્વત, એ બે પર્વતો (સમસ્ત) પર્વતોના સમૂહના મસ્તકને વિશે મુકુટરૂપ થયા. (૮)

**धन्ना सविम्हयं जेहिं, झत्ति कयरज्जमज्जणो हरिणा।**
**चिरधरिअनलिणपत्ताऽभिसेअसलिलेहिं दिट्ठो सि ॥९॥**
**(धन्याः सविस्मयं यैर्झटिति कृतराज्यमज्जनो हरिणा।**
**चिरधृतनलिनपत्राभिषेकसलिलैर्दृष्टोऽसि ॥)**

હે જગન્નાથ! ઇંદ્રદ્વારા જલદી રાજ્યાભિષેક કરાયેલ એવા આપને વિસ્મયપૂર્વક લાંબા કાળ સુધી કમળનાં પત્રો વડે અભિષેક-જલધારણ કરવાપૂર્વક જે (યુગલિકોએ) જોયા તેમને ધન્ય છે. (૯)

**दाविअविज्जासिप्पो, वज्जरिआसेसलोअववहारो।**
**जाओ सि जाण सामिअ, पयाओ ताओ कयत्थाओ॥१०॥**
**(दर्शितविद्याशिल्पो व्याकृताशेषलोकव्यवहारः।**
**जातोऽसि यासां स्वामी प्रजास्ताः कृतार्थाः॥)**

જેમણે (શબ્દ-લેખન-ગણિત-ગીત ઈત્યાદિ) વિદ્યાઓ અને (કુંભકારાદિ) શિલ્પો દેખાડયાં છે, તેમજ જેમણે (ખેતી, પશુ-પાલન, વાણિજ્ય,

લગ્ન ઈત્યાદિ) સમસ્ત પ્રકારનો લોક-વ્યવહાર (પણ) સારી રીતે સમજાવ્યો છે, એવા આપ જે પ્રજાઓના સ્વામી થયા છો, તે પ્રજા (પણ) કૃતાર્થ છે. (૧૦)

**बंधुविहत्तवसुमई वच्छरमच्छिन्नदिन्नधणनिवहो ।**
**जह तं तह को अन्नो निअमधुरं धीर ! पडिवन्नो ॥११॥**
**(बन्धुविभक्तवसुमतिः वत्सरमच्छिन्नदत्तधननिवहः ।**
**यथा त्वं तथा कोऽन्यो नियमधुरां धीर ! प्रतिपन्नः ॥)**

જેમણે (ભરતાદિક પુત્રો અને સામન્તોરૂપી) બાન્ધવોમાં પૃથ્વી વહેંચી આપી છે તથા જેમણે એક વર્ષ પર્યંત નિરંતર ધનના સમૂહનું દાન કર્યું છે, એવા આપે જેવી રીતે (દીક્ષા-સમયે સમસ્ત પાપમય આચરણના ત્યાગરૂપી) નિયમધુરાને ધારણ કરી, તેવી રીતે હે ધીર ! અન્ય કોણ ધારણ કરી શકે ? (૧૧)

**सोहसि पसाहिअंसो कज्जलकसिणाहिं जयगुरु जडाहिं ।**
**उवगूढविसज्जिअरायलच्छिबाहच्छडाहि व ॥१२॥**
**(शोभसे प्रसाधितांसः कज्जलकृष्णाभिर्जगद्गुरो जटाभिः ।**
**उपगूढविसर्जितराजलक्ष्मीबाष्पछटाभिरिव ॥)**

હે જગદ્ગુરુ ! (રાજ્ય સમયે) આલિંગન કરા-

ચેલી અને (દીક્ષા-સમયે) ત્યાગ કરાયેલી એવી રાજ્ય લક્ષ્મીની જાણે અશ્રુધારાજ હોય તેવી કાજળના જેવી કાળી જટા વડે અલંકૃત સ્કંધવાળા આપ શોભી રહ્યા છો. (૧૨)

**उवसामिआ अणज्जा, देसेसु तए पवन्नमोणेणं ।**
**अभणंत च्चिअ कज्जं, परस्स साहंति सप्पुरिसा ॥१३॥**

**( उपशमिता अनार्या देशेषु त्वया प्रपन्नमौनेन ।**
**अभणन्त एव कार्यं परस्य साधयन्ति सत्पुरुषाः ॥ )**

(હે નાથ!) આપે (બહુલી, અડમ્બ, ઈલ્લાચોનક ઈત્યાદિ અનાર્ય દેશોમાં) અનાર્યોને મૌન ધારણ કરીને શાંત કર્યા તે ખરેખર નવાઈ જેવું છે. (કેમકે કોઈને પણ ઉપશમિત કરવાનો ઉપાય તો વાક્ચાતુર્ય છે;) અથવા (એ વાત ન્યાયસંગત છે, કેમકે) સત્પુરૂષો નહિ બોલવા છતાં પણ અન્ય (જીવો) નું કાર્ય સાધી આપે છે. (૧૩)

**मुणिणो वि तुहल्लीणा, नमिविनमी खेअराहिवा जाया ।**
**गुरुआण चलणसेवा, न निष्फला होइ कइआ वि ॥**

**( मुनेरपि तवालीनौ नमिविनमी खेचराधिपौ जातौ ।**
**गुरुकाणां चरणसेवा न निष्फला भवति कदापि ॥)**

મુનિ બનેલા (અર્થાત્ લોકોત્તર માર્ગને ધારણ કરેલા) એવા આપના ચરણમાં અત્યંત લીન

થએલા નમિ અને વિનમિ ખેચરપતિઓ થયા, (તે વાસ્તવિક છે, કેમકે) ગુરુઓની (ખરા અંતઃકરણ-પૂર્વક કરેલી) ચરણસેવા કદાપિ નિષ્ફળ જતી નથી. (૧૪)

**भद्दं से सेअंसस्स, जेण तवसोसिओ निराहारो ।**
**वरिसंते निव्ववियो, मेहेण व वणदुमो तं सि ॥१५॥**

**( भद्रं तस्य श्रेयांसस्य येन तपःशोषितो निराहारः ।**
**वर्षान्ते निर्वापितो मेघेनेव वनद्रुमस्त्वमसि ॥ )**

જેમ (ગ્રીષ્મ ઋતુના) પ્રખર તાપથી સૂકાઇ ગયેલા અને જળરૂપ આહાર વિનાના એવા) વન વૃક્ષને (વર્ષા ઋતુમાં) મેઘ તૃપ્ત કરે તેમ જેણે (અન-શનરૂપ) તપશ્ચર્યા ( કરવા ) થી સૂકાઈ ગયેલા ( કૃશ થઈ ગયેલા) એવા આપને એક વર્ષના અંતે ઈક્ષુ-રસથી) શાંત કર્યા, તે શ્રેયાંસનું કલ્યાણ થાઓ. (૧૫)

**उप्पन्नविमलनाणे, तुमंमि भुवणस्स विअलिओ मोहो ।**
**सयलुग्गयसूरे वासरंमि गयणस्स व तमोहो ॥१६॥**

**( उत्पन्नविमलज्ञाने त्वयि भुवनस्य विगलितो मोहः ।**
**सकलोद्गतसूर्ये वासरे गगनस्येव तमओघः ॥ )**

જેમ સંપૂર્ણ સૂર્યોદયવાળો દિવસ હોય ત્યારે આકાશમાં (પ્રસરતા) અંધકારનો સમૂહ નાશ પામે છે, તેમ હે નાથ ! આપને જ્યારે (સમસ્ત જ્ઞાનાવર-

ણીય કર્મના ક્ષયથી લોક અને અલોકના પ્રકાશરૂપ, આવરણ-વિનાનું એવું) નિર્મળ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારે જગતમાં (વસતા ભવ્ય પ્રાણીઓને સાંસારિક) મોહ ઓગળી ગયો. (૧૬)

**पूआवसरे सरिसो, दिट्ठो चक्कस्स तं पि भरहेण ।**
**विसमा हु विसयतिण्हा, गरुआण वि कुणइ मइमोहं ॥**

**(पूजावसरे सदृशो दृष्टश्चक्रस्य त्वमपि भरतेन ।**
**विषमा खलु विषयतृष्णा गुरुकाणामपि करोति मतिमोहम्**

(હે ભુવનપ્રદીપ ! કેવલજ્ઞાનની) પૂજાના પ્રસંગે ભરતે (પ્રસિદ્ધ પ્રભાવવાળા એવા) આપને પણ ચક્ર (રત્ન)ના સમાન જોયા. (તેનું કારણ એ છે કે) વિષમ એવી વિષયતૃષ્ણા મોટાઓને (જગત્ પૂજ્ય જનોને) પણ મતિ વિભ્રમ કરાવે છે. (૧૭)

**पढमसमोसरणमुहे, तुह केवलसुरवहूकओज्जोआ ।**
**जाया अग्गेई दिसा, सेवासयमागयसिहि व्व ॥१८॥**

**(प्रथमसमवसरणमुखे तव केवलसुरवधूकृतोद्योता ।**
**जाता आग्नेयी दिशा सेवास्वयमागतशिखीव ॥ )**

(હે નાથ ! આપે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યાર બાદ રચવામાં આવેલા) આપના પ્રથમ સમવસરણના મહોત્સવમાં (અથવા પ્રારંભમાં) કેવલ સુર-સુંદરી-

એના (દેહની દ્યુતિ વડે) પ્રકાશ પામેલી અગ્નિ દિશા ભક્તિથી (આકર્ષાઇને) પોતાની મેળે આવેલા (અથવા સેવા કરવાના અભિપ્રાયથી આવેલા) અગ્નિ દેવતા જેવી બની ગઇ. (૧૮)

**गहिअवयभंगमलिणो, नूणं दूरोणएहिं मुहराओ ।**
**ठवि(ई)ओ पढमिल्लुअतावसेहिं तुह दंसणे पढमे ॥१९॥**

**( गृहीतव्रतभङ्गमलिनो नूनं दूरावनतैर्मुखरागः ।**
**स्थगितः प्रथमोत्पन्नतापसैस्तव दर्शने प्रथमे ॥ )**

( હે નાથ ! ) આપના પ્રથમ દર્શનને વિષે (અર્થાત્ આપને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ત્યાર બાદ સમવસરણમાં આપનું પ્રથમ દર્શન થતાં ) પ્રથમ ઉત્પન્ન થએલા ( કચ્છ અને મહાકચ્છ સિવાયના ) અત્યંત નમ્ર તાપસોએ (આપની સાથે દીક્ષા સમયે) ગ્રહણ કરેલા (સંયમ રૂપી) વ્રતના ભંગથી મલિન બનેલો એવો પોતાનો મુખરાગ (નમસ્કારના મિષથી) ખરેખર ઢાંકી દીધો. (૧૯)

**तेहिं परिवेढिएण य, वूढा तुमए खणं कुलवइस्स ।**
**सोहा विअडंसत्थल–घोलंतजडाकलावेण ॥२०॥**

**( तैः परिवेष्टितेन च व्यूढा त्वया क्षणं कुलपतेः ।**
**शोभा विकटांसस्थलप्रेङ्खज्जटाकलापेन ॥ )**

વળી (હે નાથ! આ પ્રમાણે વંદન કરવા આવેલા) તે તાપસો વડે વીંટાયેલ એવા અને વિશાળ સ્કંધ-પ્રદેશને સ્પર્શ કરતા જટા-સમૂહવાળા એવા આપે ક્ષણવાર કુલપતિની શોભા પ્રાપ્ત કરી.

**तुह रूवं पिच्छंतां, न हुंति जे नाह ! हरिसपडिहत्था।**
**समणा वि गयमण च्चिय, ते केवलिणो जइ न हुंति ॥**

**(तव रूपं पश्यन्तो न भवन्ति ये नाथ! हर्षपरिपूर्णाः।**
**समनस्का अपि गतमनस्का एव ते केवलिनो यदि न भवन्ति)**

હે નાથ! આપનું (સર્વોત્તમ) રૂપ જોનારા (જીવો) જો હર્ષથી પરિપૂર્ણ થતા નથી, તો જો તેઓ સર્વજ્ઞ ન હોય તો પછી તેઓ સંજ્ઞી હોવા છતાં પણ ખરેખર અસંજ્ઞી છે. (૨૧)

**पत्ता णिस्सामन्नं, समुन्नइं जेहिं देवया अन्ने ।**
**ते दिंति तुम्ह गुणसंकहासु हासं गुणा मज्झ ॥२२॥**

**(प्राप्ता निःसामान्यां समुन्नतिं यैर्दैवका अन्ये ।**
**ते ददते तव गुणसङ्कथासु हासं गुणा मम ॥)**

જે (જગત્કર્તૃત્વાદિક) ગુણો વડે (હરિ, હર પ્રમુખ) અન્ય દેવોએ અસાધારણ પ્રભુતાને પ્રાપ્ત કરી, તે (કલ્પિત) ગુણો (હે નાથ!) આપના (સદ્ભૂત) ગુણોના સંકીર્તનો આગળ મને હાસ્ય ઉત્પન્ન કરે

છે. (કેમકે હરિહરાદિકની મોટાઇ મિથ્યાકલ્પિત છે –કલ્પિત ગુણોનો તેમનામાં ખોટો આરોપ કરવામાં આવ્યો છે, જ્યારે આપની મોટાઇનો આધાર સાચા –સદ્‌ભૂત ગુણો છે.) (૨૨)

**दोसरहिअस्स तुह जिण ! निंदावसरंमि भग्गपसराए ।**
**वायाइ वयणकुसलावि, बालिसायंति मच्छरिणो ।।२३।।**
**(दोषरहितस्य तव जिन ! निन्दावसरे भग्नप्रसरया ।**
**वाचा वचनकुशला अपि बालिशायन्ते मत्सरिणः ॥)**

હે જિનેશ્વર ! વાણી વદવામાં કુશળ (એવા) મત્સરી (લોકો) પણ (સર્વથા) દોષરહિત એવા આપની નિંદા કરવાને પ્રસંગે ભાંગી ગએલા પ્રસારવાળી વાણી વદવા વડે (જેમ તેમ બોલવાથી) બાળકના જેવી ચેષ્ટા કરે છે. (૨૩)

**अणुरायपल्लविल्ले, रइवल्लिफुरंतहासकुसुमंमि ।**
**तवताविओ वि न मणो, सिंगारवणे तुहल्लीणो ।।२४।।**
**(अनुरागपल्लववति रतिवल्लिस्फुरद्धासकुसुमे ।**
**तपस्तापितमपि न मनः श्रृङ्गारवने तव लीनम् ॥)**

(હે નાથ !) અનુરાગરૂપી પલ્લવવાળા અને રતિરૂપી લતાના ઉપર વિકસતા હાસ્યરૂપ પુષ્પવાળા એવા શૃંગારરૂપ વનમાં (અનશનાદિક) તપશ્ચર્યા

(રૂપી તાપ)થી તપ્ત થયેલું પણ આપનું ચિત્ત ચોંટ્યું નહિ (એ આશ્ચર્ય) છે, કેમકે ગ્રીષ્મ ઋતુના તાપથી તપેલા જનો તો વનનો આશ્રય લે છે.) (૨૪)

आणा जस्स विलइआ, सीसे सेस व्व हरिहरेहिं पि।
सो वि तुह झाणजलणे, मयणो मयणं विअ विलीणो ॥
( आज्ञा यस्य निलगिता शीर्षे शेषेव हरिहराभ्यामपि।
सोऽपि तव ध्यानज्वलने मदनो मदनमिव विलीनः॥)

જેની આજ્ઞા હરિ અને હરે પણ શેષની જેમ મસ્તકે ચઢાવી છે, તે (અપ્રતિહત સાંમર્થ્યવાળો) મદન પણ (હે નાથ) આપના શુકલ ધ્યાનરૂપી અગ્નિમાં મીણની જેમ ઓગળી ગયો. (૨૫)

पइं नवरि निरभिमाणा, जाया जयदप्पभंजणुत्ताणा।
वम्महनरिंदजोहा, दिट्ठिच्छोहा मयच्छीणं ॥२६॥
(त्वयि केवलं निरभिमाना जाता जगद्दर्पभञ्जनोत्तानाः।
मन्मथनरेन्द्रयोधा दृष्टिक्षोभा मृगाक्षीणाम्॥),

જગત્ (નિવાસી જનો) ના દર્પને દળવાને સમર્થ એવા કંદર્પ નૃપતિના સુભટરૂપ મૃગાક્ષીઓના કટાક્ષો કેવળ આપના વિષે જ નિરભિમાની બન્યા છે (અર્થાત્ ફાવી શક્યા નથી). (૨૬)

विसमा रागदोसा, निंता तुरय व्व उप्पहेण मणं।

ठायंति धम्मसारहि ! दिट्ठे तुह पवयणे नवरं ॥२७॥
( विषमौ रागद्वेषौ नयन्तौ तुरगाविवोत्पथेन मनः।
तिष्ठतो धर्मसारथे! दृष्टे तव प्रवचने केवलम् ॥ )

જેમ રથને ખોટે માર્ગે લઈ જનારા અશ્વો સારથિની ચાબૂક જોતાં, તેમ કરતાં અટકી જાય છે તેમ હે ધર્મ (રૂપી રથ)ના સારથિ! જ્યારે આપના પ્રવચન-સિદ્ધાન્તનું દર્શન થાય છે ત્યારે ચિત્તને ઉન્માર્ગે દોરી જનારા વિષમ રાગ અને દ્વેષ થંભી જાય છે (અર્થાત્ તેમનું કંઈ જોર ચાલતું નથી).

पच्चलकसायचोरे, सइसंनिहिआसिचक्कधणुरेहा ।
हुंति तुह च्चिअ चलणा, सरणं भीआण भवरन्ने॥२८॥
( प्रत्यलकषायचौरे सदासन्निहितासिचक्रधनूरेखौ ।
भवतस्तवैव चरणौ शरणं भीतानां भवारण्ये ॥ )

હે ભગવાન્! જેમાં પ્રબળ કષાયરૂપ ચોરો (વસે) છે એવા સંસારરૂપ જંગલમાં ભયભીત (જીવો) ને તરવાર, ચક્ર, અને ધનુષ્યરૂપી રેખાઓથી સર્વદા લાંછિત એવાં આપનાં જ ચરણો શરણ (રૂપ) છે. (૨૮)

तुह समयसरब्भट्ठा, भमंति सयलासु रुक्खजाईसु ।
सारणिजलं व जीवा, ठाणट्ठाणेसु बज्झंता ॥२९॥

(तव समयसरोभ्रष्टा भ्राम्यन्ति सकलासु रूक्षजातिषु ।
सारणिजलमिव जीवाः स्थानस्थानेषु बध्यमानाः ॥)

જેમ સારણિ-નીકનું જળ સર્વ વૃક્ષ જાતિઓમાં ઠેકાણે ઠેકાણે બંધાતું છતું ફરે છે તેમ (હે નાથ!) આપના સિદ્ધાન્તરૂપ સરોવરથી ભ્રષ્ટ થએલા જીવો (૮૪ લાખ યોનિરૂપ) સકળ રૂક્ષ જાતિ-કઠોર ઉત્પત્તિ સ્થાનોમાં (કર્મ વડે) સ્થળે સ્થળે બંધાતા છતા ભમે છે. (૨૯)

सलिल(लि)व्व पवयणे तुह, गहिए उड्ढं अहो विमुक्कम्मि ।
वच्चंति नाह ! कूवय-रहट्टघडिसंनिहा जीत्रा ॥३०॥

(सलिल इव प्रवचने तव गृहीते ऊर्ध्वमधो विमुक्ते ।
व्रजन्ति नाथ ! कूपकारघट्टघटीसन्निभा जीवाः ॥)

હે નાથ! કૂવાના અરઘટ્ટની ઘટીના જેવા જીવો, જળ સમાન આપના પ્રવચનને જ્યારે ગ્રહણ કરે છે ત્યારે તેઓ ઉંચે (સ્વર્ગમાં કે મોક્ષમાં) જાય છે અને જ્યારે તેને છોડી દે છે ત્યારે તેઓ નીચે (તિર્યંચ કે નરકગતિમાં) જાય છે. (૩૦)

लीलाइ निंति मुक्खं, अन्ने जह तित्थिआ तहा न तुमं ।
तहवि तुह मग्गलग्गा, मग्गंति बुहा सित्रसुहाइं ॥३१॥

(लीलया नयन्ति मोक्षमन्ये यथा तीर्थिकाः तथा न त्वम् ।
तथापि तव मार्गलग्ना, मृगयन्ते बुधाः शिवसुखानि ॥)

જેમ અન્ય (બૌદ્ધાદિક) દર્શનકારો લીલાપૂર્વક (જીવોને) મોક્ષે લઈ જાય છે, તેમ આપ કરતા નથી, તો પણ વિચક્ષણજનો (યથાર્થ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ) આપના માર્ગમાં લાગેલા મોક્ષનાં સુખોને શોધે છે. (૩૧)

**सारि व्व बंधवहमरणभाइणो जिण ! न हुंति पइ दिट्ठे ।**
**अक्खेहिं वि हीरंता, जीवा संसारफलयम्मि ॥३२॥**

**(शारय इव बन्धवधमरणभागिनो जिन ! न भवन्ति त्वयि दृष्टे । अक्षैरपि ह्रियमाणा जीवाः संसारफलके ॥)**

જેમ પાસાઓ વડે ખેંચાયેલાં (ચલાવતા) મહોરાં બંધ, વધ અને મરણના ભાજન બને છે, તેમ હે જિનેશ્વર! આ સંસારરૂપી ફલકમાં ઈન્દ્રિય (રૂપ મહોરાં) વડે (જન્મ મરણને વશ થઈ અન્યાન્ય દુર્ગતિમાં) ભ્રમણ કરતા જીવો જ્યારે આપને (યથાર્થ બુદ્ધિ વડે જુએ છે; ત્યારે તેઓ (તિર્યંચ અને નરક ગતિ સંબંધી) બંધ વધ અને મરણના ભાગી થતા નથી. (૩૨)

**अवहीरिआ तए पहु ! निंति निओगिक्कसंखलाबद्धा ।**
**कालमणंतं सत्ता, समं कयाहारनीहारा ॥३३॥**

**(अवधीरितास्त्वया प्रभो ! नयन्ति निगोदैकश्रृङ्खलाबद्धाः । कालमनन्तं सत्त्वाः समं कृताहारनीहाराः ॥)**

(જેમ કેટલાક રાજપુરૂષો રાજાની અવગણના થતાં કારાગૃહમાં લોખંડની સાંકળો વડે જકડાઇ જઈ અન્ય કેદીઓની સાથે સમકાલે આહાર અને નીહારની ક્રિયાઓ કરતાં ઘણો કાળ ગુમાવે છે તેમ) હે નાથ! (અવ્યવહાર રાશિને પ્રાપ્ત થએલા સાધનના અભાવે ધર્મોપદેશથી વંચિત હોવાને લીધે) આપના વડે અવગણના કરાયેલા જીવો નિગોદરૂપ એક જ શૃંખલા વડે બંધાઈ એકી સાથે આહાર નીહાર કરતાં અનંત કાળ ગુમાવે છે. (૩૩)

**जेहिं तविआणं तव–निहि! जायइ परमा तुमम्मि पडिवत्ती।**
**दुक्खाइं ताइं मन्ने, न हुंति कम्मं अहम्मस्स ॥३४॥**

**(यैस्तापितानां तपोनिधे! जायते परमा त्वयि प्रतिपत्तिः।**
**दुःखानि तानि मन्ये न भवन्ति कर्माधर्मस्य ॥)**

હે તપોનિધિ! જે દુઃખોથી પીડિત થએલા (જીવો)ને આપને વિષે અત્યંત આંતરિક પ્રીતિ ઉદ્ભવે છે, તે દુઃખો અધર્મના કાર્યરૂપ નથી (પરંતુ તે પુણ્યાનુબંધી હોવાથી ઉલટાં પ્રશંસનીય છે) એમ હું માનું છું. (૩૪)

**होही मोहुच्छेओ, तुह सेवाए धुव त्ति नंदामि।**
**जं पुण न वंदिअव्वो, तत्थ तुमं तेण झिज्जामि ॥३६॥**

(भविष्यति मोहोच्छेदस्तव सेवया ध्रुव इति नन्दामि।
यत् पुनर्न वन्दितव्यस्तत्र त्वं तेन क्षीये॥)

(હે નાથ!) આપની સેવાથી જરૂર (મારા) મોહનો નાશ થશે એ (વાત)થી હું આનંદ પામું છું, પરંતુ (મોહનો ઉચ્છેદ થતાં મને કેવલજ્ઞાન પ્રાપ્ત થશે અને કેવલજ્ઞાની કેવલજ્ઞાનીને નમન ન કરે એવો નિયમ હોવાથી મારા ઉપર અનુપમ ઉપકાર કરનારા એવા) આપને પણ હું વાંદી નહિ શકું, તેથી કરીને હું ક્ષીણ થાઉં છું (શોકાતુર થાઉં છું). (૩૫)

जा तुह सेवाविमुहस्स हुंतु मा ताउ मह समिद्धीओ।
अहिआरसंपया इव, पेरंतविडंबणफलाओ॥३६॥

(यास्तव सेवाविमुखस्य भवन्तु मा ता मम समृद्धयः।
अधिकारसंपद इव पर्यन्तविडम्बनफलाः॥)

અંતમાં વિડંબનારૂપ ફળવાળી (રાજ્ય) અધિકારની સંપત્તિઓના જેવી જે સંપત્તિઓ (હે નાથ!) આપની સેવાથી વિમુખ (સર્વથા જિન ધર્મથી રહિત–પ્રથમ ગુણસ્થાને રહેલા એવા મનુષ્યાદિ)ને હોય છે, તે સંપત્તિઓ મને ન હોજો. (૩૬)

भित्तूण तमं दीवो, देव! पयत्थे जणस्स पयडेइ।
तुह पुण विवरीयमिणं, जइक्कदीवस्स निव्वडिअं॥३७॥

(भित्त्वा तमो दीपो देव ! पदार्थान् जनस्य प्रकटयति ।
तव पुनर्विपरीतमिदं जगदेकदीपस्य निष्पन्नम् ॥ )

હે દેવ ! (અન્ય) દીપક અંધકારને ભેદીને મનુષ્યને (ઘટાદિક) પદાર્થો પ્રકટ કરે છે, પરન્તુ જગતના અદ્વિતીય દીપકરૂપ આપનું આ (દીપક કાર્ય) તો વિપરીત છે. (કેમકે આપ તો પ્રથમ ઉપદેશરૂપ કિરણદ્વારા ભવ્ય જીવોને જીવાજીવાદિક પદાર્થનો બોધ કરાવો છે અને ત્યાર પછી એ પ્રમાણે તેમને યથાર્થ જ્ઞાન કરાવી તેમના અજ્ઞાનરૂપ અંધકારનો અંત આણો છો.) (૩૭)

मिच्छत्तविसपसुत्ता, सचेयणा जिण ! न हुंति किं जीवा ?
कण्णम्मि कमइ जइ कित्तिअं पि तुह वयणमन्तस्स ॥

(मिथ्यात्वविषप्रसुप्ताः सचेतना जिन ! न भवन्ति किं जीवाः
कर्णयोः क्रामति यदि कियदपि तव वचनमन्त्रस्य )॥

જો મિથ્યાત્વરૂપ વિષથી મૂર્છિત થયેલા જીવોના કર્ણમાં હે વીતરાગ ! આપના વચનરૂપમંત્રનો કંઈક અંશ પણ પ્રવેશ કરે, તો (તેવા) જીવો (પણ રોહિણેય ચોર તથા ચિલાતી પુત્રની જેમ) શું સચેતન નથી થતા ? (૩૮)

आयन्निआ खणद्धं, पि पइं थिरं ते करंति अणुरायं ।
परसमया तहवि मणं, तुहसमयन्नूण न हरंति ॥३९॥

(आकर्णिताः क्षणार्धमपि त्वयि स्थिरं ते कुर्वन्त्यनुरागम्।
परसमयास्तथापि मनस्त्वत्समयज्ञानां न हरन्ति॥)

અન્ય (વૈશેષિક, નૈયાયિક. જૈમિનીય, સાંખ્ય, સૌગત પ્રમુખ)ના આગમો અડધી ક્ષણ સાંભળ્યા છતાં પણ આપને વિષેનો અનુરાગ સ્થિર કરે છે અને તેમ થવાથી આપના સિદ્ધાન્તના જ્ઞાતાઓનું ચિત્ત તે હરી શકતા નથી. (૩૯)

वाईहिं परिग्गहिआ, करंति विमुहं खणेण पडिवक्खं।
तुज्झ नया नाह! महागय व्व अन्नुन्नसंलग्गा ॥४०॥

(वादिभिः परिगृहीताः कुर्वन्ति विमुखं क्षणेन प्रतिपक्षम्।
तव नया नाथ! महागजा इवान्योन्यसंलग्नाः॥)

હે નાથ! ઘોડાઓથી વીંટળાયેલા તથા પરસ્પર મળી ગયેલા એવા મોટા હાથીઓ જેમ (શત્રુના સૈન્યને રણક્ષેત્રમાંથી પાછું હઠાવે છે તેમ અતિશય ચતુર અને વળી વાદલબ્ધિથી અલંકૃત એવા) વાદીઓએ સ્વીકારેલા તેમજ પરસ્પર સંગત એવા આપના નયો પ્રતિપક્ષને એક ક્ષણમાં (વાદવિવાદના ક્ષેત્રથી) વિમુખ કરે છે. (૪૦)

पावंति जसं असमंजसा वि वयणेहिं जेहिं परसमया।
तुह समयमहोअहिणो, ते मंदा बिंदुनिस्संदा ॥४१॥

(प्राप्नुवन्ति यशोऽसमञ्जसा अपि वचनैर्यैः परसमया
तव समयमहोदधेस्तानि मन्दा बिन्दुनिस्यन्दाः ॥)

અન્ય (દર્શનકારોના) યુક્તિવિકલ એવા પણ સિદ્ધાન્તો (સૂર્ય. ચંદ્રના ગ્રહણાદિને જણાવવા રૂપ) જે વચનો વડે કીર્તિ પામે છે, તે વચનો સિદ્ધાન્ત રૂપ મહાસાગરનાં મંદ બિંદુઓનાં ટપકાં છે.

पइ मुक्के पोअम्मि व, जीवेहिं भवन्नवम्मि पत्ताओ।
अणुवेलमावयामुहपडिएहिं विडंबणा विविहा ॥४२॥
(त्वयि मुक्ते पोत इव जीवैर्भवार्णवे प्राप्ताः।
अनुवेलमापदामुखपतितैर्विडम्बना विविधाः ॥)

(જેમ નદીના મુખમાં પડેલા જીવો વહાણના અભાવે નિમજ્જન, દુષ્ટ જલચર પ્રાણીઓના હાથે મરણ ઇત્યાદિ વિવિધ વિપત્તિઓ પામે છે, તેમ હે નાથ !) નૌકા સમાન આપનો જે જીવોએ ત્યાગ કર્યો છે, તે આપત્તિના મુખમાં પડેલા જીવો સંસાર સમુદ્રમાં વિવિધ વિડંબનાઓને વારંવાર પામે છે.

वुच्छं अपत्थिआगय–मच्छभवन्तोमुहुत्तवसिएण।
छावट्ठी अयराइं, निरंतरं अप्पइट्ठाणे ॥४३॥
(उषितमप्रार्थितागतमत्स्यभवान्तर्मुहूर्त्तमुषितेन।
षट्षष्टिः अतराणि (सागरोपमानि) निरन्तरमप्रतिष्ठाने ॥)

(હે દેવ ! બીજા ભવોની તો શી વાત કહું ?) અણધાર્યા આવી પડેલા (તંદુળિયા) મત્સ્યના ભવમાં અંતર્મુહૂર્ત કાળ વસીને હું (સાતમી નરકના) અપ્રતિષ્ઠાન નરકાવાસમાં છાસઠ સાગરોપમ પર્યંત અવિચ્છિન્નપણે વસ્યો. (૪૩)

**सीउण्हवासधारा–निवायदुक्खं सुतिक्खमणुभूअं ।**
**तिरिअत्तणम्मि नाणा–वरणसमुच्छाइएणावि ॥४४॥**

**(शीतोष्णवर्षधारानिपातदुःखं सुतीक्ष्णमनुभूतम् ।**
**तिर्यक्त्वे ज्ञानावरणसमुच्छादितेनापि ॥)**

જ્ઞાનાવરણ (નામના કર્મ)થી અત્યંત આચ્છાદિત હોઈને પણ મેં તિર્યંચપણામાં શીત, તાપ અને વર્ષાની ધારાના નિપાતનું અતિશય તીવ્રદુઃખ અનુભવ્યું (એ આશ્ચર્ય છે.) (૪૪)

**अंतो निक्खंतेहिं, पत्तेहिं पिअकलत्तपुत्तेहिं ।**
**सुन्ना मणुस्सभवणाडएसु निज्झाइआ अंका ॥४५॥**

**(अन्तर्निष्क्रान्तैः प्राप्तैः (पात्रैः) प्रियकलत्रपुत्रैः ।**
**शून्या मनुष्यभवनाटकेषु निध्यीता अङ्काः ॥)**

(હે નાથ !) મનુષ્ય ભવરૂપ નાટકોને વિષે મને પ્રાપ્ત થયેલા પ્રિય પત્ની અને પુત્રોથી ઉત્સંગો મધ્યમાંથી તેઓ નીકળી ગયેલા (અર્થાત્ વૃદ્ધાવસ્થા

પૂર્વે મરણને શરણ થયેલા હોવાથી શૂન્ય જોવાયા. (૪૫)

**दिट्ठा रिउरिद्धीओ, आणाउ कया महड्ढिअसुराणं ।**
**सहिआ य हीणदेवत्तणेसु दोगच्चसंतावा ॥४६॥**

(दृष्टा रिपुऋद्धय आज्ञाः कृता महर्द्धिकसुराणाम् ।
सोढौ च हीनदेवत्वेषु दौर्गत्यसन्तापौ ॥)

વળી (હે નાથ ! દેવલોકમાં પણ) મેં શત્રુઓની સંપત્તિઓ જોઈ, મહર્દ્ધિક સુરોનાં શાસનો શિરે ચડાવ્યાં અને (કિલ્બિષ જેવા) નીચ દેવપણામાં દરિદ્રતા અને સંતાપ સહન કર્યા. (૪૬)

**सिंचंतेण भववणं, पल्लट्टा पल्लिआऽरहट्टु व्व ।**
**घडिसंठाणोसप्पिणिअवसप्पिणिपरिगया बहुसो ॥४७॥**

(सिञ्चता भववनं परिवर्ताः प्रेरिता अरघट्ट इव ।
घटीसंस्थानोत्सर्पिण्यवसर्पिणीपरिगता बहुशः ॥)

(હે નાથ ! મિથ્યાત્વ. અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ એ કર્મબંધના પાંચ હેતુરૂપ જલ વડે) ભવવનને સિંચતા એવા મેં અરઘટ્ટની જેમ ઘટી–સંસ્થાનરૂપ ઉત્સર્પિણી અને અવસર્પિણીથી યુક્ત અનેક પુદ્ગલ પરાવર્તો વ્યતીત કર્યા. (૪૭)

**भमिओ कालमणंतं, भवम्मि भीओ न नाह ! दुक्खाणं ।**
**संपइ तुमम्मि दिट्ठे, जायं च भयं पलायं च ॥४८॥**

(भ्रान्तः कालमनन्तं भवे भीतो न नाथ! दुःखेभ्यः।
सम्प्रति त्वयि दृष्टे जातं च भयं पलायितं च॥)

હે નાથ! હું સંસારમાં અનંત કાળ રખડયો તોપણ દુઃખોથી બીધો નહિ; (પરંતુ) હમણા જ્યારે મેં આપને જોયા ત્યારે (ક્રોધાદિકથી થતી વિડંબનાનો બોધ થવાથી) ભય ઉત્પન્ન થયો અને (સાથે સાથે શમાદિક વડે તે દૂર કરી શકીશ એમ જ્ઞાન થતાં) તે પલાયન પણ કરી ગયો. (૪૮)

जइवि कयत्थो जगगुरु! मज्झत्थो जइ वि तहवि पत्थेमि।
दाविज्जसु अप्पाणं, पुणो वि कइया वि अम्हाणं ॥४९॥
(यद्यपि कृतार्थो जगद्गुरो! मध्यस्थो यद्यपि तथापि
प्रार्थये! दर्शयेरात्मानं पुनरपि कदाचिदप्यस्माकम्॥)

હે જગદ્ગુરૂ! જો કે કૃતાર્થ છો તેમજ મધ્યસ્થ (રાગ દ્વેષ અને મોહથી અસ્પૃષ્ટ, ચિન્મય એવા આત્મ સ્વરૂપમાં સ્થિત તેમજ રાગાદિથી ગ્રસ્ત જગતને જોવા છતાં તે તરફ ઉદાસીન) છો તોપણ હું (આપને) પ્રાર્થના કરૂં છું કે આપ કોઈક કાળે (અથવા કોઈ દેશમાં) પણ ફરીને અમને (મારા જેવા જનોને) આપનું દર્શન કરાવજો. (૪૯)

इअ झाणग्गिपलीविअकम्मिंधण! बालबुद्धिणा वि मए।
भत्तीइ थुओ भवभयसमुद्दबोहित्थ! बोहिफलो ॥५०॥

(इति ध्यानाग्निप्रदीपितकर्मेन्धन! बालबुद्धिनाऽपि मया।
भक्त्या स्तुतो भवभयसमुद्रयानपात्र! बोधिफलः॥)

ધ્યાનરૂપ અગ્નિવડે કર્મરૂપ ઇંધનને પ્રજ્વલિત કર્યાં છે એવા અને અતિ દુસ્તર ભવભયરૂપ સમુદ્રને તરી જવામાં પ્રવહણ સમાન એવા હે નાથ! બાળ બુદ્ધિ એવા મેં સમ્યકત્વરૂપ ફળ આપનારા આપની આ પ્રમાણે ભક્તિપૂર્વક સ્તુતિ કરી. (૫૦)

न्यायाचार्य-न्यायविशारद-महोपाध्याय

श्रीयशोविजयविरचिता

# ॥ परमात्मपञ्चविंशतिका ॥

परमात्मा परं ज्योतिः, परमेष्ठी निरंजनः ।
अजः सनातनः शंभूः, स्वयंभूर्जयताज्जिनः ॥१॥

પરમાત્મા, પરંજ્યોતિ, પરમેષ્ઠી, નિરંજન, અજ, સનાતન, શંભુ અને સ્વયંભૂ એવા શ્રી જિન પ્રભુ જયવંત વર્તો. (૧)

नित्यं विज्ञानमानंदं, ब्रह्म यत्र प्रतिष्ठितम् ।
शुद्धबुद्धस्वभावाय, नमस्तस्मै परात्मने ॥२॥

જ્યાં નિરંતર વિજ્ઞાન આનંદ અને બ્રહ્મ પ્રતિષ્ઠિત છે, તે શુદ્ધબુદ્ધસ્વભાવવાળા પરમાત્માને નમસ્કાર થાઓ. (૨)

अविद्याजनितैः सर्वै,-र्विकारैरनुपद्रुत ।
व्यक्त्या शिवपदस्थोऽसौ, शक्त्या जयति सर्वगः ॥३॥

જે અજ્ઞાનજનિત સર્વ પ્રકારના વિકારોવડે અનુપદ્રુત છે, વ્યક્તિવડે શિવપદમાં રહેલ છે તથા શક્તિવડે સર્વ સ્થાને વ્યાપક છે. (૩)

यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः ।
शुद्धानुभवसंवेद्यं, तद्रूपं परमात्मनः ॥४॥

જયાંથી વાચાઓ પાછી ફરે છે અને જયાં મનની ગતિ થતી નથી. માત્ર શુદ્ધ અનુભવવડેજ જાણી શકાય તેવું પરમાત્માનું સ્વરૂપ છે. (૪)

न स्पर्शो यस्य नो वर्णो, न गन्धो न रसश्श्रुतिः ।
शुद्धचिन्मात्रगुणवान्, परमात्मा स गीयते ॥५॥

જેમને સ્પર્શ નથી, વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, અને શબ્દ નથી અને જે કેવળ શુદ્ધ જ્ઞાન માત્ર ગુણને ધારણ કરનારા છે. તે પરમાત્મા કહેવાય છે. (૫)

माधुर्यातिशयो यद्वा, गुणौघः परमात्मनः ।
तथाऽऽख्यातुं न शक्योऽपि, प्रत्याख्यातुं न शक्यते॥६॥

અથવા અતિશય મધુરતાને ધારણ કરનારો પરમાત્માના ગુણોનો સમુદાય અમુક પ્રકારનો છે, એમ પણ કહી શકાતું નથી, અને અમુક પ્રકારનો નથી, એમ પણ કહી શકાતું નથી. (૬)

बुद्धो जिनो हृषीकेशः, शंभुर्ब्रह्मादिपूरुषः ।
इत्यादिनामभेदेऽपि, नाऽर्थतः स विभिद्यते ॥७॥

બુદ્ધ, જિન, હૃષીકેશ, શંભુ, બ્રહ્મા, આદિપુરુષ ઈત્યાદિ નામવડે અનેક ભેદવાળા હોવા છતાં અર્થવડે લેશમાત્ર ભેદને ધારણ કરતા નથી. (૭)

**धावन्तोऽपि नया नैके, तत्स्वरूपं स्पृशन्ति न ।**
**समुद्रा इव कल्लोलैः, कृतप्रतिनिवृत्तयः ॥८॥**

દોડતા એવા પણ અનેક નયો પરમાત્માના સ્વરૂપનો સ્પર્શ કરી શકતા નથી. સમુદ્રના મોજાઓ જેમ સમુદ્રમાં પાછા ફરે છે, તેમ નયો પણ (પરમાત્માના સ્વરૂપનો સ્પર્શ કર્યા વિના) પાછા ફરે છે. (૯)

**शब्दोपरक्ततद्रूप,—बोधकृन्नयपद्धतिः (तेः) ।**
**निर्विकल्पं तु तद्रूपं, गम्यं नाऽनुभवं विना ॥९॥**

નયનો માર્ગ શબ્દોવડે ઉપરક્ત બની પરમાત્માના સ્વરૂપનો બોધ કરાવે છે પરંતુ પરમાત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવ વિના શબ્દ માત્રથી જાણી શકાતું નથી. (૯)

**केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।**
**स्तोकास्तत्त्वरसास्वाद,—विदोऽनुभवजिह्वया ॥१०॥**

શાસ્ત્રરૂપી ક્ષીરાન્નનું અવગાહન કરનાર કલ્પના રૂપી કડછી કોને પ્રાપ્ત થઈ નથી? અનુભવરૂપી

જિંહ્વાવડે તેના રસનો આસ્વાદ જાણનારા જગતમાં વિરલ છે. (૧૦)

जितेन्द्रिया जितक्रोधा, दान्तात्मानः शुभाशयाः ।
परमात्मगतिं यान्ति, विभिन्नैरपि वर्त्मभिः ॥११॥

ઇન્દ્રિયોને જીતનારા, ક્રોધને જીતનારા, આત્માને દમનારા અને શુભ આશયવાળા મહાપુરુષો ભિન્ન ભિન્ન માર્ગોવિડે પણ પરમાત્મ સ્વરૂપના જ્ઞાનને પ્રાપ્ત કરે છે. (૧૧)

नूनं मुमुक्षवः सर्वे, परमेश्वरसेवकाः ।
दुरासन्नादिभेदस्तु, तद्भृत्यत्वं निहन्ति न ॥१२॥

સઘળા મુમુક્ષુ આત્માઓ નિશ્ચયે કરીને પરમેશ્વરના સેવકોજ છે. દૂર, નિકટ આદિનો ભેદ તેમના સેવકપણાને જરા માત્ર હરકત કરતો નથી. (૧૨)

नाममात्रेण ये दृप्ता, ज्ञानमार्गविवर्जिताः ।
न पश्यन्ति परात्मानं, ते घूका इव भास्करं ॥१३॥

જ્ઞાન માર્ગથી રહિત અને પરમાત્માના નામ માત્રથી ગર્વિષ્ટ બનેલા આત્માઓ ઘુવડો, જેમ સૂર્યને જોઈ શકે નહિ તેમ, પરમાત્માને જોઈ શકતા નથી. (૧૩)

श्रमः शास्त्राश्रयः सर्वो, यज्ज्ञानेन फलेग्रहिः ।
ध्यातव्योऽयमुपास्योऽयं, परमात्मा निरंजनः ॥१४॥

શાસ્ત્રસંબંધી સઘળો પરિશ્રમ જેમનું જ્ઞાન થવા બાદજ ફળવાળો બને છે, તે એક નિરંજન પરમાત્માજ ધ્યાન કરવાલાયક તથા ઉપાસના કરવા લાયક છે. (૧૪)

नान्तराया न मिथ्यात्वं, हासोरत्यरती च न ।
न भीर्यस्य जुगुप्सा नो, परमात्मा स मे गतिः ॥१५॥

જેમને અંતરાયો નથી, મિથ્યાત્વ નથી, હાસ્ય નથી, રતિ નથી, અરતિ નથી, ભય નથી અને જુગુપ્સા નથી, તે પરમાત્મા મને ગતિ–શરણુ આપનાર થાઓ.

न शोको यस्य नो कामो, नाऽज्ञानाविरती तथा ।
नावकाशश्च निद्रायाः, परमात्मा स मे गतिः ॥१६॥

જેમને શોક નથી, કામ નથી, અજ્ઞાન નથી, અવિરતિ નથી તથા નિદ્રાનો અવકાશ નથી, તે પરમાત્મા મને શરણુભૂત થાઓ. (૧૬)

रागद्वेषौ हतौ येन, जगत्त्रयभयंकरौ ।
स त्राणं परमात्मा मे, स्वप्ने वा जागरेऽपि वा ॥१७॥

ત્રણુ જગતમાં ભયંકર એવા રાગ અને દ્વેષને

જેઓએ હણી નાખ્યા છે, તે પરમાત્મા મને સ્વ-પ્નમાં કે જાગૃત અવસ્થામાં રક્ષણ કરનારા થાઓ. (૧૭)

**उपाधिजनिता भावा, ये ये जन्मजरादिकाः ।**
**तेषां तेषां निषेधेन, सिद्धं रूपं परात्मनः ॥१८॥**

કર્મરૂપી ઉપાધિથી ઉત્પન્ન થનારા જે જે જન્મ જરાદિક ભાવો છે, તે તે ભાવોનો નિષેધ થવા વડે પરમાત્માનું સ્વરૂપ સિદ્ધ થાય છે. (૧૮)

**अतद्व्यावृत्तितो भिन्नं, सिद्धान्ताः कथयन्ति तम् ।**
**वस्तुतस्तु न निर्वाच्यं, तत्स्वरूपं कथञ्चन ॥१९॥**

'તે આવા પ્રકારનું નથી'—એમ કહીને સિદ્ધાન્તો તેના સ્વરૂપનું વર્ણન કરે છે. વસ્તુતઃ પરમાત્માનું સ્વરૂપ કોઈ પણ પ્રકારે કથન કરી શકાય તેવું નથી. (૧૯)

**जानन्नपि यथा म्लेच्छो, न शक्नोति पुरीगुणान् ।**
**प्रवक्तुमुपमाऽभावात्, तथा सिद्धसुखं जिनः ॥२०॥**

ગામડાનો રહીશ નગરના ગુણો જાણવા છતાં ઉપમાના અભાવે જેમ કહી શકતો નથી, તેમ કેવલજ્ઞાની મહાત્માઓ પણ ઉપમાના અભાવે સિદ્ધ પમાત્માના સુખને જણાવી શક્તા નથી. (૨૦)

सुरासुराणां सर्वेषां, यत्सुखं पिंडितं भवेत् ।
एकत्राऽपि हि सिद्धस्य, तदनंततमांशगम् ॥२१॥

સમસ્ત સુરાસુરનું સુખ એક જગ્યાએ એકત્ર કરવામાં આવે તો પણ એક સિદ્ધના સુખના અનંતમા ભાગને પણ તે પહોંચી શકતું નથી. (૨૧)

अदेहा दर्शनज्ञानो—पयोगमयमूर्त्तयः ।
आकालं परमात्मानः, सिद्धाः सन्ति निरामयाः ॥२२॥

દેહ રહિત, દર્શન અને જ્ઞાનોપયોગમયસ્વરૂપવાળા તથા સદાકાળ રોગ અને પીડા રહિત સિદ્ધ પરમાત્માઓ હોય છે. (૨૨)

लोकाग्रशिखरारूढाः, स्वभावसमवस्थिताः ।
भवप्रपञ्चनिर्मुक्ता, युक्तानन्ताऽवगाहनाः ॥२३॥

તેઓ લોકના અગ્રભાગરૂપ શિખર ઉપર આરૂઢ થયેલા હોય છે. પોતાના સ્વભાવની અંદર સદા અવસ્થિત થયેલા હોય છે. સંસારના પ્રપંચથી સર્વથા મૂકાયેલા હોય છે અને અનંતા સિદ્ધોની અવગાહનામાં રહેલા હોય છે. (૨૩)

इलिका भ्रमरीध्यानाद्, भ्रमरीत्वं यथाऽश्नुते ।
तथा ध्यायन् परात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥२४॥

ભ્રમરીના ધ્યાનથી ઇલિકા જેમ ભ્રમરીપણાને પામે છે, તેમ પરમાત્માનું ધ્યાન કરનાર આત્મા પરમાત્મપણાને પ્રાપ્ત કરે છે. (૨૪)

**परमात्मगुणानेवं, ये ध्यायन्ति समाहिताः ।**
**लभन्ते निभृतानन्दा,–स्ते यशोविजयश्रियम् ॥२५॥**

એ રીતે સમાધિયુક્ત મનવાળા જેઓ પરમાત્માના ગુણોનું ધ્યાન કરે છે તેઓ પરિપૂર્ણ આનંદવાળા બનીને યશનો વિજય કરનારી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે અથવા શ્રી **યશોવિજયની** લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. (૨૫)

कलिकालसर्वज्ञ-श्रीमद्-हेमचन्द्राचार्य-विरचितम्-

# श्री वीतराग-स्तोत्रम्।

## પ્રકાશ—પહેલો.

—o—

यः परात्मा परंज्योतिः, परमः परमेष्ठिनाम्।
आदित्यवर्णं तमसः, परस्तादामनन्ति यम् ॥१॥

જેઓ પરાત્મા, પરંજ્યોતિ અને પરમેષ્ઠીઓમાં પ્રધાન છેઃ જેમને પંડિત પુરૂષો અજ્ઞાનની પેલેપાર ગયેલાં અને સૂર્યની જેવા ઉદ્યોત કરવાવાલા માને છેઃ (૧)

सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः।
मूर्ध्ना यस्मै नमस्यन्ति, सुरासुरनरेश्वराः ॥२॥

જેઓએ રાગાદિ કલેશ વૃક્ષોને મૂળથી ઉખેડી નાંખ્યા છેઃ જેમને સુર અસુર મનુષ્ય અને તેના અધિપતિઓ મસ્તક વડે નમસ્કાર કરે છેઃ (૨)

प्रावर्त्तन्त यतो विद्याः, पुरुषार्थप्रसाधिकाः।
यस्य ज्ञानं भवद्भावि-भूतभावावभासकृत् ॥३॥

જેમનાથી પુરૂષાર્થને સિદ્ધ કરનારી શબ્દાદિ

વિદ્યાઓ પ્રવર્તેલી છે: જેમનું જ્ઞાન વર્તમાન, ભવિ અને ભૂત ભાવોને પ્રકાશનારૂં છે: (૩)

**यस्मिन्विज्ञानमानन्दं ब्रह्म चैकात्मतां गतम् ।**
**स श्रद्धेयः स च ध्येयः, प्रपद्ये शरणं च तम् ॥४॥**

જેમનામાં વિજ્ઞાન–કેવળજ્ઞાન, આનન્દ—સુખ અને બ્રહ્મ–પરમપદ એ ત્રણે એકપણાને પામેલ છે, તે શ્રદ્ધેય છે અને ધ્યેય છે: તથા તેમનું હું શરણ અંગીકાર કરું છું: (૪)

**तेन स्यां नाथवांस्तस्मै, स्पृहयेयं समाहितः ।**
**ततः कृतार्थो भूयासं, भवेयं तस्य किङ्करः ॥५॥**

તેમના વડે હું સનાથ છું: તેમને સમાહિત મનવાળો હું વાંછું છું: તેમનાથી હું કૃતાર્થ થાઉં છું:અને તેમનો હું કિંકર છું: (૫)

**तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।**
**इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ॥६॥**

તેમની સ્તુતિ કરવા વડે હું મારી વાચાને પવિત્ર કરૂં છું: કારણ કે આ ભવ અટવીમાં પ્રાણીઓના જન્મનું એજ એક ફલ છે. (૬)

**क्वाहं पशोरपि पशु–र्वीतरागस्तवः क्व च ।**
**उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ॥७॥**

પશુથી પણ પશુ એવો હું ક્યાં ? અને સુરગુરુથી પણ અશકય એવી વીતરાગની સ્તુતિ ક્યાં ? એ કારણે બે પગ વડે મોટી અટવીનું ઉલ્લંઘન કરવાને ઇચ્છતા પંગુની જેવો હું છું. (૭)

**तथापि श्रद्धामुग्धोऽहं, नोपलभ्यः स्खलन्नपि ।**
**विशृङ्खलापि वाग्वृत्तिः, श्रद्धानस्य शोभते ॥८॥**

તો પણ શ્રદ્ધાથી મુગ્ધ એવો હું પ્રભુની સ્તુતિ કરવામાં સ્ખલના પામવામાં ઉપાલમ્ભને પાત્ર નથી. શ્રદ્ધાળુ આત્માની સંબંધ વિનાની વાકયરચના પણ શોભાને પામે છે. (૮)

**श्री हेमचन्द्रप्रभवाद्,–वीतरागस्तवादितः ।**
**कुमारपालभूपालः प्राप्नोतु फलमीप्सितम् ॥९॥**

શ્રી **હેમચંદ્રસૂરિએ** રચેલા શ્રી વીતરાગ સ્તવથી શ્રી **કુમારપાલ** મહારાજા વિશુદ્ધિ લક્ષણ અને કર્મક્ષય લક્ષણ ઇચ્છિત ફલને પ્રાપ્ત કરો. (૯)

# પ્રકાશ—બીજો.

—o—

प्रियङ्गु—स्फटिक—स्वर्ण—पद्मरागाञ्जनप्रभः ।
प्रभो ! तवाधौतशुचिः, कायः कमिव नाक्षिपेत् ॥१॥

હે પ્રભો ! પ્રિયંગુની જેમ નીલ, સ્ફટિકની જેમ ઉજ્જવલ, સુવર્ણની જેમ પીળો, પદ્મરાગની જેમ રાતો, અને અંજનની જેમ શ્યામ કાન્તિવાળો અને ધોયા વિનાજ પવિત્ર એવો આપનો દેહ કોને આશ્ચર્યચકિત ન કરે? (૧)

मन्दार—दामवन्नित्य—मवापि—सुगन्धिनि ।
तवाङ्गे भृङ्गतां यान्ति, नेत्राणि सुरयोषिताम् ॥२॥

કલ્પતરૂ પુષ્પોની માલાની જેમ સ્વભાવથીજ સુગન્ધિ એવા આપના શરીરને વિષે દેવાંગનાઓનાં નેત્રો ભ્રમરપણું પામે છે. (૨)

दिव्यामृतरसास्वाद—पोषप्रतिहता इव ।
समाविशन्ति ते नाथ ! नाङ्गे रोगोरगव्रजाः ॥३॥

હે નાથ દિવ્ય અમૃતરસના આસ્વાદની પુષ્ટિથી જાણે પરાભવ પામ્યા ન હોય તેમ કાસશ્વાસાદિક રોગરૂપી સર્પના સમૂહો આપના શરીરને વિષે પ્રવેશ પામતા નથી. (૩)

**त्वय्यादर्शतलालीन–प्रतिमाप्रतिरूपके ।**
**क्षरत्स्वेदविलीनत्व–कथाऽपि वपुषः कुतः ? ॥४॥**

દર્પણના તલની અંદર પ્રતિબિંબિત થયેલા પ્રતિબિંબની જેમ સ્વચ્છ એવા આપને વિષે કાયાનું ઝરતા પ્રસ્વેદથી વ્યાપીપણું હોય, એવી વાત પણ ક્યાંથી હોય ? (૪)

**न केवलं रागमुक्तं, वीतराग! मनस्तव ।**
**वपुःस्थितं रक्तमपि, क्षीरधारासहोदरम् ॥५॥**

હે વીતરાગ! કેવલ આપનું મન રાગરહિત છે, એમ નથી. આપના શરીરમાં રહેલું રૂધિર પણ દૂધની ધારા જેવું ઉજ્જવલ છે. (૫)

**जगद्विलक्षणं किं वा, तवान्यद्वक्तुमीश्महे ? ।**
**यदविस्रमबीभत्सं, शुभ्रं मांसमपि प्रभो ! ॥६॥**

અથવા હે પ્રભો ! જગતથી વિલક્ષણ એવું આપનું બીજું કેટલું વર્ણન કરવા અમે સમર્થ થઈ શકીએ ? કારણકે આપનું માંસ પણ દુર્ગન્ધ વિનાનું, દુગંચ્છા વિનાનું તથા ઉજ્જવલ છે. (૬)

**जलस्थलसमुद्भूताः, संत्यज्य सुमनःस्रजः ।**
**तव निःश्वाससौरभ्य,–मनुयान्ति मधुव्रताः ॥७॥**

જલ અને સ્થલને વિષે ઉત્પન્ન થયેલાં પુષ્પોની માળાઓનો ત્યાગ કરીને ભ્રમરો આપના નિઃશ્વાસની સૌરભ લેવાને માટે આપની પાછળ આવે છે. (૭)

**लोकोत्तरचमत्कार,-करी तव भवस्थितिः ।**
**यतो नाहारनीहारौ, गोचरश्चर्मचक्षुषाम् ॥८॥**

આપની ભવસ્થિતિ-સંસારમાં વસવાપણું લોકોત્તર ચમત્કાર-અપૂર્વ આશ્ચર્યને પેદા કરનારૂં છે, કારણકે આપના આહાર અને નીહાર ચર્મચક્ષુવાળાઓને અગોચર-અદૃશ્ય છે. (૮)

# પ્રકાશ—ત્રીજો.

**सर्वाभिमुख्यतो नाथ !, तीर्थकृन्नामकर्मजात् ।**
**सर्वथा सम्मुखीनस्त्वमानन्दयसि यत्प्रजाः ॥१॥**

હે નાથ! જે કારણ માટે તીર્થંકર નામકર્મ જનિત 'સર્વાભિમુખ્ય' નામના અતિશયથી, કેવળજ્ઞાનના પ્રકાશ વડે સર્વથા સર્વ દિશાએ સન્મુખ રહેલા એવા આપ, દેવ મનુષ્યાદિ સર્વ પ્રજાને સર્વ પ્રકારે આનંદ પમાડો છો. (૧)

यद्योजनप्रमाणेऽपि, धर्मदेशनसद्मनि।
संमान्ति कोटिशस्तिर्यग्नृदेवाः सपरिच्छदाः ॥२॥

એક યોજન પ્રમાણુ એવી પણ ધર્મદેશનાની ભૂમિને વિષે પોતપોતાના પરિવાર સહિત ક્રોડો તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓ સમાઈ જાય છે. (૨)

तेषामेव स्वस्वभाषा—परिणाममनोहरम् ।
अप्येकरूपं वचनं, यत्ते धर्मावबोधकृत् ॥३॥

પોતપોતાની ભાષામાં પરિણામ પામી જવા-વાળું હોવાથી મનોહર એવું એક સરખું પણ આપનું વચન તેઓને ધર્મનો અવબોધ કરનારૂં થાય છે. (૩)

साग्रेऽपि योजनशते, पूर्वोत्पन्नाः गदाम्बुदाः ।
यदञ्जसा विलीयन्ते, त्वद्विहारानिलोर्मिभिः ॥४॥

આપના વિહારરૂપી પવનની લહરીઓવડે સવાસો યોજનને વિષે પૂર્વે ઉત્પન્ન થયેલા રોગરૂપી વાદળાઓ તત્કાળ વિલય પામી જાય છે. (૪)

नाविर्भवन्ति यद्भूमौ, मूषकाः शलभाः शुकाः ।
क्षणेन क्षितिपक्षिप्ता, अनीतय इवेतयः ॥५॥

રાજાઓવડે દૂર કરાયેલી અનીતિઓની જેમ

ભૂમિને વિષે મૂષક—ઉંદર, શલભ—તીડ અને શુક—પોપટ વિગેરેના ઉપદ્રવો ક્ષણવારમાં નાબૂદ થઈ જાય છે. (૫)

**स्त्रीक्षेत्रपद्रादिभवे, यद्वैराग्निः प्रशाम्यति ।**
**त्वत्कृपापुष्करावर्त्तवर्षादिव भुवस्तले ॥६॥**

આપની કૃપારૂપી પુષ્કરાવર્ત્તના મેઘની વૃષ્ટિથીજ જાણે હોય નહિં તેમ જ્યાં આપ ચરણ ધરો છો ત્યાં સ્ત્રી, ક્ષેત્ર અને નગરાદિથી ઉત્પન્ન થયેલો વૈરરૂપી અગ્નિ શમી જાય છે. (૬)

**त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेदडिण्डिमे ।**
**सम्भवन्ति न यन्नाथ?, मारयो भुवनारयः ॥७॥**

હે નાથ! અશિવનો ઉચ્છેદ કરવાને ડિંડિમનાદ સમાન આપનો પ્રભાવ ભૂમિ ઉપર ફેલાયે છતે ભુવનના દુશ્મનભૂત મારી—મરકી વિગેરે ઉપદ્રવો ઉત્પન્ન થતા નથી. (૭)

**कामवर्षिणि लोकानां, त्वयि विश्वैकवत्सले ।**
**अतिवृष्टिरवृष्टिर्वा, भवेद्यन्नोपतापकृत् ॥८॥**

લોકના કામિતને વર્ષાવનાર વિશ્વને વિષે અદ્વિ-

तीय वत्सल એવા આપ વિદ્યમાન છતે ઉપતાપને કરનારી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થતી નથી. (૮)

**स्वराष्ट्र–परराष्ट्रेभ्यो, यत्क्षुद्रोपद्रवा द्रुतम् ।**
**विद्रवन्ति त्वत्प्रभावात्, सिंहनादादिव द्विपाः ॥९॥**

સિંહનાદથી જેમ હાથીઓ ભાગી જાય તેમ સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રથી ઉત્પન્ન થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો આપના પ્રભાવથી તત્કાળ ભાગી જાય છે. (૯)

**यत् क्षीयते च दुर्भिक्षं, क्षितौ विहरति त्वयि ।**
**सर्वाद्भुतप्रभावाढ्ये, जङ्गमे कल्पपादपे ॥१०॥**

સર્વ પ્રકારના અદ્ભુત પ્રભાવશાળી જંગમ કલ્પતરૂ સમાન આપ ક્ષિતિતલ ઉપર વિહરે છતે દુર્ભિક્ષ ક્ષય પામી જાય છે. (૧૦)

**यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्त्तण्डमण्डलम् ।**
**मा भूद्वपुर्दुरालोकमितीवोत्पिण्डितं महः ॥११॥**

આપનું શરીર જોવામાં અડચણું ન આવે એ માટે જ જાણે હોય નહિ તેમ સુરાસુરોએ આપના મસ્તકની પાછળ એક સ્થાને ભેગું કરેલું આપના શરીરનું જ મહા તેજ જાણે ન હોય તેવું સૂર્યના

મંડળને પણ જીતી જનારૂં તેજનું મંડળ—ભામંડળ સ્થાપેલું છે. (૧૧)

**स एष योगसाम्राज्य—महिमा विश्वविश्रुतः ।**
**कर्मक्षयोत्थो भगवन्कस्य नाश्चर्यकारणम् ? ॥१२॥**

હે ભગવન્! તે આ ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો વિશ્વવિખ્યાત યોગસામ્રાજ્યનો મહિમા કોને આશ્ચર્ય કરનારો નથી? (૧૨)

**अनन्तकालप्रचित—मनन्तमपि सर्वथा ।**
**त्वत्तो नान्यः कर्मकक्षमुन्मूलयति मूलतः ॥१३॥**

અનન્ત કાલથી ઉપાર્જન કરેલ અને અન્ત વિનાના કર્મવનને આપના સિવાય બીજો કોઈ મૂલથી ઉખેડી નાંખવાને સમર્થ નથી. (૧૩)

**तथोपाये प्रवृत्तस्त्वं, क्रियासमभिहारतः ।**
**यथानिच्छन्नुपेयस्य, परां श्रियमशिश्रियः ॥१४॥**

હે પ્રભુ! ચારિત્રરૂપી ઉપાયમાં વારંવાર અભ્યાસથી આપ તેવા પ્રકારે પ્રવૃત્ત થયા છો કે જેથી નહિ ઇચ્છવા છતાં ઉપેય—મોક્ષની ઉત્કૃષ્ટ લક્ષ્મીને આપે પ્રાપ્ત કરી છે. (૧૪)

मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥१५॥

મૈત્રી ભાવનાના પવિત્ર પાત્રરૂપ, પ્રમોદ ભાવના વડે સુશોભિત, તથા કરુણા અને માધ્યસ્થ ભાવનાવડે પૂજનીય યોગાત્મા–યોગસ્વરૂપ એવા આપને નમસ્કાર થાઓ. (૧૫)

## પ્રકાશ–ચોથો.

—— ० ——

मिथ्यादृशां युगान्तार्कः, सुदृशाममृताञ्जनम् ।
तिलकं तीर्थकृल्लक्ष्म्याः, पुरश्चक्रं तवैधते ॥१॥

મિથ્યાદષ્ટિઓને પ્રલય કાળના સૂર્ય તુલ્ય અને સમ્યગ્દષ્ટિઓને અમૃતના અંજન તુલ્ય શાન્તિકારી, તીર્થંકરની લક્ષ્મીના તિલકભૂત હે પ્રભુ! આપની આગળ ધર્મચક્ર શોભી રહ્યું છે. (૧)

एकोऽयमेव जगति, स्वामीत्याख्यातुमुच्छ्रिता ।
उच्चैरिन्द्रध्वजव्याजात्तर्जनी जंभविद्विषा ॥२॥

‘જગતમાં આ વીતરાગ જ એક સ્વામી છે’

એમ કહેવાને માટે ઈન્દ્રે ઉંચા એવા ઈન્દ્ર ધ્વજના મ્હાને પોતાની તર્જની આંગળી ઉંચી કરી છે, એમ જણાય છે. (૨)

यत्र पादौ पदं धत्तस्तव तत्र सुरासुराः ।
किरन्ति पङ्कजव्याजाच्छ्रियं पङ्कजवासिनीम् ॥३॥

જ્યાં આપના બે ચરણો સ્થાન ધારણ કરે છે, ત્યાં દેવ અને દાનવો સુવર્ણ કમળના મિષથી કમળમાં નિવાસ કરનારી લક્ષ્મીને વિસ્તારે છે. (૩)

दानशीलतपोभाव–भेदाद्धर्मं चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं, चतुर्वक्त्रोऽभवद्भवान् ॥४॥

દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારના ધર્મને એક સાથે કહેવા માટેજ હોય નહિ તેમ આપ ચાર મુખવાળા થયા છો. એમ હું માનું છું. (૪)

त्वयि दोषत्रयात् त्रातुं, प्रवृत्ते भुवनत्रयीम् ।
प्राकारत्रितयं चक्रुस्त्रयोऽपि त्रिदिवौकसः ॥५॥

ત્રણે ભુવનને રાગદ્વેષ અને મોહરૂપી ત્રણે દોષોથી બચાવવાને માટે આપ પ્રવૃત્ત થયે છતે વૈમાનિક,

જ્યોતિષી અને ભવનપતિ, એમ ત્રણ પ્રકારના દેવોએ રત્નમય, સુવર્ણમય અને રૂપ્યમય એમ ત્રણ પ્રકારના કીલ્લાઓની રચના કરી છે. (૫)

**अधोमुखाः कण्टकाः स्युर्धात्र्यां विहरतस्तव ।**
**भवेयुः सम्मुखीनाः किं, तामसास्तिग्मरोचिषः ? ॥६॥**

પૃથ્વી તલ પર આપે વિહાર કર્યે છતે કંટકો-કાંટાઓ અધોમુખવાળા થઈ જાય છે. સૂર્ય ઉદય પામે ત્યારે ઘુવડ અથવા અંધકારના સમૂહ શું ટકી શકે ખરા ? (૬)

**केशरोमनखश्मश्रु, तवावस्थितमित्ययम् ।**
**बाह्योऽपि योगमहिमा, नाप्तस्तीर्थकरैः परैः ॥७॥**

આપના કેશ, રોમ, નખ અને શ્મશ્રુ-દાઢી મૂછના વાળ અવસ્થિત-દીક્ષા ગ્રહણ અવસરે જેટલા હોય છે તેટલાજ રહે છે. આ પ્રકારનો બાહ્ય પણ યોગનો મહિમા હરિહરાદિ અન્ય દેવોએ પ્રાપ્ત કર્યો નથી. (૭)

**शब्दरूपरसस्पर्श—गन्धाख्याः पञ्च गोचराः ।**
**भजन्ति प्रातिकूल्यं न, त्वदग्रे तार्किका इव ॥८॥**

આપની આગળ બૌદ્ધ નૈયાયિકાદિ તાર્કિકોની

જેમ શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગન્ધરૂપ પાંચે ઇન્દ્રિયોના વિષયો પ્રતિકૂલપણાને ભજતા નથી કિન્તુ અનુકૂળતાને ધારણ કરે છે. (૮)

**त्वत्पादावृतवः सर्वे, युगपत्पर्युपासते ।**
**आकालकृतकन्दर्प—साहायकभयादिव ॥९॥**

અનાદિ કાલથી કામદેવને કરેલી સહાયના ભયથીજ જાણે હોય નહિ તેમ સઘળી ઋતુઓ એક સાથે આવીને આપના ચરણોની સેવા કરે છે. (૯)

**सुगन्ध्युदकवर्षेण, दिव्यपुष्पोत्करेण च ।**
**भावित्वत्पादसंस्पर्शां, पूजयन्ति भुवं सुराः ॥१०॥**

ભવિષ્યમાં આપના ચરણનો સ્પર્શ થવાનો છે તે ભૂમિને દેવતાઓ સુગન્ધિ જલની વૃષ્ટિવડે તથા દિવ્ય પુષ્પોના સમૂહવડે પૂજે છે. (૧૦)

**जगत्प्रतीक्ष्य ! त्वां यान्ति, पक्षिणोऽपि प्रदक्षिणम् ।**
**का गतिर्महतां तेषां, त्वयि ये वामवृत्तयः ॥११॥**

હે જગત્પૂજ્ય ! પક્ષિઓ પણ આપને પ્રદક્ષિણા આપે છે, તો પછી આપના પ્રત્યે પ્રતિકૂળ વર્તન રાખનારા મોટા ગણાતા એવા મનુષ્યોની શી ગતિ સમજવી ? (૧૧)

पञ्चेन्द्रियाणां दौःशील्यं, क्व भवेद्भवदन्तिके ।
एकेन्द्रियोऽपि यन्मुञ्चत्यनिलः प्रतिकूलताम् ॥१२॥

આપની આગળ પંચેન્દ્રિયોનું દુષ્ટપણું તો હોયજ ક્યાંથી ? કારણકે એકેન્દ્રિય એવો વાયુ પણ આપની આગળ પ્રતિકૂલપણાનો ત્યાગ કરે છે. (૧૨)

मूर्ध्ना नमन्ति तरवस्त्वन्माहात्म्यचमत्कृताः ।
तत्कृतार्थं शिरस्तेषां, व्यर्थं मिथ्यादृशां पुनः ॥१३॥

હે પ્રભુ ! આપના માહાત્મ્યથી ચમત્કાર પામેલા વૃક્ષો પણ આપને મસ્તકવડે નમસ્કાર કરે છે. તે કારણે તેઓના મસ્તક કૃતાર્થ છે કિન્તુ આપને નહિ નમનારા મિથ્યાદષ્ટિઓના મસ્તક વ્યર્થ છે. (૧૩)

जघन्यतः कोटिसङ्ख्यास्त्वां सेवन्ते सुरासुराः ।
भाग्यसम्भारलभ्येऽर्थे, न मन्दा अप्युदासते ॥१४॥

હે પ્રભુ ! જઘન્યથી એક ક્રોડ દેવો અને અસુરો આપની સેવા કરે છે. કારણ કે ભાગ્યના સમૂહથી પ્રાપ્ત થયેલ પદાર્થને વિષે મન્દ આત્માઓ પણ ઉદાસીનતા ધારણ કરતા નથી. (૧૪)

# પ્રકાશ–પાંચમો.

गायन्निवालिविरुतै,–र्नृत्यन्निव चलैर्दलैः ।
त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदते चैत्यपादपः ॥१॥

હે નાથ! ભ્રમરોના શબ્દવડે જાણે ગાયન કરતો હોય, ચંચલ પાંદડાઓવડે જાણે નૃત્ય કરતો હોય, તથા આપના ગુણોવડે જાણે રક્ત–રાતો બન્યો હોય, તેમ આ અશોક વૃક્ષ હર્ષ પામે છે. (૧)

आयोजनं सुमनसोऽधस्तान्निक्षिप्तबन्धनाः ।
जानुदघ्नीः सुमनसो, देशनोर्व्यां किरन्ति ते ॥२॥

હે નાથ! એક યોજન સુધી જેનાં દીંટડા નીચા છે એવા જાનુપ્રમાણ પુષ્પોને દેવતાઓ આપની દેશનાભૂમિને વિષે વરસાવે છે. (૨)

मालवकैशीकीमुख्य,–ग्रामरागपवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो, हर्षोद्ग्रीवैर्मृगैरपि ॥३॥

માલકોશ વિગેરે ગ્રામરાગથી પવિત્ર થયેલો આપનો દિવ્યધ્વનિ હર્ષવડે ઉંચી ગ્રીવાવાળા બનેલા હરણીયાઓ દ્વારા પણ પીવાયો છે. (૩)

तवेन्दुधामधवला, चकास्ति चमरावली ।
हंसालिरिव वक्त्राब्ज,–परिचर्यापरायणा ॥४॥

ચંદ્રની કાંતિ સમાન ઉજ્જવળ એવી ચામરોની શ્રેણિ જાણે આપના મુખકમલની સેવામાં તત્પર થયેલી હંસની શ્રેણિ ન હોય, તેમ શોભે છે. (૪)

**मृगेन्द्रासनमारूढे, त्वयि तन्वति देशनाम् ।**
**श्रोतुं मृगास्समायान्ति, मृगेन्द्रमिव सेवितुम् ।।५।।**

દેશના દેવા માટે આપ સિંહાસન પર આરૂઢ થયે છતે આપની દેશના શ્રવણ કરવા માટે હરણીયાઓ આવે છે, તે જાણે પોતાના સ્વામી મૃગેન્દ્રની સેવા કરવા માટે આવતા હોય તેમ લાગે છે. (૫)

**भासां चयैः परिवृतो, ज्योत्स्नाभिरिव चन्द्रमाः ।**
**चकोराणामिव दृशा, ददासि परमां मुदम् ।।६।।**

જ્યોત્સ્નાવડે વીંટાયેલો ચંદ્રમા જેમ ચકોર પક્ષિઓના નેત્રોને આનંદ આપે છે, તેમ તેજના પુંજ સ્વરૂપ ભામંડલવડે વીંટાયેલા આપ સજ્જનોની ચક્ષુઓને પરમ આનંદ આપો છો. (૬)

**दुन्दुभिर्विश्वविश्वेश !, पुरो व्योम्नि प्रतिध्वनन् ।**
**जगत्याप्तेषु ते प्राज्यं, साम्राज्यमिव शंसति ।।७।।**

હે સર્વ વિશ્વના ઈશ! આકાશમાં આપની આગળ પડઘો પાડતો દેવદુન્દુભિ જાણે જગતને

વિષે આપ્ત પુરુષોમાં આપનું પરમ સામ્રાજ્ય છે એમ કહેતો ન હોય, તેમ ધ્વનિત કરે છેઃ (૭)

**त्वोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि,–क्रमसब्रह्मचारिणी ।**
**छत्रत्रयी त्रिभुवन,–प्रभुत्वप्रौढिशंसिनी ॥८॥**

વધતી જતી એવી આપની પુણ્ય ઋદ્ધિના ક્રમ સમાન ઉપરાઉપરી રહેલાં ત્રણ છત્રો જાણે ત્રણ ભવનને વિષે રહેલી આપની પ્રભુતાની પ્રૌઢતાને કહી રહ્યાં છે. (૮)

**एतां चमत्कारकरीं, प्रातिहार्यश्रियं तव ।**
**चित्रीयन्ते न के दृष्ट्वा, नाथ ! मिथ्यादृशोऽपि हि ॥९॥**

હે નાથ ! ચમત્કારને કરનારી આપની આ પ્રાતિહાર્ય લક્ષ્મીને જોઈને કયા મિથ્યાદૃષ્ટિ આત્માઓ પણ આશ્ચર્ય નથી પામતા ? અર્થાત્ સૌ કોઈ આશ્ચર્ય પામે છે. (૯)

## પ્રકાશ–છઠ્ઠો

**लावण्यपुण्यवपुषि, त्वयि नेत्रामृताञ्जने ।**
**माध्यस्थ्यमपि दौःस्थ्याय, किं पुनर्द्वेषविप्लवः ॥१॥**

નેત્રોને અમૃતના અંજન તુલ્ય અને લાવણ્યવડે

પવિત્ર શરીરવાળા એવા આપને વિષે મધ્યસ્થપણું ધારણ કરવું, એ પણ દુ:ખને માટે છે, તો પછી દ્વેષ-ભાવ ધારણ કરવો, એ માટે તો કહેવું જ શું ? (૧)

**तवापि प्रतिपक्षोऽस्ति, सोऽपि कोपादिविप्लुतः ।**
**अनया किंवदन्त्याऽपि, किं जीवन्ति विवेकिनः ॥२॥**

આપને પણ પ્રતિપક્ષ–દુશ્મન છે અને તે પણ કોપાદિથી વ્યાપ્ત છે. આ જાતિની કિંવદન્તી–કુત્સિત વાર્તા સાંભળીને વિવેકી પુરૂષો શું પ્રાણ ધારણ કરી શકે ? નજ કરી શકે. (૨)

**विपक्षस्ते विरक्तश्चेत्, स त्वमेवाथ रागवान् ।**
**न विपक्षो विपक्षः किं, खद्योतो द्युतिमालिनः ? ॥३॥**

આપનો વિપક્ષ જો વિરક્ત છે, તો તે આપજ છો. અને જો રાગવાન્ છે, તો તે વિપક્ષજ નથી. શું સૂર્યનો વિપક્ષ ખજવો હોઈ શકે ? (૩)

**स्पृहयन्ति त्वद्योगाय, यत्तेऽपि लवसत्तमाः ।**
**योगमुद्रादरिद्राणां, परेषां तत्कथैव का ? ॥४॥**

આપના યોગની સ્પૃહા લવસત્તમ–અનુત્તર વિમાનવાસી દેવો પણ કરે છે. યોગની મુદ્રાવડે

પણ રહિત એવા પરદર્શનીઓને વિષે તે યોગની કથા–વાર્તા પણ શાની હોય? ન જ હોય. (૪)

**त्वां प्रपद्यामहे नाथ, त्वां स्तुमस्त्वामुपास्महे ।**
**त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः ? किमु कुर्महे ? ॥५॥**

આપને અમે નાથ તરીકે સ્વીકારીએ છીએ, આપની અમે સ્તુતિ કરીએ છીએ અને આપની અમે ઉપાસના કરીએ છીએ. કારણ કે આપનાથી અધિક બીજો કોઈ રક્ષક નથી, આપની સ્તુતિથી અધિક બીજું કાંઈ બોલવાલાયક નથી અને આપની ઉપાસનાથી અધિક બીજું કાંઈ કરવાલાયક નથી. (૫)

**स्वयं मलीमसाचारैः प्रतारणपरैः परैः ।**
**वञ्च्यते जगदप्येतत्कस्य पूत्कुर्महे पुरः ? ॥६॥**

સ્વયં મલિન આચારવાલા અને પરને ઠગવામાં તત્પર એવા અન્યદેવો વડે આ જગત્ ઠગાઈ રહ્યું છે. હે નાથ! કોની આગળ અમે પોકાર કરીએ? (૬)

**नित्यमुक्तान् जगज्जन्म,–क्षेमक्षयकृतोद्यमान् ।**
**वन्ध्यास्तनन्धयप्रायान्, को देवाँश्चेतनः श्रयेत् ॥७॥**

નિત્ય મુક્ત અને જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરવામાં ઉદ્યમી એવા વન્ધ્યાના પુત્ર

સમાન દેવોનો કોણ સચેતન આશ્રય કરે? (૭)

**कृतार्था जठरोपस्थ,–दुःस्थितैरपि दैवतैः ।**
**भवादृशान्निह्नुवते, हा हा! देवास्तिकाः परे ॥८॥**

જઠર–ઉદર અને ઉપસ્થ–ઇન્દ્રિયવર્ગથી વિડમ્બિત થયેલા દેવોથી કૃતકૃત્ય બનેલા અન્ય દેવાસ્તિકો–અમે દેવને માનનારા છીએ એવી બુદ્ધિ ધારણ કરનારા કુતીર્થિકો–આપના જેવાનો અપલાપ કરે છે, એ ખરેખર અત્યંત દુઃખનો વિષય છે. (૮)

**खपुष्पप्रायमुत्प्रेक्ष्य, किञ्चिन्मानं प्रकल्प्य च ।**
**संमान्ति देहे गेहे वा, न गेहेनर्दिनः परे ॥९॥**

આકાશના પુષ્પના જેવી કોઈ વસ્તુની કલ્પના કરીને અને તેને સિદ્ધ કરવા કોઈ પ્રમાણને આગળ ધરીને ગેહેનર્દી--ઘરમાં શૂરવીર એવા પરતીર્થિકો પોતાના દેહમાં કે ઘરમાં માતા નથી–અમારો જ ધર્મ શ્રેષ્ઠ છે એમ માની ફોગટ ફુલાય છે. (૯)

**कामरागस्नेहरागा,–वीषत्करनिवारणौ ।**
**दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥१०॥**

કામ રાગ અને સ્નેહ રાગનું નિવારણ સુકર છે કિન્તુ પાપિષ્ઠ એવો દૃષ્ટિરાગ સજ્જન પુરૂષોને પણ દુરુચ્છેદ છે. (૧૦)

प्रसन्नमास्यं मध्यस्थे, दृशौ लोकम्पृणं वचः ।
इति प्रीतिपदे बाढं, मूढास्त्वय्यप्युदासते ॥११॥

પ્રસન્ન મુખ, મધ્યસ્થ લોચન અને લોક પ્રિય વચનને ધારણ કરનારા એવા અત્યંત પ્રીતિના સ્થાન-રૂપ આપને વિષે પણ મૂઢ લોકો ઉદાસીનતા ધારણ કરે છે! (૧૧)

तिष्ठेद्वायुर्द्रवेदद्रि,-र्ज्वलेज्जलमपि क्वचित् ।
तथापि ग्रस्तो रागाद्यै,-र्नाप्तो भवितुमर्हति ॥१२॥

કદાચ વાયુ સ્થિર થઈ જાય, પર્વત ગળી જાય, અને જલ જાજ્વલ્યવાન બની જાય, તોપણ રાગાદિકથી ગ્રસ્ત પુરૂષ આપ્ત થવાને યોગ્ય નથી. (૧૨)

# પ્રકાશ–સાતમો

धर्माधर्मौ विना नाङ्गं, विनाङ्गेन मुखं कुतः ।
मुखाद्विना न वक्तृत्वं, तच्छास्तारः परे कथम् ? ॥१॥

ધર્મ અને અધર્મ વિના શરીર નથી. શરીર વિના મુખ નથી. અને મુખ વિના વકતૃત્વ નથી. તો પછી ધર્માધર્મ અને શરીરાદિથી રહિત અન્યદેવો શાસ્તા–ઉપદેશદાતા કેવી રીતે ઘટે? (૧)

**अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ।**
**न च प्रयोजनं किंचित्, स्वातन्त्र्यान्न पराज्ञया ॥२॥**

શરીર રહિતને જગતનું સર્જન કરવાની પ્રવૃત્તિ પણ ઘટતી નથી. કૃતકૃત્ય હોવાથી સર્જન કરવાનું કાંઈ પ્રયોજન નથી અને સ્વતંત્ર હોવાથી પારકાની આજ્ઞાએ પણ પ્રવર્ત્તવાનું નથી. (૨)

**क्रीडया चेत्प्रवर्त्तेत, रागवान् स्यात् कुमारवत् ।**
**कृपयाऽथ सृजेत्तर्हि, सुख्येव सकलं सृजेत् ॥३॥**

ક્રીડા માટે જો પ્રવર્તે તો બાલકની જેમ રાગવાન્ ઠરે, અને જો કૃપાથી બનાવે તો સકલ જગત્‌ને સુખી જ બનાવે. (૩)

**दुःखदौर्गत्यदुर्योनि,–जन्मादिक्लेशविह्वलम् ।**
**जनं तु सृजतस्तस्य, कृपालोः का कृपालुता ? ॥४॥**

દુઃખ દૌર્ગત્ય અને દુષ્ટ યોનિઓને વિષે જન્માદિના કલેશ વડે વિહવળ એવા જગત્‌ને સર્જતા તે કૃપાલુની કૃપાલુતા ક્યાં રહી ? (૪)

**कर्मापेक्षः स चेत्तर्हि, न स्वतन्त्रोऽस्मदादिवत् ।**
**कर्मजन्ये च वैचित्र्ये, किमनेन शिखण्डिना ? ॥५॥**

દુઃખાદિ દેવામાં જો તે પ્રાણીઓના કર્મની

અપેક્ષા રાખે છે, તો તે અમારી–તમારી જેમ સ્વતંત્ર નથી અને જગતનું વૈચિત્ર્ય જો કર્મ જન્ય છે, તો નપુંસક સમાન ઈશ્વરને વચ્ચે લાવવાની પણ શી જરૂર છે? (૫)

**अथ स्वभावतो वृत्तिं,–रवितर्क्या महेशितुः ।**
**परीक्षकाणां तर्ह्येष, परीक्षाक्षेपडिण्डिमः ॥६॥**

અને જો મહેશ્વરની આ પ્રવૃત્તિ સ્વભાવથી છે કિન્તુ તર્ક કરવા લાયક નથી, એમ કહેશો તો તે પરીક્ષક લોકોને પરીક્ષા કરવાનો નિષેધ કરવાનું ડિંડિમ–ઢોલ વગાડવા જેવું છે. (૬)

**सर्वभावेषु कर्तृत्वं, ज्ञातृत्वं यदि सम्मतम् ।**
**मतं नः सन्ति सर्वज्ञा, मुक्ताः कायभृतोऽपि च ॥७॥**

સર્વ પદાર્થોનું જ્ઞાતૃત્વ એજ જો કર્તૃત્વ છે, તો એ વાત અમને પણ સમ્મત છે. કારણ કે અમારો એ મત છે કે સર્વજ્ઞ, મુક્ત–અશરીરી (સિદ્ધ) છે અને શરીરધારી (અરિહંત) પણ છે. (૭)

**सृष्टिवादकुहेवाक,–मुन्मुच्येत्यप्रमाणकम् ।**
**त्वच्छासने रमन्ते ते, येषां नाथ ! प्रसीदसि ॥८॥**

હે નાથ! આપ જેમના ઉપર પ્રસન્ન છો,

તે આત્માઓ પ્રમાણ રહિત એવા સૃષ્ટિવાદના દુરાગ્રહને છોડીને આપના શાસનને વિષે રમણ કરે છે. (૮)

## પ્રકાશ-આઠમો

सत्त्वस्यैकान्तनित्यत्वे, कृतनाशाकृतागमौ ।
स्यातामेकान्तनाशेऽपि, कृतनाशाकृतागमौ ॥१॥

પદાર્થનું એકાન્ત નિત્યપણું માનવામાં કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ છે. એકાન્ત અનિત્યપણું માનવામાં પણ કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ રહેલા છે. (૧)

आत्मन्येकान्तनित्ये स्यान्न भोगः सुखदुःखयोः ।
एकान्तानित्यरूपेऽपि, न भोगः सुखदुःखयोः ॥२॥

આત્માને એકાન્ત નિત્ય માનવામાં સુખ દુઃખનો ભોગ ઘટતો નથી. એકાન્ત અનિત્ય સ્વરૂપ માનવામાં પણ સુખ દુઃખનો ભોગ ઘટતો નથી. (૨)

पुण्यपापे बन्धमोक्षौ, न नित्यैकान्तदर्शने ।
पुण्यपापे बन्धमोक्षौ, नानित्यैकान्तदर्शने ॥३॥

એકાન્ત નિત્ય દર્શનમાં પુણ્ય પાપ અને બન્ધ

મોક્ષ ઘટતા નથી. એકાન્ત અનિત્ય દર્શનમાં પણ પુણ્ય પાપ અને બન્ધ મોક્ષ ઘટતો નથી. (૩)

**क्रमाक्रमाभ्यां नित्यानां, युज्यतेऽर्थक्रिया न हि ।**
**एकान्तक्षणिकत्वेऽपि, युज्यतेऽर्थक्रिया न हि ॥४॥**

નિત્ય પદાર્થોને વિષે ક્રમથી કે અક્રમથી અર્થ-ક્રિયા ઘટતી નથી. અને એકાન્ત ક્ષણિક પક્ષમાં પણ ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા ઘટતી જ નથી. (૪)

**यदा तु नित्यानित्यत्व,—रूपता वस्तुनो भवेत् ।**
**यथात्थ भगवन्नैव, तदा दोषोऽस्ति कश्चन ॥५॥**

હે ભગવન્! આપે કહી છે તે રીતે જો વસ્તુની નિત્યાનિત્યસ્વરૂપતા હોય, તોજ કોઈ પણ પ્રકારનો દોષ આવતો નથી. (૫)

**गुडो हि कफहेतुः स्यान्नागरं पित्तकारणम् ।**
**द्वयात्मनि न दोषोऽस्ति, गुडनागरभेषजे ॥६॥**

ગોળ એ કફનો હેતુ છે અને સૂંઠ એ પિત્તનું કારણ છે. જ્યારે ગોળ અને સૂંઠ બન્ને એકત્ર મળે છે ત્યારે દોષ રહેતો નથી કિન્તુ ભેષજ—ઔષધ રૂપ બની જાય છે (૬)

द्वयं विरुद्धं नैकत्राऽ—सत्प्रमाणप्रसिद्धितः ।
विरुद्धवर्णयोगो हि, दृष्टो मेचकवस्तुषु ॥७॥

એજ પ્રમાણે એક વસ્તુને વિષે નિત્યત્વ અને અનિત્યત્વાદિ બે વિરૂદ્ધ ધર્મોનું રહેવું, એ પણ વિરૂદ્ધ નથી. પ્રત્યક્ષાદિ કોઈપણ પ્રમાણથી તેમાં વિરોધ સિદ્ધ થઈ શકતો નથી. કારણ કે મેચક--કાબરચીતરી વસ્તુઓને વિષે વિરૂદ્ધ વર્ણોનો સંયોગ પ્રત્યક્ષ દેખાય છે. (૭)

विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥८॥

નાના-વિચિત્ર આકારથી સહિત વિજ્ઞાન એક આકારવાળું છે, એમ સ્વીકારતો પ્રાજ્ઞ બૌદ્ધ અનેકાન્તવાદનું ઉત્થાપન કરી શકતો નથી. (૮)

चित्रमेकमनेकं च, रूपं प्रामाणिकं वदन् ।
योगो वैशेषिको वाऽपि, नानेकातं प्रतिक्षिपेत् ॥९॥

એક ચિત્રરૂપ અનેક રૂપવાળું પ્રમાણસિદ્ધ છે એમ કહેનારો યોગ (નૈયાયિક) કે વૈશેષિક પણ અનેકાન્તવાદનું ઉત્થાપન કરી શકતો નથી. ૯

इच्छन्प्रधानं सत्त्वाद्यैर्विरुद्धैर्गुम्फितं गुणैः ।
साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥

સત્વ રજસ્ આદિ વિરૂદ્ધ ગુણો વડે ગુંફિત એક પ્રધાન (પ્રકૃતિ)ને ઇચ્છતો એવો વિદ્વાનોમાં મુખ્ય સાંખ્ય પણ અનેકાન્તવાદને ઉત્થાપી શકતો નથી.

विमतिस्सम्मतिर्वापि, चार्वाकस्य न मृग्यते ।
परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ॥११॥

પરલોક, આત્મા અને મોક્ષ આદિ પ્રમાણસિદ્ધ પદાર્થોને વિષે પણ જેની મતિ મુંઝાયેલી છે, એવા ચાર્વાક-નાસ્તિકની વિમતિ છે કે સમ્મતિ છે, તેને જોવાની કાંઈ જરૂર નથી. (૧૧)

तेनोत्पादव्ययस्थेम, —सम्भिन्नं गोरसादिवत् ।
त्वदुपज्ञं कृतधियः, प्रपन्ना वस्तुतस्तु सत् ॥१२॥

તે કારણથી બુદ્ધિમાન પુરુષો સત્ પદાર્થ માત્રને આપના કહ્યા મુજબ ગોરસાદિની જેમ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યથી સમ્મિશ્ર-મળેલા માને છે. (૧૨)

# પ્રકાશ-નવમો.

—— o ——

यत्राऽल्पेनाऽपि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ॥१॥

જ્યાં અલ્પકાલમાં આપની ભક્તિનું ફલ પ્રાપ્ત કરાય છે, તે એક કલિકાલજ સ્પૃહણીય હો. કૃતયુગાદિ અન્ય યુગો વડે સર્યું. (૧)

सुषमातो दुःषमायां, कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि, श्लाघ्या कल्पतरोः स्थितिः ॥२॥

સુષમાકાલ કરતાં દુઃષમાં કલિકાલમાં આપની કૃપા અધિક ફલવતી છે. મેરુ પર્વત કરતાં મરુભૂમિમાં કલ્પતરૂની સ્થિતિ વધારે પ્રશંસાપાત્ર છે. (૨)

श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।
त्वच्छासनस्य साम्राज्य,—मेकच्छत्रं कलावपि ॥३॥

હે ઈશ ! શ્રદ્ધાવાન શ્રોતા અને બુદ્ધિમાન વક્તા, એ બેનો યોગ થાય તો આ કલિકાલમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય એક છત્ર છે, (૩)

युगान्तरेऽपि चेन्नाथ !, भवन्त्युच्छृङ्खलाः खलाः ।
वृथैव तर्हि कुप्यामः, कलये वामकेलये ॥४॥

હે નાથ ! અન્ય કૃતયુગાદિને વિષે પણ ગોશાળા

જેવા ઉચ્છૃંખલ પુરૂષો હોય છે તો પછી વામકેલિ-અયોગ્યક્રીડાવાળા આ કલિકાલના ઉપર અમે ફોગટજ કોપ કરીએ છીએ. (૪)

कल्याणसिद्धयै साधीयान्, कलिरेव कषोपलः ।
विनाऽग्निं गन्धमहिमा, काकतुण्डस्य नैधते ॥५॥

કલ્યાણની સિદ્ધિ માટે આ કલિકાલ રૂપી કસોટીનો પત્થર એજ શ્રેષ્ઠ છે. અગ્નિ વિના કાકતુંડ અગરુ ધૂપના ગન્ધનો મહિમા વધતો નથી. (૫)

निशि दीपोऽम्बुधौ द्वीपं, मरौ शाखी हिमे शिखी ।
कलौ दुरापः प्राप्तोऽयं, त्वत्पादाब्जरजःकणः ॥६॥

રાત્રિને વિષે દીપક, સાગરને વિષે દ્વીપ, મારવાડને વિષે વૃક્ષ અને શિયાળામાં વહ્નિની જેમ કલિકાલમાં દુર્લભ એવા આપના ચરણકમલના રજકણની પ્રાપ્તિ અમને થઈ છે. (૬)

युगान्तरेषु भ्रान्तोऽस्मि, त्वद्दर्शनविनाकृतः ।
नमोऽस्तु कलये यत्र, त्वद्दर्शनमजायत ॥७॥

હે નાથ! અન્ય યુગોમાં આપના દર્શન કર્યા વિનાજ હું સંસારમાં ભટક્યો છું. તેથી આ કલિકાલને

જ નમસ્કાર થાઓ કે જેમાં મને આપનું દર્શન થયું. (૭)

**बहुदोषो दोषहीनात्त्वत्तः कलिरशोभत ।**
**विषयुक्तो विषहरात्फणीन्द्र इव रत्नतः ॥८॥**

હે નાથ! વિષ યુક્ત એવો વિષધર જેમ વિષને હરણ કરનાર રત્નથી શોભે છે, તેમ બહુ દોષવાળો પણ આ કલિકાલ સર્વદોષ રહિત એવા આપનાથી શોભે છે.

# પ્રકાશ–દશમો

**मत्प्रसत्तेस्त्वत्प्रसादस्त्वत्प्रसादादियं पुनः ।**
**इत्यन्योन्याश्रयं भिन्धि, प्रसीद भगवन् ! मयि ॥१॥**

હે ભગવન્! મારી પ્રસન્નતાથી આપની પ્રસન્નતા અને આપની પ્રસન્નતાથી મારી પ્રસન્નતા, એ જાતિના અન્યોન્યાશ્રય દોષને ભેદી નાખો અને મારા ઉપર આપ પ્રસન્ન થાઓ. (૧)

**निरीक्षितुं रूपलक्ष्मीं, सहस्राक्षोऽपि न क्षमः ।**
**स्वामिन् ! सहस्रजिह्वोऽपि, शक्तो वक्तुं न ते गुणान् ॥**

હે સ્વામિન્! આપના રૂપની શોભાને જોવા

માટે હજાર આંખવાળો (ઇન્દ્ર) પણ સમર્થ નથી. તથા આપના ગુણોને કહેવા માટે હજાર જીભવાળો (શેષ નાગ) પણ સમર્થ નથી. (૨)

**संशयान् नाथ ! हरसेऽनुत्तरस्वर्गिणामपि ।**
**अतः परोऽपि किं कोऽपि, गुणः स्तुत्योऽस्ति वस्तुतः ॥**

હે નાથ! આપ અહીં રહ્યા છતા અનુત્તર વિમાનવાસી દેવતાઓના સંશયોને હરો છો. આથી બીજો કોઈપણ ગુણ વસ્તુતઃ-પરમાર્થથી સ્તુતિ કરવા-લાયક છે? અર્થાત્ નથી. (૩)

**इदं विरुद्धं श्रद्धत्तां, कथमश्रद्दधानकः ! ।**
**आनन्दसुखसक्तिश्च, विरक्तिश्च समं त्वयि ॥४॥**

અખંડ આનંદરૂપ સુખમાં આસક્તિ અને સકલસંગથી વિરક્તિ, એ બે વિરૂદ્ધ વાતો એકી સાથે આપનામાં રહેલી છે, એ વાતની અશ્રદ્ધાળુ આત્મા કેવી રીતે શ્રદ્ધા કરે? (૪)

**नाथेयं घटयमानापि, दुर्घटा घटतां कथम् ? ।**
**उपेक्षा सर्वसत्त्वेषु, परमा चोपकारिता ॥५॥**

હે નાથ! સર્વ પ્રાણીઓને વિશે ઉપેક્ષા-રાગ

દ્વેષ રહિતપણું અને પરમોપકારિતા-સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનું ઉપદેશકપણું, એ બે વાતો આપને વિશે પ્રત્યક્ષ દેખાતી હોવાથી ઘટમાન છતાં અન્યત્ર હરિહરાદિમાં અઘટમાન હોવાથી શી રીતે ઘટી શકે? (૫)

**द्वयं विरुद्धं भगवं,-स्तव नान्यस्य कस्यचित् ।**
**निर्ग्रन्थता परा या च, या चोच्चैश्चक्रवर्तिता ॥६॥**

હે ભગવન્! શ્રેષ્ઠ નિર્ગ્રન્થતા-નિઃસ્પૃહપણું અને ઉત્કૃષ્ટ ચક્રવર્તિપણું-ધર્મસમ્રાટ્પદવી, આ બે વિરુદ્ધ વસ્તુઓ આપના સિવાય અન્ય કોઇ પણ દેવમાં નથી. (૬)

**नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।**
**पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ? ॥७॥**

અથવા તો જેમના પાંચે કલ્યાણક પર્વોમાં નારકીના જીવો પણ સુખ પામે છે, તેમના પવિત્ર ચારિત્રને વર્ણન કરવા કોણ સમર્થ છે? (૭)

**शमोऽद्भुतोऽद्भुतं रूपं, सर्वात्मसु कृपाद्भुता ।**
**सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः ॥८॥**

અદ્ભુતસમતા, અદ્ભુતરૂપ અને સર્વ પ્રાણીઓ

ઉપર અદ્‌ભુતકૃપા ધારણ કરનારા અને સર્વ અદ્‌ભુતના મહાનિધાન એવા હે ભગવન્ ! આપને નમસ્કાર થાઓ.

# પ્રકાશ-અગિયારમો.

निघ्नन्परीषहचमूमुपसर्गान् प्रतिक्षिपन् ।
प्राप्तोऽसि शमसौहित्यं, महतां कापि वैदुषी ॥१॥

હે નાથ ! પરીષહોની સેનાને હણતા તથા ઉપસર્ગોનો તિરસ્કાર કરતા એવા આપ સમતારૂપ અમૃતની તૃપ્તિને પામ્યા છો. અહો મોટાઓની ચાતુરી કોઈ અદ્‌ભુત હોય છે. (૧)

अरक्तो भुक्तवान्मुक्ति,-मद्विष्टो हतवान्द्विषः ।
अहो ! महात्मनां कोऽपि, महिमा लोकदुर्लभः ॥२॥

હે નાથ ! આપ રાગરહિત છતાં મુક્તિ-સ્ત્રીને ભોગવો છો અને દ્વેષરહિત છતાં આંતરિક દુશ્મનોને હણો છો. અહો લોકને વિશે દુર્લભ એવો મહાન્ આત્માઓનો મહિમા કોઈ અદ્‌ભુતજ હોય છે- (૨)

सर्वथा निर्जिगीषेण, भीतभीतेन चागसः ।
त्वया जगत्त्रयं जिग्ये, महतां कापि चातुरी ॥३॥

હે નાથ! સર્વથા જીતવાની ઇચ્છા નહિ છતાં તથા પાપથી અત્યંત ભય પામેલા છતાં આપે ત્રણે જગતને જીતી લીધા છે. ખરેખર મહાન્ આત્માઓની ચતુરાઈ કોઈ અદ્ભુતજ હોય છે. (૩)

दत्तं न किञ्चित्कस्मैचिन्नात्तं किञ्चित्कुतश्चन ।
प्रभुत्वं ते तथाप्येतत्, कला कापि विपश्चिताम् ॥४॥

હે નાથ! આપે કોઈને કાંઈ (રાજ્યાદિ) આપ્યું નથી અને કોઈ પાસેથી કાંઇ (દંડાદિ) લીધું નથી. તો પણ આપનું આ પ્રભુત્વ છે. તેથી એમ લાગે છે કે કુશળપુરુષોની કલા કોઈ અદ્ભુત હોય છે. (૪)

यद्देहस्यापि दानेन, सुकृतं नार्जितं परैः ।
उदासीनस्य तन्नाथ !, पादपीठे तवालुठत् ॥५॥

હે નાથ! દેહના પણ દાનવડે બીજાઓએ જે સુકૃત પ્રાપ્ત ન કર્યું, તે સુકૃત ઉદાસીનભાવે રહેલા આપના પાદપીઠમાં આળોટયું છે. (૫)

रागादिषु नृशंसेन, सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः, साम्राज्यं साधितं त्वया ॥६॥

હે નાથ! રાગાદિને વિષે દયા વિનાના અને

સર્વ પ્રાણીઓને વિષે દયાવાળા એવા આપે ભયાનકતા અને મનોહરતારૂપી બે ગુણ વડે મોટું સામ્રાજ્ય મેળવ્યું છે. (૬)

**सर्वे सर्वात्मनाऽन्येषु, दोषास्त्वयि पुनर्गुणाः ।**
**स्तुतिस्तवेयं चेन्मिथ्या, तत्प्रमाणं सभासदः ॥७॥**

હે નાથ! હરિહરાદિ અન્ય દેવોને વિષે સર્વ પ્રકારે સર્વ દોષો રહેલા છે અને આપને વિષે સર્વ પ્રકારે સર્વ ગુણો રહેલા છે, આપની આ સ્તુતિ જો મિથ્યા હોય તો સભાસદો પ્રમાણભૂત છે. (૭)

**महीयसामपि महान्, महनीयो महात्मनाम् ।**
**अहो! मे स्तुवतः स्वामी, स्तुतेर्गोचरमागमत् ॥८॥**

અહો! આનંદની વાત છે કે મોટાથી પણ મોટા અને મહાત્માઓને પણ પૂજનીય એવા સ્વામી આજે મારી સ્તુતિના વિષયને પ્રાપ્ત થયા છે. (૮)

## પ્રકાશ—બારમો.

**पट्वभ्यासादरैः पूर्वं, तथा वैराग्यमाहरः ।**
**यथेह जन्मन्याजन्म, तत्सात्मीभावमागमत् ॥१॥**

હે નાથ! પૂર્વ ભવોમાં આદરપૂર્વકના સુંદર

અભ્યાસવડે આપે તેવા પ્રકારના વૈરાગ્યને પ્રાપ્ત કર્યો હતો કે જેથી આપને આ (ચરમ) ભવમાં જન્મથીજ તે વૈરાગ્ય સહજપણાને-એકમેકપણાને પામ્યો છે. સારાંશ કે આપ જન્મથી જ વિરાગી છો. (૧)

**दुःखहेतुषु वैराग्यं, न तथा नाथ! निस्तुषम्।**
**मोक्षोपायप्रवीणस्य, यथा ते सुखहेतुषु ॥२॥**

હે નાથ! મોક્ષપ્રાપ્તિના ઉપાયમાં પ્રવીણ એવા આપને સુખના હેતુઓમાં જેવો નિર્મળ વૈરાગ્ય હોય છે, તેવો દુઃખના હેતુઓમાં હોતો નથી. કારણ કે દુઃખહેતુક વૈરાગ્ય ક્ષણિક હોવાથી ભવસાધક છે અને સુખહેતુક વૈરાગ્ય નિશ્ચલ હોવાથી મોક્ષ સાધક છે. (૨)

**विवेकशाणैर्वैराग्य,-शस्त्रं शातं त्वया तथा।**
**यथा मोक्षेऽपि तत्साक्षा,-दकुण्ठितपराक्रमम् ॥३॥**

હે નાથ! વિવેકરૂપી શરાણવડે વૈરાગ્યરૂપી શસ્ત્રને આપે તેવા પ્રકારે ઘસીને તીક્ષ્ણ કર્યું છે કે જેથી મોક્ષને વિષે પણ તે વૈરાગ્યરૂપી શસ્ત્રનું પરાક્રમ સાક્ષાત્ અંકુઠિત-હણાયા વિનાનું રહ્યું. (૩)

**यदा मरुन्नरेन्द्रश्री,—स्त्वया नाथोपभुज्यते।**
**यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ॥४॥**

હે નાથ! જ્યારે આપ પૂર્વભવમાં દેવઋદ્ધિનો અને મનુષ્યભવમાં રાજ્યઋદ્ધિનો ઉપભોગ કરો છો ત્યારે પણ જ્યાં ત્યાં આપની રતિ જણાય છે, તે પણ વિરક્તિરૂપ હોય છે: કારણ કે તે તે ઋદ્ધિને ભોગવતાં પણ આપ ભોગફળવાળું કર્મ વિના ભોગવે ક્ષય નહિ પામે, એમ વિચારીને અનાસક્તપણે જ ભોગવો છો.[1] (૪)

**नित्यं विरक्तः कामेभ्यो, यदा योगं प्रपद्यसे।**
**अलमेभिरिति प्राज्यं, तदा वैराग्यमस्ति ते ॥५॥**

હે નાથ! જો કે આપ કામ ભોગોથી સદા વિરક્ત છો. તો પણ જ્યારે આપ રત્નત્રયીરૂપ યોગને સ્વીકારો છો, ત્યારે 'આ વિષયોથી સર્યું" એવો વિશાળ વૈરાગ્ય આપનામાં હોય છે.[2] (૫)

---

૧ આ શ્લોકમાં ભગવાનના પૂર્વ ભવ તથા રાજ્યાવસ્થાના વૈરાગ્યની દશાનું વર્ણન છે.

૨ આ શ્લોકમાં ભગવાનની દીક્ષા થયા બાદ છદ્મસ્થ દશાના વૈરાગ્યનું વર્ણન છે.

**सुखे दुःखे भवे मोक्षे, यदौदासीन्यमीशिषे ।**
**तदा वैराग्यमेवेति, कुत्र नासि विरागवान् ? ॥६॥**

જ્યારે આપ સુખને વિષે, દુઃખને વિષે, સંસારને વિષે અને મોક્ષને વિષે ઉદાસીન–મધ્યસ્થભાવ ધારણ કરો છો, ત્યારે પણ આપને વૈરાગ્ય હોયજ છે.[3] તેથી આપ કયાં અને ક્યારે વિરાગવાળા નથી? સર્વત્ર વિરાગીજ છો. (૬)

**दुःखगर्भे मोहगर्भे, वैराग्ये निष्ठिताः परे ।**
**ज्ञानगर्भं तु वैराग्यं, त्वय्येकायनतां गतम् ॥७॥**

હે ભગવન્! પરતીર્થિકો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં સ્થિત થયેલા છે પરન્તુ જ્ઞાન-ગર્ભિત વૈરાગ્ય તો કેવળ આપનામાંજ એકીભાવને પામેલ છે. (૭)

**औदासीन्येऽपि सततं, विश्वविश्वोपकारिणे ।**
**नमो वैराग्यनिघ्नाय, तायिने परमात्मने ॥८॥**

ઉદાસીનભાવમાં પણ નિરન્તર સમસ્ત વિશ્વ

---

૩ આ શ્લોકમાં ભગવાનની કૈવલ્યદશા તથા સિદ્ધદશાના વૈરાગ્યનું વર્ણન છે.

ઉપર ઉપકાર કરનાર, વૈરાગ્યમાં તત્પર, સર્વના રક્ષક અને પરબ્રહ્મ સ્વરૂપ એવા પરમાત્માને અમારો નમસ્કાર થાઓ. (૮)

# પ્રકાશ-તેરમો.

अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ॥१॥

હે ભગવન્! મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારા પ્રાણીઓને આપ બોલાવ્યા વિનાજ સહાય કરનારા છો, અકારણવત્સલ છો, પ્રાર્થના કર્યા વિનાજ પરનું કાર્ય કરનારા છો તથા સંબંધ વિનાજ જગતના બાંધવ છો. (૧)

अनक्तस्निग्धमनस,-ममृजोज्ज्वलवाक्पथम् ।
अधौतामलशीलं त्वां, शरण्यं शरणं श्रये ॥२॥

હે નાથ! મમતારૂપી ચીકાશથી ચોપડાયા વિનાજ સ્નિગ્ધ મનવાળા, માર્જન કર્યા વિનાજ ઉજ્જવળ વાણીને ઉચ્ચારનારા તથા ધોયા વિનાજ નિર્મળ શીલને ધારણ કરનારા આપ છો, માટે

શરણ કરવાલાયક આપનું હું શરણ અંગીકાર કરૂં છું. (૨)

**अचण्डवीरव्रतिना, शमिना समवर्तिना ।**
**त्वया काममकुट्यन्त, कुटिलाः कर्मकण्टकाः ॥३॥**

ક્રોધ વિનાજ વીરવ્રતવાળા—સુભટવૃત્તિવાળા, પ્રશમરૂપી અમૃતનાયોગે વિવેકયુક્ત ચિત્તવાળા તથા સર્વ પ્રત્યે સમાનભાવભર્યું વર્તન કરનારા એવા આપે કર્મરૂપી કુટિલકંટકોને અત્યંત કુટી નાંખ્યા છે.

**अभवाय महेशाया,–गदाय नरकच्छिदे ।**
**अराजसाय ब्रह्मणे, कस्मैचिद्भवते नमः ॥४॥**

ભવ–મહાદેવ નહિ છતાં **મહેશ્વર**, ગદા નહિ છતાં નરકને છેદનારા **નારાયણ**, રજોગુણ નહિ છતાં **બ્રહ્મા** એવા કોઈ એક આપને નમસ્કાર થાઓ.[1] (૪)

---

૧ શ્રીવીતરાગ પ્રભુ **અભવ**–ભવરહિત છે : **મહેશ**–તીર્થંકરલક્ષ્મીરૂપ પરમ ઐશ્વર્ય સંપન્ન છે : **અગદ**–રોગ રહિત છે : **નરકચ્છિદ**–ધર્મતીર્થને પ્રવર્તાવવાથી ભવ્ય પ્રાણીઓની નરકગતિને છેદનારા છે : **અરાજસ**–કર્મરૂપી રજ રહિત છે : તથા **બ્રહ્મા**–પરબ્રહ્મ સ્વરૂપ જે મોક્ષ, તેને વિષે લય પામેલા હોવાથી **બ્રહ્મા**રૂપ છે.

अनुक्षितफलोदग्रा,–दनिपातगरीयसः ।
असङ्कल्पितकल्पद्रो,–स्त्वत्तः फलमवाप्नुयाम् ॥५॥

સર્વ વૃક્ષો જળસિંચન કરવાથી જ પોતાના કાળે ફળને આપે છે, પડવાથી જ મોટા ભારવાળા હોય છે અને પ્રાર્થના કરવાથી જ ઈચ્છિત વસ્તુને આપે છેઃ પરન્તુ આપ તો સિંચન કર્યા વિનાજ ઉદગ્ર–પરિપૂર્ણ ફળને આપનારા, પડ્યા વિનાજ એટલે સ્વસ્વરૂપમાં રહેવાથી જ ગૌરવતાવાળા તથા પ્રાર્થના કર્યા વિનાજ ઇચ્છિતને આપનારા છો. એવા (અપૂર્વ) કલ્પતરૂ સ્વરૂપ આપનાથકી હું ફલને પામું છું (૫)

असङ्गस्य जनेशस्य, निर्ममस्य कृपात्मनः ।
मध्यस्थस्य जगत्त्रातु,–रनङ्कस्तेऽस्मि किङ्करः ॥६॥

આ શ્લોકમાં પરસ્પર વિરૂદ્ધ વિશેષણો બતાવ્યા છે. સંગરહિત હોય તે લોકના સ્વામી ન હોય, મમતા રહિત હોય તે કોઇના ઉપર કૃપા ન કરે અને મધ્યસ્થ–ઉદાસીન હોય તે અન્યનું રક્ષણ ન કરે. પરન્તુ આપ તો સર્વ સંગના ત્યાગી હોવા છતાં જગતના લોકોથી સેવ્ય હોવાના કારણે જનેશ

છો. મમતા રહિત હોવા છતાં પણ જગતના સર્વ પ્રાણીઓ ઉપર કૃપાવાળા છો. રાગદ્વેષનો નાશ કરેલો હોવાથી મધ્યસ્થ–ઉદાસીન હોવા છતાંએ એકાંત હિતકર ધર્મનો ઉપદેશ દેવાથી સંસારથી ત્રાસ પામેલા જગતના જીવોના રક્ષક છો. ઉપરોક્ત વિશે-ષણવાળા આપનો હું ચિહ્ન–કુગ્રહરૂપી કલંક રહિત કિંકર–નોકર છું. (જે નોકર હોય તે તરવાર બંદુક આદિ કાંઈ ચિહ્નવાળો હોય છે.) (૬)

**अगोपिते रत्ननिधा,—ववृते कल्पपादपे ।**
**अचिन्त्ये चिन्तारत्ने च, त्वय्यात्माऽयं मयार्पितः ॥७॥**

નહિ ગોપવેલા રત્નના નિધિ સમાન, કર્મરૂપી વાડથી નહિ વીંટાયેલા કલ્પવૃક્ષ સમાન અને અચિન્ત-નીય ચિન્તામણિ રત્ન સમાન એવા આપને વિષે (આપના ચરણ કમળમાં) મેં મારો આ આત્મા સમર્પિત કર્યો છે. (૭)

**फलानुध्यानवन्ध्योऽहं, फलमात्रतनुर्भवान् ।**
**प्रसीद यत्कृत्यविधौ, किङ्कर्तव्यजडे मयि ॥८॥**

હે નાથ! આપ સિદ્ધત્વસ્વરૂપ ફળ માત્ર શરીર-વાળા છો. હું જ્ઞાનાદિનું ફળ જે સિદ્ધત્વ તેના યથા-

વસ્થિત સ્મરણુથી પણ રહિત છું. માટે મારે શું કરવું? એ બાબતમાં જડ-મૂઢ બનેલા મારા ઉપર કૃપા કરીને કરવાલાયક વિધિ બતાવવા કૃપા કરો. (૮)

## પ્રકાશ-ચૌદમો.

—— ० ——

मनोवचःकायचेष्टाः कष्टाः संहृत्य सर्वथा ।
श्लथत्वेनैव भवता, मनःशल्यं वियोजितम् ॥१॥

મન વચન કાયાની સાવદ્ય ચેષ્ટાઓને સર્વથા સંહરીને-તજીને આપે શિથિલપણાવડેજ-સ્વભાવવડે જ મનરૂપી શલ્યને દૂર કર્યું છે. (૧)

संयतानि न चाक्षाणि, नैवोच्छृङ्खलितानि च ।
इति सम्यक्प्रतिपदा, त्वयेन्द्रियजयः कृतः ॥२॥

હે પ્રભુ! આપે ઇન્દ્રિયોને બળાત્કારે નિમંત્રિત કરી નથી તથા લોલુપતાથી છૂટી પણ મૂકી નથી પણ યથાવસ્થિત વસ્તુતત્ત્વને અંગીકાર કરનાર આપે સમ્યક્ પ્રકારે કુશળ બુદ્ધિવડે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે. (૨)

**योगस्याष्टाङ्गता नूनं, प्रपञ्चः कथमन्यथा ? ।**
**आबालभावतोऽप्येष, तव सात्म्यमुपेयिवान् ॥३॥**

હે યોગરૂપી સમુદ્રના પારને પામેલા પ્રભુ! અન્ય શાસ્ત્રોમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, આ આઠ યોગના અંગો કહ્યા છે. તે માત્ર પ્રપંચ (વિસ્તાર) હોય તેમ ભાસે છેઃ કારણ કે જો તેમ ન હોય તો આપને બાલ્યાવસ્થાથી જ આ યોગો સહજપણાને કેમ પામે–સ્વાભાવિક રીતે જ કેમ પ્રાપ્ત થાય? અર્થાત્ આ યોગ પ્રાપ્તિનો ક્રમ સામાન્ય યોગિ-ઓની અપેક્ષાએ છે. આપ તો યોગિઓના પણ નાથ છો, માટે આપના માટે આમ અને તેમાં કાંઈ આશ્ચર્ય નથી. (૩)

**विषयेषु विरागस्ते, चिरं सहचरेष्वपि ।**
**योगे सात्म्यमदृष्टेऽपि, स्वामिन्निदमलौकिकम् ॥४॥**

ઘણા કાલના પરિચિત એવા પણ વિષયો ઉપર આપને વૈરાગ્ય છે અને કદી પણ નહિ દેખેલા એવા યોગને વિષે એકપણું–તન્મયપણું છે. હે સ્વામિન્! આપનું આ ચરિત્ર કોઈ અલૌકિક છે. (૪)

तथा परे न रज्यन्त, उपकारपरे परे ।
यथाऽपकारिणि भवा,—नहो ! सर्वमलौकिकम् ॥५॥

ઉપકાર કરવામાં તત્પર એવા પણ પોતાના ભક્તો ઉપર અન્ય દેવો તેટલા ખુશી થતા નથી જેટલા આપ આપના ઉપર અપકાર કરનારા કમઠ–ગોશાળાદિ પ્રાણીઓ ઉપર પણ ખુશી થાઓ છો. અહો! આપનું સર્વ અલૌકિક છે. (૫)

हिंसका अप्युपकृता, आश्रिता अप्युपेक्षिताः ।
इदं चित्रं चरित्रं ते, के वा पर्यनुयुञ्जताम् ? ॥६॥

હે વીતરાગ! ચંડકૌશિકાદિ હિંસકો ઉપર આપે ઉપકાર કર્યો છે અને સર્વાનુભૂતિ તથા સુનક્ષત્રમુનિ આદિ આશ્રિતોની આપે ઉપેક્ષા કરી છે. આપના આ વિચિત્ર ચરિત્રની સામે પ્રશ્ન પણ કોણ ઉઠાવી શકે તેમ છે? (૬)

तथा समाधौ परमे, त्वयात्मा विनिवेशितः ।
सुखी दुःख्यस्मि नास्मीति, यथा न प्रतिपन्नवान् ॥७॥

આપે આપના આત્માને પરમ સમાધિને વિષે તે પ્રકારે સ્થાપન કરી દીધો છે કે જેથી હું સુખી

છું, કે નથી? અથવા હું દુઃખી છું, કે નથી? તેનું પણ આપને જ્ઞાન ન રહ્યું-તેના જ્ઞાનની આપે દરકાર પણ ન કરી. (૭)

**ध्याता ध्येयं तथा ध्यानं, त्रयमेकात्मतां गतम् ।**
**इति ते योगमाहात्म्यं, कथं श्रद्धीयतां परैः ? ॥८॥**

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન, એ ત્રણે આપને વિષે એકપણાને–અભેદભાવને પામી ગયા છે. આ પ્રકારના આપના યોગના મહાત્મ્યને બીજાઓ કેવી રીતે શ્રદ્ધા કરી શકે? (૮)

## પ્રકાશ-પંદરમો

**जगज्जैत्रा गुणास्त्रात,–रन्ये तावत्तवासताम् ।**
**उदात्तशान्तया जिग्ये, मुद्रयैव जगत्त्रयी ॥१॥**

હે જગરક્ષક! જગતને જીતનારા આપના અન્ય ગુણો તો દૂર રહો પરન્તુ ઉદાત્ત (પરાભવ ન પમાડી શકાય તેવી) અને શાન્ત એવી આપની મુદ્રાએ જ ત્રણે જગતને જીતી લીધાં છે. (૧)

**मेरुस्तृणीकृतो मोहात्, पयोधिर्गोष्पदीकृतः ।**
**गरिष्ठेभ्या गरिष्ठो यैः, पाप्मभिस्त्वमपोहितः ॥२॥**

હે નાથ! મોટાથી પણ મોટા અર્થાત્ ઇન્દ્રાદિકથી પણ મોટા એવા આપનો જેઓએ અનાદર કર્યો છે તેઓએ અજ્ઞાનથી મેરુને તૃણ સમાન માન્યો છે અને સમુદ્રને ગાયની ખરી જેટલો ગણ્યો છે. (૨)

**च्युतश्चिन्तामणिः पाणे,–स्तेषां लब्धा सुधा मुधा ।**
**यैस्त्वच्छासनसर्वस्व,–मज्ञानैर्नात्मसात्कृतम् ॥३॥**

જે અજ્ઞાનીઓએ આપના શાસનનું સર્વસ્વ (ધન) પોતાને આધીન નથી કર્યું. તેઓના હાથમાંથી ચિન્તામણિ રત્ન સરી પડયું છે, અને તેઓને પ્રાપ્ત થયેલું અમૃત ફોગટ ગયું છે. (૩)

**यस्त्वय्यपि दधौ दृष्टि,–मुल्मुकाकारधारिणीम् ।**
**तमाशुशुक्षणिः साक्षा,–दालप्यालमिदं हि वा ॥४॥**

હે નાથ! આપને વિષે પણ જે મનુષ્ય બળતા ઉંબાડીયાના આકારને ધારણ કરનારી દૃષ્ટિને રાખે છે, તેને અગ્નિ સાક્ષાત (બાળી નાંખો) અથવા તો એ વચન બોલવાથી સર્યું (તેવું વચન ન બોલવું એ જ સારૂં છે). (૪)

स्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त ! हतात्मनाम् ॥५॥

હે નાથ! ખેદની વાત છે કે જેઓ આપના શાસનને અન્ય શાસનોની સાથે તુલ્ય-સરખું માને છે, તે અજ્ઞાનથી હણાએલા લોકોને અમૃત પણ ઝેર સમાન છે. (૫)

अनेडमूका भूयासु,-स्ते येषां त्वयि मत्सरः ।
शुभोदर्काय वैकल्य,-मपि पापेषु कर्मसु ॥६॥

હે નાથ! જેઓને આપના ઉપર ઇર્ષ્યાભાવ છે, તેઓ બ્હેરા અને મૂંગા હો! કારણ કે પરનિન્દાના શ્રવણ અને ઉચ્ચારણ આદિ પાપકાર્યોમાં ઇન્દ્રિયોનું રહિતપણું શુભ પરિણામ માટે જ છે. અર્થાત્ કાન અને જીભના અભાવે આપની નિન્દાનું શ્રવણ અને ઉચ્ચારણ નહિ, એ તેઓને ભાવિમાં મહાન્ લાભ છે,(૬)

तेभ्यो नमोऽञ्जलिरयं, तेषां तान्समुपास्महे ।
त्वच्छासनामृतरसै,-र्यैरात्माऽसिच्यतान्वहम् ॥७॥

હે નાથ! આપના શાસનરૂપ અમૃત રસવડે જેઓએ પોતાતા આત્માને હંમેશાં સિંચ્યો છે,

તેઓને અમારો નમસ્કાર થાઓ. તેઓને અમે બે હાથ જોડીએ છીએ અને તેઓની અમે ઉપાસના કરીએ છીએ (૭)

भुवे तस्यै नमो यस्यां, तव पादनखांशवः ।
चिरं चूडामणीयन्ते, ब्रूमहे किमतः परम् ? ॥८॥

હે નાથ! તે ભૂમિને પણ નમસ્કાર થાઓ કે જ્યાં આપના ચરણોના નખોના કિરણો ચિરકાલ સુધી ચૂડામણિની જેમ શોભાને પામે છે. આથી અધિક અમે શું કહીએ? (૮)

जन्मवानस्मि धन्योऽस्मि, कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्गुणग्राम,–रामणीयकलम्पटः ॥९॥

હે નાથ( આપના ગુણ સમૂહની રમણીક્તામાં હું વારંવાર લંપટ (તન્મય) થયો છું, તેથી મારો જન્મ સફળ છે, હું ધન્ય છું અને કૃતકૃત્ય છું. (૯)

# પ્રકાશ–સોલમો

—o—

त्वन्मतामृतपानोत्था, इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ !, परमानन्दसम्पदम् ॥१॥

હે નાથ! એક તરફ આપના આગમરૂપી અમૃ-

તના પાનથી ઉત્પન્ન થયેલા ઉપશમ રસના તરંગો મને મોક્ષની સમ્પદાને બળાત્કારે પ્રાપ્ત કરાવે છે. (૧)

**इतश्चानादिसंस्कार,—मूर्च्छितो मूर्च्छयत्यलम् ।**
**रागोरगविषावेगो, हताशः करवाणि किम् ? ॥२॥**

તથા બીજી તરફ અનાદિ કાળના સંસ્કારથી ઉત્પન્ન થયેલો રાગરૂપી ઉરગ-સર્પના વિષનો વેગ મને અત્યંત મૂર્છા પમાડે છે-મોહિત કરી દે છે. હણાઈ ગયેલી આશાવાળો એવો હું શું કરૂં? (૨)

**रागाहिगरलाघ्रातो,ऽकार्षं यत्कर्मवैशसम् ।**
**तद्वक्तुमप्यशक्तोऽस्मि, धिग्मे प्रच्छन्नपापताम् ॥३॥**

હે નાથ! રાગરૂપી સર્પના વિષથી વ્યાપ્ત થયેલા મેં જે અયોગ્ય કાર્યો કર્યાં છે, તે કહેવાને માટે પણ હું સમર્થ નથી. માટે મારા પ્રચ્છન્ન પાપીપણાને ધિક્કાર હો! (૩)

**क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।**
**मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ॥४॥**

હે પ્રભુ! હું ક્ષણવાર સંસારના સુખમાં આસક્ત થયો છું, તો ક્ષણવાર તે સુખના વિપાકનો

વિચાર કરવા વડે વિરક્ત થયો છું, ક્ષણવાર ક્રોધી થયો છું, તો ક્ષણવાર ક્ષમાવાન્ થયો છું. આવા પ્રકારની ચપળતાવાળી ક્રીડાઓ વડેજ મોહાદિ મદારીઓએ મને વાંદરાની જેમ નચાવ્યો છે. (૪)

प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ !, शिरसि ज्वालितोऽनलः ॥५॥

હે નાથ! આપનો ધર્મ પામ્યા છતાં મન વચન અને કાયાના વ્યાપારોવડે ઉત્પન્ન થયેલી દુષ્ટ ચેષ્ટાઓવડે મેં મારા મસ્તકપર ખરેખર! અગ્નિ સળગાવ્યો છે. (૫)

त्वय्यपि त्रातरि त्रात,–र्यन्मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियते, हताशो हा ! हतोऽस्मि तत् ॥६॥

હે રક્ષક! આપ રક્ષણ કરનાર વિદ્યમાન છતાં મોહાદિ ચોરો મારાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નો હરણ કરી જાય છે, તેથી હા! હતાશ એવો હું હણાઈ ગયો છું. (૬)

भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः ।
तत्त्वाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ! तारय तारय ॥७॥

હું ઘણા તીર્થોમાં ભટક્યો છું પરન્તુ તે સર્વમાં

મેં આપને જ એક તારક તરીકે જોયા છે. તે કારણે હું આપનાજ ચરણોને વિષે વળગ્યો છું, માટે હે નાથ! આપ કૃપા કરીને મને તારો, તારો. (૭)

भवत्प्रसादेनैवाह,—मियतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ॥८॥

હે નાથ! આપની મહેરબાનીથીજ હું આટલી ભૂમિકાને—આપની સેવાની યોગ્યતાને પામ્યો છું, માટે હવે ઉદાસીનપણાવડે ઉપેક્ષા કરવી આપને યોગ્ય નથી (૮)

ज्ञाता तात ! त्वमेवैक,—स्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्र,—मेधि यत्कृत्यकर्मठः ॥९॥

હે તાત! આપજ એક જ્ઞાતા છો. આપનાથી અધિક બીજો કોઈ દયાળુ નથી અને મારાથી અધિક બીજો કોઈ દયાપાત્ર નથી. કરવાલાયક કાર્યમાં આપ કુશળ છો. તેથી જે કરવા યોગ્ય હોય તે કરવામાં આપ તત્પર થાઓ. (૯)

卐

# પ્રકાશ–સતરમો.

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥१॥

હે નાથ! કરેલા દુષ્કૃતની ગર્હા કરતો. અને કરેલા સુકૃતની અનુમોદના કરતો, અન્યના શરણથી રહિત એવો હું, આપના ચરણોના શરણને અંગીકાર કરૂં છું. (૧)

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूया,–दपुनःक्रिययान्वितम् ॥२॥

હે ભગવન્! કરવા, કરાવવા અને અનુમોદવા વડે મનવચનકાયાથી થયેલા પાપને વિષે જે દુષ્કૃત લાગ્યું હોય, તે આપના પ્રભાવવડે ફરીવાર નહિ કરવાની પ્રતિજ્ઞાપૂર્વક મારૂં તે દુષ્કૃત મિથ્યા થાઓ. (૨)

यत्कृतं सुकृतं किञ्चिद्, रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥३॥

હે નાથ! રત્નત્રયીના માર્ગને માત્ર અનુસરવાવાળું એવું પણ જે કાંઈ સુકૃત મેં કર્યું હોય, તે સર્વની હું અનુમોદના કરૂં છું. (૩)

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥४॥

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને વિષે જે જે અરિહંતપણું, સિદ્ધપણું, પંચાચારના પાલનમાં પ્રવીણપણું, સૂત્રોનું ઉપદેશકપણું અને રત્નત્રયીનું સાધકપણું વિગેરે જે જે ગુણો છે તે તે સર્વ ગુણોની હું અનુમોદના કરૂં છું. (૪)

त्वां त्वत्फलभूतान् सिद्धां-स्त्वच्छासनरतान्मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥५॥

હે ભગવન્! ભાવ અરિહંત એવા આપનું, આપના ફલભૂત (અરિહંતોનું ફળ સિદ્ધ છે) સર્વ કર્મથી મુક્ત થયેલા અને લોકના અગ્ર ભાગ ઉપર રહેલા સિદ્ધ ભગવંતોનું, આપના શાસનમાં રક્ત થયેલા મુનિવરોનું અને આપના શાસનનું શરણ મેં ભાવથી સ્વીકાર્યું છે. (૫)

क्षमयामि सर्वान्सत्त्वान्सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥६॥

હે નાથ! સર્વ પ્રાણીઓને હું ખમાવું છું-ક્ષમા આપું છું. સર્વ પ્રાણીઓ મને ખમાવો-મારા

ઉપરની કલુષતાને તજીને ક્ષમા આપો. આપનાજ એક શરણને પ્રાપ્ત થયેલા મને તે સર્વને વિષે મૈત્રી–મિત્રભાવ–હિતબુદ્ધિ હો. (૬)

**एकोऽहं नास्ति मे कश्चिन्, न चाहमपि कस्यचित् ।**
**त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ॥७॥**

હે નાથ! હું એકલો છું, મારૂં કોઈ નથી અને હું પણ કોઈનો નથી, છતાં પણ આપના ચરણના શરણમાં રહેલા મને કાંઈ પણ દીનતા નથી. (૭)

**यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।**
**तावन्मयि शरण्यत्वं, मा मुञ्चः शरणं श्रिते ॥८॥**

હે વિશ્વ વત્સલ! આપના પ્રભાવથી મળનારી ઉત્કૃષ્ટ પદવી–મુક્તિસ્થાન મને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપના શરણે આવેલા મારા ઉપર શરણ્ય-પણાને–શરણને ઉચિત પાલકપણાને મૂકશો નહિ. (૮)

## પ્રકાશ–અઢારમો.

**न परं नाम मृद्वेव, कठोरमपि किञ्चन ।**
**विशेषज्ञाय विज्ञप्यं, स्वामिने स्वान्तशुद्धये ॥१॥**

કેવળ કોમળ વચનથીજ નહિ કિન્તુ વિશેષજ્ઞ–

એકાન્ત હિતકર એવા સ્વામીને અંતઃકરણની શુદ્ધિ માટે કાંઇ કઠોર વચનથી પણ વિનંતિ કરવી જોઈએ.(૧)

**न पक्षिपशुसिंहादि,—वाहनासीनविग्रहः ।**
**न नेत्रगात्रवक्त्रादि,—विकारविकृताकृतिः ॥२॥**

હે સ્વામિન! લૌકિક દેવની જેમ આપનું શરીર હંસ ગરૂડાદિ પક્ષી, છાગ વૃષભાદિ પશુ અને સિંહ વ્યાઘ્રાદિ જાનવરોરૂપી વાહન ઉપર આરૂઢ થયેલું નથી. તેમજ આપની આકૃતિ પણ તે દેવોની જેમ નેત્ર-લોચન, ગાત્ર-શરીર અને વક્ત્ર-મુખ-દિના વિકારોવડે વિકૃત થયેલી નથી. (૨)

**न शूलचापचक्रादि,—शस्त्राङ्ककरपल्लवः ।**
**नाङ्गनाकमनीयाङ्ग,—परिष्वङ्गपरायणः ॥३॥**

હે નાથ! અન્ય દેવોની જેમ આપના હસ્ત-પલ્લવ ત્રિશૂલ, ધનુષ, અને ચક્રાદિ શસ્ત્રોથી ચિહ્નિત થયા નથી તેમજ આપનો ઉત્સંગ-ખોળો સ્ત્રીઓના મનોહર અંગને આલિંગન કરવામાં તત્પર બન્યો નથી.

**न गर्हणीयचरित,—प्रकम्पितमहाजनः ।**
**न प्रकोपप्रसादादि,—विडम्बितनरामरः ॥४॥**

હે નાથ! અન્ય દેવોની જેમ નિન્દનીય

ચરિત્રવડે આપે મહાજન-ઉત્તમ પુરૂષોને કંપાયમાન કર્યા નથી. તેમજ પ્રકોપ-ક્રોધ અને પ્રસાદ-કૃપાવડે આપે દેવ અને મનુષ્યોને વિડમ્બિત કર્યા નથી. (૪)

**न जगज्जननस्थेम,-विनाश विहितादरः ।**
**न लास्यहास्यगीतादि,-विप्लवोपप्लुतस्थितिः ॥५॥**

હે નાથ! અન્ય દેવોની જેમ જગતને ઉત્પન્ન કરવામાં, સ્થિર કરવામાં કે વિનાશ કરવામાં આપે આદર બતાવ્યો નથી તેમજ નટ-વિટને ઉચિત નૃત્ય, હાસ્ય અને ગીતાદિ ચેષ્ટાઓવડે આપે આપની સ્થિતિને ઉપદ્રવવાળી કરી નથી. (૫)

**तदेवं सर्वदेवेभ्यः, सर्वथा त्वं विलक्षणः ।**
**देवत्वेन प्रतिष्ठाप्यः, कथं नाम परीक्षकैः ? ॥६॥**

તે કારણથી હે ભગવન્! એ રીતે આપ સર્વ દેવોથી સર્વ પ્રકારે વિલક્ષણ-વિપરીત લક્ષણવાળા છો, તેથી પરીક્ષક લોકોએ આપને દેવ તરીકે કેવી રીતે સ્થાપન કરવા ? (૬)

**अनुश्रोतः सरत्पर्ण-तृणकाष्ठादियुक्तिमत् ।**
**प्रतिश्रोतः श्रयद्वस्तु, कया युक्त्या प्रतीयताम् ॥७॥**

હે નાથ ! પર્ણ-પાંદડા, તૃણ-ઘાસ અને કાષ્ઠાદિ

અન્ય વસ્તુઓ પ્રાણીના પ્રવાહને અનુકૂલ ચાલે, તે વાત યુક્તિવાળી છે કિન્તુ પ્રવાહને પ્રતિકૂલ ચાલે, એ વાત કયી યુક્તિવડે નિશ્ચિત કરવી ? (૭)

**अथवाऽलं मन्दबुद्धि,—परीक्षकपरीक्षणैः ।**
**ममापि कृतमेतेन, वैयात्येन जगत्प्रभो ? ॥८॥**

અથવા હે જગત્પ્રભુ! મંદ બુદ્ધિવાળા પરીક્ષકની પરીક્ષાઓવડે સર્યું. તેમજ મારે પણ આ જાતિની પરીક્ષા કરવાના વૈયાત્ય—હઠાગ્રહવડે સર્યું. (૮)

**यदेव सर्वसंसारि,—जन्तुरूपविलक्षणम् ।**
**परीक्षन्तां कृतधियस्तदेव तव लक्षणम् ॥९॥**

હે સ્વામિન્! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કાંઈ વિલક્ષણ સ્વરૂપ આ જગતમાં પ્રતીત થાય, તેજ આપનું લક્ષણ છે, એમ બુદ્ધિમાન પુરૂષો પરીક્ષા કરો. (૯)

**क्रोधलोभभयाक्रान्तं, जगदस्माद्विलक्षणः ।**
**न गोचरो मृदुधियां, वीतराग! कथञ्चन ॥१०॥**

હે વીતરાગ! આ જગત ક્રોધ, લોભ અને ભયથી આક્રાન્ત--વ્યાપ્ત છે, જ્યારે આપ ક્રોધાદિથ

રહિત હોવાના કારણે વિલક્ષણ છો. તેથી મૃદુ-કોમલ મંદ બુદ્ધિવાળા બહિર્મુખ પુરૂષોને આપ કોઈ પણ પ્રકારે ગોચર-પ્રત્યક્ષ થઈ શકતા નથી. (૧૦)

## પ્રકાશ—ઓગણીસમો.

तव चेतसि वर्तेऽह,—मिति वार्त्तापि दुर्लभा ।
मच्चित्ते वर्त्तसे चेत्त्व,—मलमन्येन केनचित् ॥१॥

હે નાથ! લોકોત્તર ચરિત્રવાળા આપના ચિત્તને વિષે હું રહું, એ તો અસંભવિત છે પરન્તુ મારા ચિત્તને વિષે આપ રહો, એ બનવા જોગ છે અને જો એમ બને તો મારે બીજા કોઈ મનોરથ કરવાની જરૂરજ રહેતી નથી. (૧)

निगृह्य कोपतः कांश्चित्, कांश्चित्तुष्टयाऽनुगृह्य च ।
प्रतार्यन्ते मृदुधियः, प्रलम्भनपरैः परैः ॥२॥

હે નાથ! ઠગવામાં તત્પર એવા અન્ય દેવો મુગ્ધ બુદ્ધિવાળા કેટલાકને કોપથી-શાપાદિ આપવાથી અને કેટલાકને પ્રસાદથી-વરદાનાદિ આપવાથી ઠગે છે. પરન્તુ આપ જેના ચિત્તમાં રહ્યા હો, તે મનુષ્યો તેવા કુદેવોથી કદી ઠગાતા નથી અને તેથી

કરીને આપ મારા ચિત્તમાં રહો, તો હું કૃતકૃત્યજ છું.

**अप्रसन्नात्कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ? ।**
**चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ? ॥३॥**

હે નાથ! કદી પણ પ્રસન્ન નહિ થનારા એવા આપની પાસેથી ફળ કેવી રીતે મેળવવું? એમ કહેવું એ અસંગત છે. કારણકે ચિંતામણિ રત્નાદિ વિશિષ્ટ ચેતના રહિત હોવા છતાં શું ફળીભૂત થતા નથી? અવશ્ય થાય છે. (વિશિષ્ટ ચેતના રહિત ચિંતામણિ આદિ પોતે કોઈના ઉપર પ્રસન્ન નથી થતા છતાં વિધિપૂર્વક તેની આરાધના કરનારને ફળ પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે વીતરાગ પરમાત્માની વિધિપૂર્વક આરાધના કરનારને અવશ્ય ફળ પ્રાપ્ત થાય છે.) (૩)

**वीतराग ! संपर्यातस्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥४॥**

હે વીતરાગ! આપની પૂજા કરતાં પણ આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કારણ કે-આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસારને માટે થાય છે. (૪)

---

१ सपर्यायास्तवाज्ञापालनं ।

आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ॥५॥

આપની આ આજ્ઞા સદા કાળ હેયોપાદેયને વિષય કરનારી છે. અને તે એ છે કે-આશ્રવ એ સર્વ પ્રકારે હેય-ત્યાગ કરવાલાયક છે અને સંવર એ સર્વ પ્રકારે ઉપાદેય-અંગીકાર કરવાલાયક છે. (૫)

आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टि—रन्यदस्याः प्रपञ्चनम् ॥६॥

આશ્રવ એ ભવનો હેતુ છે અને સંવર એ મોક્ષનું કારણ છે. શ્રીઅરિહંત દેવોના ઉપદેશનું આ સંક્ષિપ્ત રહસ્યછે. બીજો સર્વ એનોવિસ્તાર છે. (૬)

इत्याज्ञाराधनपरा, अनन्ताः परिनिर्वृत्ताः ।
निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथाऽपरे ॥७॥

એ રીતની આજ્ઞાનું આરાધના કરવામાં તત્પર એવા અનંત આત્માઓ નિર્વાણને પામ્યા છે. બીજા કેટલાક કોઈ ઠેકાણે પામે છે અને બીજા અનંતા ભવિષ્યમાં પામશે. (૭)

हित्वा प्रसादनादैन्य—मेकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते, जन्मिनः कर्मपञ्जरात् ॥८॥

હે વિશ્વેશ! જગતમાં એમ કહેવાય છે કે સ્વામિની પ્રસન્નતા હોય તો ફળની પ્રાપ્તિ થાય છે પરંતુ એ વાત ચિંતામણિના દ્દષ્ટાન્તથી અસંગતછે. આજ પ્રકાશના ત્રીજા શ્લોકમાં એ સિદ્ધ કરી બતાવ્યું છે. માટે પ્રસન્નતા લક્ષણ દીનતાનો ત્યાગ કરીને નિષ્કપટપણે આપની આજ્ઞાનું આરાધન કરવા વડે ભવ્ય પ્રાણીઓ કર્મરૂપી પાંજરામાંથી સર્વથા મુક્ત બને છે. એ કારણે આપની આજ્ઞાની આરાધના કરવી એજ એક મુક્તિનો શ્રેષ્ઠ ઉપાય છે. (૮)

# પ્રકાશ—વીસમો.

पादपीठलुठन्मूर्ध्नि, मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्य—परमाणुकणोपमम् ॥१॥

આપના પાદપીઠમાં મસ્તકને નમાવતા મારા લલાટને વિષે પુણ્યના પરમાણુના કણીયા સમાન આપના ચરણની રજ ચિરકાલ રહો. (૧)

मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात्क्षालयतां मलम् ॥२॥

આપના મુખમાં આસક્ત થયેલાં મારાં નેત્રો

પૂર્વે અપ્રેક્ષ્ય વસ્તુઓને જોવાથી ઉત્પન્ન થયેલા પાપ-મલને ક્ષણવારમાં હર્ષાશ્રુના જલની ઉર્મિઓ-તરંગો-વડે ધોઈ નાંખો. (૨)

**त्वत्पुरो लुठनैर्भूयान् मद्भालस्य तपस्विनः ।**
**कृतासेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ॥३॥**

હે પ્રભુ! ઉપાસના માટે અયોગ્ય એવા હરી-હરાદિને પ્રણામ કરવાવાળા અને ત્રણ જગતને સેવ્ય એવા આપની ઉપાસના વડે વંચિત રહેવાથી કરુણા-સ્પદ બનેલા, મારા આ લલાટને, આપની આગળ આળોટાવવાથી-નમાવવાથી તેના ઉપર પડેલી ક્ષતની શ્રેણિજ પ્રાયશ્ચિતરૂપ થાઓ. (૩)

**मम त्वद्दर्शनोद्भूताश्चिरं रोमाञ्चकण्टकाः ।**
**नुदन्तां चिरकालोत्था,–मसद्दर्शनवासनाम् ॥४॥**

હે નિર્મમશિરોમણિ! આપના દર્શનથી મને ચિરકાલ સુધી ઉત્પન્ન થયેલા રોમાંચરૂપી કંટકો દીર્ઘ કાલથી ઉત્પન્ન થયેલી કુશાસનની દુર્વાસનાનો અત્યંત નાશ કરો. (૪)

**त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।**
**मदीयैर्लोचनाम्भोजैः, प्राप्यतां निर्निमेषता ॥५॥**

હે નાથ! અમૃત સમાન આપના મુખની કાન્તિરૂપી ચંદ્ર જ્યોત્સ્નાનું પાન કરવાથી મારા નેત્રરૂપી કમળો નિર્નિમેષતાને પામો. (૫)

त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ॥६॥

હે નાથ! મારાં બે નેત્રો આપના મુખને જોવામાં સદા લાલસાવાળા બનો. મારા બે હાથ આપની પૂજા કરવામાં સર્વદા તત્પર બનો. અને મારા બે કાન આપના ગુણોનું શ્રવણ કરવામાં હંમેશાં ઉદ્યુક્ત રહો. (૬)

कुण्ठापि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ? ॥७॥

હે પ્રભુ? કુંઠિત-અતીક્ષ્ણ એવી પણ મારી આ વાણી આપના ગુણોનું ગ્રહણ કરવા પ્રત્યે ઉત્કંઠિત હોય, તો તેનું કલ્યાણ થાઓ. તે સિવાય અન્ય વાણી વડે શું? (૭)

तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥८॥

હે નાથ! હું આપનો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું અને કિંકર છું માટે 'આ મારો છે' એ પ્રમાણે આપ સ્વીકાર કરો. આથી અધિક હું કાંઈ કહેતો નથી. (૮)

**श्रीहेमचन्द्रप्रभवाद्–वीतरागस्तवादितः।**
**कुमारपाल–भूपालः, प्राप्नोतु फलमीप्सितम् ॥९॥**

**શ્રી હેમચંદ્રસુરીશ્વરે** રચેલા આ **શ્રી વીતરાગ સ્તોત્રથી શ્રીકુમારપાલભૂપાલ** મુક્તિ કર્મક્ષય લક્ષણ અભીપ્સિત ફલને પ્રાપ્ત કરો. (૯)

卐